Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાલય.
ગામ.

ॐ

॥ श्री सुखसागर गुरुभ्यो नमः ॥

# ગીત રત્નાવળિ.

કર્ત્તા,
પંન્યાસ અજીતસાગરજી ગણિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

॥ श्री वीतरागाय नमः ॥

# ગીત રત્નાવળિ.

કર્ત્તા,

પ્રસિદ્ધ વક્તા પંન્યાસ અજીતસાગરજી ગણિ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

श्री जैन श्वेताम्बर मूर्तिपूजक मंडळ,

તરફથી મથુરાદાસ છગનલાલ શાહ.

प्रांतीज.

વીર સંવત્ ૨૪૪૬. પ્રથમાવૃત્તિ. પ્રત ૫૦૦. સને ૧૯૨૦.

કિંમત ૦-૪-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાન્તિવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં વકીલ ઈશ્વરલાલ કેશવલાલ
તથા માણેકલાલ માધવજીએ છાપ્યું.
ઢીંકવા ચોકી—અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રસ્તાવના.

પ્રસિદ્ધ વક્તા પંન્યાસ અજીતસાગરજી ગણિનું ચાતુર્માસ સંઘના અત્યાગ્રહથી સં. ૧૯૭૩ ની સાલમાં અત્રે થતાં તેમનાં કેટલાંક છુટાં છવાયાં પદો–કાવ્યો વાંચવાનો અમને સુયોગ પ્રાપ્ત થયો. વાંચતાં અમને એમ લાગ્યું કે આ પદોકાવ્યોનો સંગ્રહ કરી જનસમાજ સમક્ષ મૂકવામાં આવે તો વધારે લાભદાયક થઈ પડે, તેથી અમે તે સંગ્રહ છપાવવા માટે મહારાજશ્રી પાસે માગણી કરી. તેઓશ્રીએ વિના સંકોચે તે માગણીનો સ્વિકાર કર્યો, જેથી અમે તે અમૂલ્ય સંગ્રહ આ નાનકડા પુસ્તક દ્વારા વાંચકવર્ગ સમક્ષ રજુ કરવા શક્તિમાન થયા છીએ.

કવિવર્ગ હૃદયના ભાવોને કાવ્યોદ્વારા પ્રદર્શિત કરે છે. કાવ્યમાં પણ બે ભેદ છે. વર્ણમેળ તથા માત્રાબદ્ધ છંદો અર્થાત્ પિંગળને અનુસરીને લખાયેલાં કાવ્યો, એ પ્રથમ પ્રકાર છે. અને બીજા પ્રકારમાં રાગ રાગણીમાં ભજન કીર્તનો, ઠુમરીઓ, નાટકીય રાગો, ગાયનની ધૂનો અને ગઝલો વગેરેનો સમાવેશ થાય છે. દેશની ચાલુ સ્થિતિ તથા જન સમાજની વિચારણાઓને અવલોકતાં પહેલા પ્રકાર કરતાં બીજા પ્રકારને અનુસરીને લખાયેલાં કાવ્યો–પદો વધારે ઉપયોગી છે એમ અમારૂં માનવું છે. હાલના કેળવાયેલ વર્ગમાં પણ ઘણોખરો ભાગ પિંગળના જ્ઞાન ઉપરાંત રસ અલંકારના જ્ઞાનથી પણ અજ્ઞાત હોય છે જેથી તેઓને પ્રથમ પ્રકારના પદ્યની અંદર રસ ન માલુમ પડે એ સ્વાભાવિક છે.

આ પુસ્તકમાંના મોટા ભાગના પદો જુના પદોના રાગને અનુસરીનેજ લખાયેલાં છે. ભાષા ઘણીજ સાદી તથા સરળ છે. ભાષાની કિલષ્ટતા ભાગ્યેજ કોઇ સ્થળે જોવામાં આવે છે; આથી કરીને સર્વ કોઇ સહેલાઇથી તે વાંચી અને સમજી શકે છે. આમાંના ઘણાંખરાં કાવ્યો સ્ત્રીઓ ગાઇ શકે તેવા રાગમાં અને તદ્દન સાદી ભાષામાં લખાયેલાં હોઈ, આ નાનું પુસ્તક તેઓને પણ ઉપયોગી છે.

આમાંનાં દરેક પદ ધાર્મિક લક્ષ્યબિન્દુથી લખાયેલાં હોઇ, તેની અંદર વૈરાગ્ય રસનું પ્રાધાન્ય જોવામાં આવે છે, છતાં કેટલાંક પદો વાંચક વર્ગને પ્રથમ વાંચને શૃંગારિક ભાવોવાળાં લાગશે પણ ખરી રીતે તે પદો તેવાં નથી. એ પદો અધ્યાત્મશૈલીથી રચાએલાં હોઇ તેની અંદર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધ્યાત્મિક ભાવોને પુષ્ટિમળે એવા વિચારોનુંજ કથન કરવામાં આવ્યું છે. શ્રીમદ્ આનંદઘનજી, ચિદાનંદજી અને યશોવિજયજી ઉપાધ્યાય આદિ મહાત્માઓનાં લખેલાં આવાં ઘણા પદો આપણા વાંચવામાં આવ્યાં છે. ઉક્ત મહાત્માઓએ એ પદોની અંદર આત્માને પતિની ઉપમા અને સમતાને પત્નિની ઉપમા આપી અધ્યાત્મિક પ્રેમોદ્‌ગારો તેને પાત્રોદ્વારા બહાર કાઢયા છે. મહારાજશ્રીએ પણ આ પદો લખવામાં ઉપરોક્ત મહાત્માઓની પદો લખવાની રીતિનું અનુકરણ કર્યું છે.

નિશદિન જોઉં તારી વાટડી, ઘેરે આવોરે ઢોલા;
મુજ સરિખા તુજ લાખ હૈ, મેરે તુંહી અમોલા. નિશ૦ ૧

જવહરી મોલ કરે લાલકા, મેરા લાલ અમોલા;
જયાંકે પટંતર કો નહીં, ઉસકા કયા મોલા. નિશ૦ ૨

... ... ... ...

મિત્ત વિવેક વાતેં કહૈ, સુમતા સુનિ બોલા;
આનંદઘન પ્રભુ આવશે, સેજડી રંગરોલા. નિશ૦ ૫

(आनंदघनजी.)

તથા

વારોરે કોઈ પરઘર રમવાનો ઢાલ,
ન્હાની વહુને પરઘર રમવાનો ઢાલ.
પરઘર રમતાં થઇ જૂઠાબોલી, દે છે ધણીજીને આલ. વારો૦ ૧

... ... ... ...

બાઇરે પડોસણ જુઓને લગારેક, ફોકટ ખાશે ગાલ;
આનંદઘન પ્રભુ રંગે રમતાં, ગોરે ગાલ ઝબૂકેઝાલ. વારો૦ ૩

(आनंदघनजी.)

વળી કેટલીક જગ્યાએ પદોમાં અલંકાર અને ઉપમા બરાબર આબેહુબ હોઈ વિષયનો ચિતાર આપણી સમક્ષ ખડો થાય છે.

ક્રૂર ભયંકર ક્રોધ ભોમીએ, છીનવ્યો શાન્તિદેશ;
દસ કસવતી પૃથ્વી છે જેની, તેના તમો નરેશ.
જ્ઞાન ખડ્‌ગ લઈ કર મધ્યે, કરો શત્રુના ભોગ;
સ્વાત્મજ્ઞાનની સાહેરે, અજીત દુઃખ સિન્ધુનેતરો.

(मनवा राजाने प्रबोध.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી

ગુરૂકરૂણાનું વરસે વારિધણું, ભૂમિ અન્તર કેરી ભીંજાણી,
સરસ સોહાણી; વ્હાલી વર્ષાઋતુ.
ચમકે વિજળી સ્મરણરૂપ સર્વદા, હરખે સાત્વિકવૃત્તિ મયૂર,
રટે છે મધુર; વ્હાલી વર્ષાઋતુ.

( अध्यात्म वर्षाऋतु. )

નિચેની લીટીઓમાં પદલાલિત્ય પણ સારૂ છેઃ—
પગલાં ભરે કુંકુંમ ભર્યાં, તું હેત સાથે બ્હેન જ્યાં;
તેનેજ નૌતમ નરભવે, મળતું સદૈવ સુચેન ત્યાં.

( शान्तिबेनने आमंत्रण. )

ઘણાં ખરાં કાવ્યો–પદોમાં વર્ણાનુપ્રાસનો (alliteration) પણ ઉપયોગ થયેલો જોવામાં આવે છે. આવો ઉપયોગ જે જે પંક્તિઓમાં થયો છે તે તે પંક્તિઓ વાંચકના કર્ણને વધુ આલ્હાદ અર્પે છે.

મહારાજશ્રીનો ખાસ આશય વૈરાગ્ય, ભક્તિ, દયા, સત્ય, ભ્રાતૃભાવ, શીલસેવા, જ્ઞાન વગેરે ગુણોનો લાભ મેળવવા માટેનો છે અને તેવો આશય કાવ્યો વાંચતાં જણાઈ આવે છે. મનુષ્ય ભૂલને પાત્ર છે એટલે કદાપિ કોઇ જગ્યાએ ભૂલ તો હશે પણ તેને બાજુપર મૂકી એમાં જે ગ્રહણ કરવા યોગ્ય છે તે બુદ્ધિપૂર્વક વાંચી, વિચારી, વર્તનમાં મૂકવા થોડા પણ વાંચકો પ્રયત્ન કરશે તો લેખક તથા પ્રકાશકનો પ્રયાસ સફળ થયો છે એમ અમે માનીશું.

અંતિમમાં આ પુસ્તકમાં છાપાકામને લઇને તથા પ્રુફ સંશોધનાદિ કાર્યમાં જે જે ભૂલો રહી ગઈ હોય તેના માટે વાંચક વર્ગ દરગુજર કરશે એમ ઇચ્છી અત્રે વિરમીએ છીએ.

ॐ शान्ति.

પ્રાંતીજ (એ. પી. રેલ્વે.)
વિક્રમાર્ક, ૧૯૭૭.
આષાઢ–શુકલપક્ષ એકાદશી.

લી.
श्री जैन श्वेताम्बर मूर्तिपूजक
मंडळ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| અનુક્રમ નં. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ | પ્રભુસ્તુતિ. ... ... ... ... ... | ૧ |
| ૨ | જય જય અંતરજામી, હૃદય મન્દિરમાં આવજેરે ... | ૨ |
| ૩ | દયાનિધિ દીનબંધુરે કુમતિ મ્હારી કાપજો ... ... | ૨ |
| ૪ | સદ્‌ગુરૂ સ્તુતિ. ... ... ... ... ... | ૩ |
| ૫ | આત્મધન ત્રયોદશી. ... ... ... ... | ૪ |
| ૬ | કાળી ચતુર્દશી. ... ... ... ... ... | ૫ |
| ૭ | દીપોત્સવ પર્વ. ... ... ... ... ... | ૬ |
| ૮ | મનવા રાજાને પ્રબોધ. ... ... ... ... | ૭ |
| ૯ | પ્રભુ ચરણમાં પ્રીતિ હજો ... ... ... ... | ૭ |
| ૧૦ | મ્હારૂં શું છે ? ... ... ... ... ... | ૮ |
| ૧૧ | મનને મનાવણી. ... ... ... ... ... | ૯ |
| ૧૨ | જીવાત્મા રૂપ વણિકને પ્રબોધ. ... ... ... | ૧૦ |
| ૧૩ | માનવ હંસને પ્રબોધના. ... ... ... ... | ૧૧ |
| ૧૪ | ક્ષણિક જગત આજ સત્ય કહ્યું માનજે રે ... ... | ૧૧ |
| ૧૫ | કહું એક વાત શુભ રીતની, સમજો શાણી ... ... | ૧૨ |
| ૧૬ | સદ્‌ગુરૂની શીતલ છાયા બેન, માટે ત્યાં મન માને છે ... | ૧૩ |
| ૧૭ | ઉપદેશ વિષે ગરબી. ... ... ... ... | ૧૪ |
| ૧૮ | ગુરૂદર્શન વિષે ગરબી. ... ... ... ... | ૧૫ |
| ૧૯ | શાન્તિબેનને આમંત્રણ. ... ... ... ... | ૧૫ |
| ૨૦ | ગુરૂદર્શન વિષે. ... ... ... ... ... | ૧૭ |
| ૨૧ | જીવ મુસાફર જંજાળી. ... ... ... ... | ૧૯ |
| ૨૨ | સખી શાન્ત સુધારસ પીજીએ ... ... ... | ૨૦ |
| ૨૩ | જગમાંહી જન્મીને જીવ ત્હેં શુ કર્યું ? ... ... | ૨૦ |
| ૨૪ | આત્માને ઉપદેશ. ... ... ... ... ... | ૨૧ |
| ૨૫ | કાળના ભય વિષે.... ... ... ... ... | ૨૨ |
| ૨૬ | આરે સંસાર અસાર છે ... ... ... ... | ૨૩ |
| ૨૭ | એવોરે દિવસ ક્યારે આવશે... ... ... ... | ૨૪ |
| ૨૮ | જાગ જાગ નર ચેતન શું ઉંઘી રહ્યો ? ... ... | ૨૫ |
| ૨૯ | હે પ્રભુ સાહ્ય કરીને આવી આ સમે... ... ... | ૨૬ |
| ૩૦ | હૃદયશુદ્ધિ. ... ... ... ... ... | ૨૮ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| અનુક્રમ નં. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૩૧ | શ્રાવકને શિખામણ. | ૩૦ |
| ૩૨ | અભયમ્. | ૩૧ |
| ૩૩ | કોયલડીને વસન્તનો સંદેશો. | ૩૩ |
| ૩૪ | પરસ્ત્રીનિષેધ વિષે. | ૩૪ |
| ૩૫ | શ્રાવિકાને શિક્ષા. | ૩૬ |
| ૩૬ | અબુધ જીવને ચેતવણી. | ૩૭ |
| ૩૭ | સુખ ક્યાં છે ? | ૩૮ |
| ૩૮ | સદ્ગુરૂ સ્તુતિ. | ૪૦ |
| ૩૯ | એક અપૂર્વ ધામ.... | ૪૧ |
| ૪૦ | સ્વાત્મસ્વરૂપ પતિને સાત્ત્વિકવૃત્તિસ્વરૂપ સુન્દરી સ્તવે છે. | ૪૨ |
| ૪૧ | ગુરૂદર્શન. | ૪૩ |
| ૪૨ | પ્રભુસાથે કર પ્રેમ હવે | ૪૪ |
| ૪૩ | ગુરૂજીને વિનતિ. | ૪૫ |
| ૪૪ | આટલી ખબર ચન્દા ગુરૂજીને કહેવી. | ૪૬ |
| ૪૫ | અધ્યાત્મ વર્ષા રૂતુ. | ૪૭ |
| ૪૬ | ૭ રૂતુઓનો એક સાથે સંઘ. | ૪૯ |
| ૪૭ | બાવા બાવારે અમો બાવા ... | ૫૦ |
| ૪૮ | સુમતિની આત્મા પ્રતિ વિનતિ. | ૫૧ |
| ૪૯ | કાયા અને આત્માનો સંવાદ.... | ૫૨ |
| ૫૦ | પ્રેમની પીડા તે જેને વીતી... | ૫૪ |
| ૫૧ | સંસારની અસારતા. | ૫૫ |
| ૫૨ | ફેશનના ફંદમાં ફસાયા | ૫૬ |
| ૫૩ | સાધનક્રિયામાં પ્રવૃત્ત જીવાત્મારૂપ યુવતિને પરમાત્મારૂપ પતિનો વિયોગ. | ૫૭ |
| ૫૪ | અરે કોઇ પ્રેમ કરો ન કરો | ૫૮ |
| ૫૫ | પૂર્ણ પ્રેમ લ્હાવ ક્યારે લૈશું ? | ૫૯ |
| ૫૬ | વ્હાજે વ્હાજેરે છેલા વ્હાજે ત્હારી બંસરીમાં ... | ૬૦ |
| ૫૭ | બ્રહ્મ ગાન વ્હાલી-મારી ગાતી | ૬૧ |
| ૫૮ | વિરહની વેદનાઓ કારી | ૬૨ |
| ૫૯ | વિભાવરીનો વિરહ. | ૬૩ |
| ૬૦ | આમંત્રણ. | ૬૪ |
| ૬૧ | બ્હેન બ્હોશમાં. | ૬૫ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| અનુક્રમ નં. | વિષય | પૃષ્ઠ. |
|---|---|---|
| ૬૨ | પાર્શ્વજીન સ્તવન. | ૬૬ |
| ૬૩ | ,, ,, | ૬૮ |
| ૬૪ | ચારૂપ. શામળા પાર્શ્વજીન સ્તવન. | ૬૯ |
| ૬૫ | સંખેશ્વરે પાર્શ્વજીન સ્તવન. | ૭૦ |
| ૬૬ | ,, | ૭૧ |
| ૬૭ | શ્રી પાર્શ્વજીન સ્તવન. | ૭૨ |
| ૬૮ | પાર્શ્વનાથ સ્તવન. | ૭૩ |
| ૬૯ | શ્રી પંચાસરા પાર્શ્વનાથ સ્તવન. | ૭૩ |
| ૭૦ | શ્રી ભટેવાજી પાર્શ્વ સ્તવન. | ૭૪ |
| ૭૧ | મલ્લીનાથ સ્તવન. | ૭૫ |
| ૭૨ | નેમનાથનું સ્તવન. | ૭૫ |
| ૭૩ | નેમજીને રાજુલની વિનતિ. | ૭૬ |
| ૭૪ | શ્રી મલ્લીજીન સ્તવન. | ૭૭ |
| ૭૫ | કડર ગઢ ઉપરના શ્રી શાન્તિનાથનું સ્તવન. | ૭૮ |
| ૭૬ | શ્રી શાન્તિજીન સ્તવન. | ૭૯ |
| ૭૭ | શીતલજીન સ્તવન. | ૮૦ |
| ૭૮ | ધર્મ જીનેશ્વર સ્તવન. | ૮૧ |
| ૭૯ | અમારી જીન્દગાની આ. | ૮૧ |
| ૮૦ | અમારૂં કર્ત્તવ્ય અને અમો. | ૮૨ |
| ૮૧ | જગતમાં આવી શું કીધું ? | ૮૩ |
| ૮૨ | જગત્સ્વરૂપ. | ૮૪ |
| ૮૩ | પ્રભુજ સત્ય છે. | ૮૫ |
| ૮૪ | વિષયસુખ. | ૮૬ |
| ૮૫ | દુન્યિાનું ક્ષણિક સ્વરૂપ. | ૮૬ |
| ૮૬ | મિત્રને સૂચના | ૮૭ |
| ૮૭ | હવે પાછા નથી વળવું. | ૮૮ |
| ૮૮ | કમલની એક કલિને ભ્રમરનો ગુંજારવ. | ૮૯ |
| ૮૯ | સન્મતિ સ્વરૂપ એક સુન્દરીને. | ૯૧ |
| ૯૦ | એક શુકને. | ૯૨ |
| ૯૧ | રોગ ગ્રસ્ત શરીરની અસ્વસ્થતા. | ૯૩ |
| ૯૨ | મૂર્તિપૂજન મહિમા. | ૯૫ |
| ૯૩ | શ્રીમદ્ બુદ્ધિસાગર ષટકમિદમ્ | ૯૬ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

अर्हम्

श्री वीतरागाय नमः

शुद्धदेव तत्त्वना दर्शक सद्गुरुना चरणकमलमां नमस्कार.

# प्रभु स्तुति.

(१)

सोरठनी ठुमरी.

( હું તો જળ ભરવાને ગઇતી જમુના ઘાટમાં રે )

જય જય પ્રેમ મૂર્ત્તિ ! પરમાત્મન્, પ્રેમ પ્રસારજોરે,
જય જય મન મોહન મહદાત્મન્ ! સ્તુતિ સ્વીકારજોરે. જય જય૦ ૧
મહાવીરછો તન મન ધન મ્હારૂં, આપ વિના કયાં અર્જ ઉચ્ચારૂં,
ધરવા ધ્યાન તમારૂં વ્હાલ વધારજોરે. જય જય૦ ૨
અનેક જાતના ભયથી ભરીયો, આ ભવ છે દુઃખ કેરો દરિયો,
એની હે મહારાજ ! લહરીઓ વારજોરે. જય જય૦ ૩
મન છે મર્કટ જેવું જણાતું, તૃષ્ણાના પુરમાંહિ તણાતું,
તુમ ગુણ ઘડી નથી ગાતું, એ ન વિસારજોરે. જય જય૦ ૪
ઉદ્ભવતા સંકલ્પ હજારો, આવે નહિ ગણતાં કંઇ આરો,
ઇત્યાદિ વિચારો પ્રભુજી વારજોરે. જય જય૦ ૫
કોટી વશા જાણું જગ કાચું, સમજાણું તુમ શરણું સાચું,
તો બીજે કયાં જાચું બાજી સુધારજોરે. જય જય૦ ૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમને એટલું આપો જીનવર, નાથ નિરંજન પ્રિય પરમેશ્વર,
અજીત શિરપર શાન્તિ દયા વિસ્તારજોરે. જય જય૦ ૭

---

## ( ૨ )

( રાગ ઉપરનો. )

જય જય અંતરજામી, હૃદય મન્દિરમાં આવજોરે,
જય જય મહાવીર સ્વામી, શાન્તિ સુધા વરસાવજોરે;
ભાવે તવ ભક્તિ નથી થાતી, વિકલ વૃત્તિઓ જ્યાં ત્યાં ધાતી,
શાન્તિ નથી સોહાતી લક્ષે લાવજોરે. જય જય૦ ૧
વળગે છે બહુ આધિ વ્યાધિ, સાધી શકું નહિ એથી સમાધિ,
ટાળી આત્મ ઉપાધિ પ્રીત પ્રગટાવજોરે. જય જય૦ ૨
યમ નિયમાદિક યોગ ન જાણું, મિથ્યા માયામાં હું માણું,
આપી અનુભવ ટાણું ભજન કરાવજોરે. જય જય૦ ૩
પંચ વિષયમાં હું પકડાણો, જુઠી જાળવિષે જકડાણો,
હવે દશ ! અકળાણો સુખ સોહાવજોરે. જય જય૦ ૪
સફલ કરો જન્મારો મ્હારો, વ્હાલમ મારી વિપત વિદારો,
અજીતનાથ તમારો સાથ નિભાવજોરે. જય જય૦ ૫

---

## ( ૩ )

( દ્વારકાંના વાસીરે અવસર વ્હેલા આવજોરે—એ રાગ )

દયાનિધિ દીનબંધુ રે કુમતિ મ્હારી કાપજો,
એ કુમતિથી થયો અતિ હેરાન, એ દુર્મતિથી ભુલ્યો પોતાનું ભાન.
દયા૦ ૧
કામ ક્રોધ મદ મોહેરે, લીધી મ્હારી લાજને,
જોઈ રહો તો જોવાય કેમ જીનેશ ? દયા૦ ૨
અભયવરદ હે ઈશ્વર રે ! શાન્તિ દિલમાં સ્થાપજો,
તમ કરૂણાએ સર્વ વિપત્તિ તજીશ. દયા૦ ૩
સુખ સિન્ધુ હે સ્વામિરે, સ્વારથીઓ સંસાર છે,
માત તાતને પુત્રાદિક પરિવાર. દયા૦ ૪
આપ ચરણ આજેથીરે, અનન્ય ભક્તિ આપજો,
મનમોહનજી વાલમ પ્રાણ આધાર. દયા૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે રીતે જીવણજીરે, પ્રસન્ન પૂરણ થાઓ છો,
તે તે રીતો સમજાવો તો સારી વાત. દયા૦ ૬
શરણાગતના સ્વામીરે, અવગુણ સર્વ ઉથાપજો,
આપ ચરણમાં સત્સુખ છે સાક્ષાત. દયા૦ ૭
ભવ અટવીમાં ભુલ્યોરે, ભટકાણો ભગવાન હે !
ભગવત્ તારૂં ભાવે ભજન નવ થાય. દયા૦ ૮
આવી અજીતના હૃદયેરે, અખંડના વાસી થજો,
પુનઃ પુનઃ હું પડું તમારા પાય. દયા૦ ૯

( ૪ )

## सद्गुरु स्तुति.

राग माढ.

( વીરા વેશ્યાના યારી ભાભી હમારી ઉભા અટારી—એ રાગ )

છોજી પ્રાણના પ્યારા, સુખ કરનારા, દુઃખ હરનારા, જ્ઞાન દાતા ગુરૂરાય,
શિરછત્ર હમારા, ગુણ તમારા, શિવ વરનારા, અજીત સાગર ગાય. ટેક
આપ ચરણરૂપ સુખદ કમલમાં લુબ્ધ થયો મન ભૃંગ,
જ્ઞાન સ્વરૂપી મધુરસ પીને ઉપજાવું પરમ ઉમંગરે;
સોહં મંત્રની ધારા, રટી રહ્યા સારા, ભય ભાગનારા, સદ્ગુરૂ
પૂર્ણ પ્રભાય. છોજી૦ ૧
સ્વાત્મ સ્વરૂપમાં છો પરિપૂરણ જાણી જણાવન હાર,
મોહ મહારણ્યમાંહિ ભટકતા જનના ઉદ્ધારનાર રે;
મારા નયનના તારા, રહો નવ ન્યારા, દુઃખહરનારા, લળી લળી
લાગું પાય. છોજી૦ ૨
દશ દિશમાંહિ સદા જયકારી કીર્તિ ધ્વજા ફરકાય,
પૂર્ણ દયાલુ કૃપાલુ ગુરૂજી દેખીને દીલ હરખાય;
બ્રહ્મચર્ય ધરનારા, સમાધિમાં સારા, દુઃખ હરનારા, સ્મરતામાં
સુખ થાય. છોજી૦ ૩
દેશ વિદેશના સજ્જનગણને આપતા આત્માનન્દ,
સંસાર તાપે તપ્ત પ્રાણિના શાન્તિદાતા જેમ ચંદ;
મારી અરજ સુણનારા, દૃષાબ્ધિના તારા, દુઃખ હરનારા, વિપત્તિ
કરતા વિદાય. છોજી૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ૪ )

અલખ નિરંજન એક અગોચર નિર્મલ આત્મ પ્રદેશ,
સમતા રૂપ સુન્દરીના સ્વામી ચિદ્દ્યન પૂર્ણ પરેશ રે;
ધ્યાન તેનું ધરનારા, મદ દળનારા, દુઃખ હરનારા, જયવન્ત
રહેજો સદાય. છાજી૦ ૫
કરગરી કહુ છું હે સદ્‌ગુરૂજી પ્રેમે થાજો પ્રસન્ન,
કોડે કોડે નિત્યે કરશું આપ તણાં દરશન રે;
હૃદયમાંહિ રહેનારા, જ્ઞાન દેનારા, દુઃખ હરનારા, આપ
વિજય વર્ત્તાય. છાજી૦ ૬

મુંબાઈ. इति शिवम्

મુનિશ્રી અજીત.

( ૫ )

# आत्मधन त्रयोदशी.

(धीरानी काफीनो राग.)

ધનતેરશને દહાડે રે, ધન્ય દિન ધન્ય ઘડી,
આડી અવળી વાડે રે, કેમ મરૂં હું માંહે પડી. એ ટેક.
ગુરૂવાણીરૂપ મહાલક્ષ્મીને, લળી લળી લાગું પાય,
અક્ષય સુખની અધિપતિ તુજ, સ્મરણ કરૂં છું સદાય;
ક્ષાયિક સુખ નવ માગું રે, સત્ સુખની દે વેલા વડી. ધન૦ ૧
ધન વૈભવ ઇત્યાદિક માંહે, લાગ્યો ક્ષાયિક ભાવ,
શ્રાવણ માસ તણાં વાદળ સમ, સઘળા વિશ્વ બનાવ;
કાયા જાણી કાચીરે, પ્રભુમાં મારી દૃષ્ટિ પડી. ધન૦ ૨
બીજી અરજ કરૂં છું પ્રેમે, મલવા શ્રી જીનરાય,
પ્રાપ્ત થવા શ્રી આત્મ પ્રભુને, સાચી કરજો સહાય;
હે ઇશ્વર! ભવ અટવી રે, રજની દિન રહ્યો રખડી. ધન૦ ૩
જીવ પશુપર પ્રેમ કરીને, રંગું પાકો રંગ,
જ્ઞાન રંગ નવ જાય કદાપી, ઉપજે ઉર ઉમંગ;
સુંદર ફરી શોભાવું રે, કાપું ભવબંધ કડી. ધન૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાચા રત્ન તણી દે સંગત, પ્રભુપદમાં દે પ્રેમ,
સાચા શાસ્ત્ર વિષે દે શ્રદ્ધા, જેમાં કુશળ ક્ષેમ;
ભગવતજીને ભજતાં રે, આળસ ઉંઘ રહે ન અડી. ધન૦ ૫
જ્યાં ત્યાંથી સદ્ગુણ શોધવજે, અવગુણનું નથી કામ,
અવગુણ જો અવલોકાવીશ તો, ઠરીશ નહિ કોઈ ઠામ;
અજીત નાથની નિત્યે રે, હૃદયે કરજે મૂર્તિ ખડી. ધન૦ ૬

( ૬ )

# काली चतुर्दशी.

( રાગ ઉપરનો )

સુખ કરતી દુ:ખ હરતી રે, આવી કાળી ચતુર્દશી,
જીનવર ત્હારી મૂર્ત્તિ રે, રહેજો મારે હૈડે વશી. એ ટેક.
નમું નમું હું નેહ કરીને, ભય હરતા ભગવાન,
વીર્ય તણી વૃદ્ધિ કરવાને, વિમલ આપ વરદાન;
સુકૃત કાંઈક કરવા રે, હિંમત ધરીએ કમર કસી. સુખ૦ ૧
અનન્ત ભવની વિપદ ભરેલી, કામના જ્યાં લય થાય,
જ્ઞાન રૂપ એ મહાકાળીને, જીવ પશુ હોમાય;
એક અચાનક એમાં રે, પ્રગટે રૂપ વિમલ વિલસી. સુખ૦ ૨
અજ્ઞાની અજ્ઞાન ભરેલા, સમજે નહિ એશાન,
જીભ વિનાના દીન જીવના, પળમાં લેછે પ્રાણ;
એથી દુ:ખમાં ડુબેરે, ફાવે તેવા ફંદે ફસી. સુખ૦ ૩
પંચ ભુતની મધ્ય બિરાજી, જપું મંત્ર જયકાર,
અર્પણ કરવું શરીર સ્હેજમાં, નથી દેહ દરકાર;
ત્રિભુવનપતિ થાવું રે, મન ? ખરવત્ ના જાજે ખશી. સુખ૦ ૪
પ્રભુ પ્રેમની કેફ પીઇને, ભુલું દુ:ખનું ભાન,
આત્મ જ્ઞાનની અલખ ખુમારી, મધ્ય રહું મસ્તાન;
અજીતનાથ અવલોકું રે, અનુભવ માંહિ વાસો વશી. સુખ૦૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૭ )

## दीपोत्सव पर्व ( દીવાળી પર્વ. )

( રાગ ઉપરનો. )

દીવાળીને ભાળીરે, આજ મને આનન્દ અતિ,
જોઉં હું જયશાળીરે, પુરણ મ્હારા પ્રાણપતિ—એ ટેક.
પરમાત્માના નામસ્મરણની, પ્રગટાવું દીપમાળ,
અંધકાર સહુ અલગો કરીને, દેખું દીન દયાળ;
પૂજું પ્રેમી પુષ્પેરે, રહે ન ખામી એક રતિ. દીવાળી૦ ૧
પછી પૂજું હું માત શારદા, ધો સાચી વિદ્યાય,
સાચી વિદ્યામાં સુખ સાચું, હૈડું જ્યાં હરખાય;
કાચીમાં સુખ કાચુંરે, મેળવવા નથી મારી મતિ. દીવાળી૦ ૨
પ્રેમે લેખ લખું હૈડાપર, પ્રથમ નમી *ગણરાય,
પ્રભુ ભક્તિના ભાવો પેખી, દીલમાં સુખ દેખાય;
અમુલ્ય લ્હાવો લેતારે, વિરલા જગના જોગી જતી. દીવાળી૦ ૩
વિધવિધ પ્રાણાયામ કરી કરૂં, નાદાનુંસંધાન,
ફટ ફટાકા કેરા ઠામે, ગાઉં અનહદ ગાન;
આગમ જાણે જ્ઞાનીરે, ગમારની ના પ્હોંચે ગતિ. દીવાળી૦ ૪
ભાત ભાતનાં કરૂં ભોજનીયાં, સાધનરૂપ સુખધામ,
પીરસું મ્હારા પ્રેમીજનને, બેસે નહિ એક દામ;
સાધન તો છે સુંદરરે, ક્ષેમ સદા ન સ્વલ્પ ક્ષતિ. દીવાળી૦ ૫
જે દિન થાય ભજન ભગવતનું, તે દીવાળી દીન,
જે દિન થાય નહિ સમરણ તે, છે દીવસ છિન્ન ભીન્ન;
અજીત પ્રભુ નોતમતારે, પ્હેલી આવી જાણી નહતી. દીવાળી૦ ૬

---

* ઇન્દ્રિયોનો અધિપતિ આત્મા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૮ )

## मनवा राजाने प्रबोध.

( રાગ ઉપરનો )

મનવાજી મહારાજારે, વિચારીને રાજ્ય કરો,
દેશ તમારા ઝાઝારે, જીતી જીતી કબજ કરો—એ ટેક
ક્રૂર ભયંકર ક્રોધ લોભીએ, છીનવ્યો શાન્તિદેશ,
રસ કસવતી પૃથ્વી છે જેની, તેના તમો નરેશ;
એ મેળવવા માટે રે, હૈડામાંહિ હામ ધરો. મનવા૦ ૧
હિંસા ચોરે લુંટી લીધો, અહિંસા કોષ અનુપ,
પૈસાવિણ પાયમાલ થયા છો, ભીખારી છો મૂલ ભૂપ;
પેઠે કેમ પાલવશેરે, લગભગ આવી પહોંચ્યો મરો. મનવા૦ ૨
સુખ દેનારી પ્યારી તમારી, નિવૃત્તિ જે નાર,
પ્રવૃત્તિના ફંદે ફસીને, ત્યાગી છે આ વાર;
જરા વિચારી જોશો રે, ટુટયો વિમલ જલનો ઝરો. મનવા૦ ૩
જપ તપ યમ નિયમાદિક સાધન, પ્રિયકર પ્રાણાયામ,
એ સર્વે પરિવાર તમારો, કીધો ફનાફુકામ;
દુઃખના છે આ દહાડા રે, રાજ્ય પ્રાપ્તિને પથ પરવરો. મનવા૦૪
મોંઘામાં મોંઘો આ માનવ જન્મ તણો છે જોગ,
જ્ઞાન ખડ્ગ લઇને કર મધ્યે, કરો શત્રુના ભોગ;
આત્મ જ્ઞાનની સ્હાયેરે, અજીત દુઃખ સિંધુ તરો. મનવા૦ ૫

મનનો બોધક મુનિ અજીતસાગર.

( ૯ )

## प्रभु चरणमां प्रीति हजो.

( રાગ ઉપરનો )

પ્યારા આત્મ પ્રભુનારે, પદમાં મારી વૃત્તિ હજો,
વિષયતણી વલ્લિકારે, બળી જળી ભસ્મ થજો—એ ટેક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખદાયી ભક્તિ હું સાધું, પ્રસન્ન થજો પરમેશ,
ભવ ભ્રમણ કીધું મ્હેં ભારી, દેખ્યા દુઃખના દેશ;
હવે પ્રભુ એમાંથી રે, નિભાવવા કર ગ્રહજો. પ્યારા૦ ૧
નેમિનાથને નમન કરૂં છું, પૂજું પારસનાથ,
શાન્તિનાથનું સ્મરણ કરૂં છું, સેવું મલ્લીનાથ;
વિનવું મહાવીર સ્વામી રે, નેહ કરીને નિભાવજો. પ્યારા૦ ૨
કરૂણા કરજો હે કરૂણાકર ! સમતા સ્ત્રીના કંથ,
વિકટ રાનમાં કાંઈ ન સૂઝે, નાવે નજરે પંથ;
દયા કરી આ દીનને રે, સિધ્ધો માર્ગ સુઝાવજો. પ્યારા૦ ૩
સિદ્ધ મુનિવર સેવિત આત્મા, આપો વિનય વિવેક,
આત્મ અનાત્મપણું જોવાને, આપી સાચી ટેક;
સદ્‌ગુણ સિંધુ ઈશ્વર રે, નજરથી ન્યારા ના થજો. પ્યારા૦ ૪
શબ્દવિષે તો હશે ભિન્નતા, લક્ષ ન જાઓ લગાર,
લક્ષવિષે લાખેણો લ્હાવો, અંતર સુખ આગાર;
અજીત વિમલની વાંચ્છા રે, સ્નેહી સજ્જન સાંભળજો. પ્યારા૦ ૫

( ૧૦ )

# મ્હારું શું છે ?

( રાગ ઉપરનો )

ચેતન ચેતી લેજે રે, શું દુનિયામાં છે ત્હારૂં,
મસ્ત થઇ માયામાં રે, માની બેઠા છે મ્હારૂં—એ ટેક.
બંધ થશે નાડીની ગાડી, બંધ થશે દશ દ્વાર,
દુનિયા દુઃખદાયી દેખાશે, પ્યારી કરશે પુકાર;
કુંવર રડે એક કોરે રે, કોઇ ન સાથે થાનારૂં. ચેતન૦ ૧
જોબન તે તો જલનો ગોટો, વીણસતાં નહિ વાર,
જાણે વિજળીનો ઝબકારો, ઝટપટ ચાલી જનાર;
પાછો નહિ વળવાનો રે, માટે કર સુકૃત સારૂં. ચેતન૦ ૨
ધન પણ કોઇ પુરૂષની પાસે, ઠરે નહિ એક ઠામ,
પાંડવ પાંચે નૃપના પુત્રો, ગયા ત્યાગી વન ધામ;
માટે ત્યાં શું મ્હોટું રે, અંદરપેટે અંધારૂં. ચેતન૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોટાં મોટાં મંદિર મૂકી, મૂકી મનહર બાગ,
માલ ખજાના મંડપ મૂકી, તજી પૈસા પોશાગ;
મોટા મોટા મહીપતિ રે, ચાલ્યા તજી વિત્તને ચારૂ. ચેતન૦ ૪
ધનને ભાળી ભરમાઇશ ના, ભરમ એજ છે ભૂલ,
ટક્યું નથી ને નથી ટકવાનું, પ્રાણાન્તે પ્રતિકૂલ;
જાવું તજી જાતે રે, સાથે નથી જાનારૂં. ચેતન૦ ૫
તનડું તે પણ કાચો ઘટ છે, ફટ દઈ ફુટી જાય,
એ રીતે ફુટી જાનારૂં, તેમાં શું તલસાય;
ત્યાંજ સુધી એ ત્હારૂં રે, ચિતામાં છે ચઢનારૂં. ચેતન૦ ૬
ખોરી ખોરી સખત ઘાવથી, ભસ્મ કરે તન ભાઈ,
સળગી જાશે સ્વલ્પ સમયમાં, સાચી નથી સગાઈ;
ફરી કદી નથી મળવું રે, કર્મસાથ સંચરનારૂં. ચેતન૦ ૭
ત્રાહ્ય ત્રાહ્ય પોકારે પ્રાણી, કીધાં નહિ શુભ કાજ,
એનાં ફળને અનુભવું છું, અરે અરે કહી આજ;
પીડા પુરણ દે છે રે, આ દુઃખ કોને ઉચ્ચારૂં. ચેતન૦ ૮
ગાડી ઘોડા લાડી વાડી, હીરા માણેક હાટ,
એ કોઇ જીવ સંગાથ ન આવે, નાવે પૃથ્વી પાટ;
અન્ત સમે સહુ અળગું રે, સ્હાય ન કોઈ કરનારૂં. ચેતન૦ ૯
જુઠા જગની સગાઈ જુઠી, જુઠો જગનો પ્રેમ,
સાચું છે નિજ આતમ શરણું, આત્મ ભજનમાં ક્ષેમ;
સમજી સાચું એવું રે, પ્રભુ ભજન કરજે પ્યારૂં. ચેતન૦ ૧૦
શ્રીમદ્ સદ્ગુરૂ કેરા જ્ઞાને, સમજ્યો સત્ય સ્વરૂપ,
અજીતસાગર થયો હવેથી, ભૂપ તણો પણ ભૂપ;
હૈડું તો હરખાયું રે, સમજી સ્વાત્મ સ્વરૂપ સારૂં. ચેતન૦ ૧૧

( ૧૧ )

## મનને મનાવણી.

સમજી લે મન સમજી લે મન, સવળી વાટે ચાલરે,
કર પ્રભુ સંગાથે પ્રીતડી, શીર કોપી રહ્યો છે કાળરે—ટેક.
આયુષ્ય એળે ચાલીયું, થયાં વર્ષ પાંચ પચાસરે,
પણ ધર્મસાધન નવ કર્યું, થવા વખત આવી ખલાસરે. સમજી૦ ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવભવ રૂપ દિવસ છે જ્યાં, તેજ સત્ય જણાયરે,
અન્ય ભવ રૂપ રાત્રિમાંહી, કારજ કાંઈ ન થાયરે. સમજી૦ ૨
જુઠા જગની જુઠી બાજી, જુઠો જગતનો પ્યારરે,
માત તાતને ભ્રાત જુઠાં, જુઠો સકલ સંસારરે. સમજી૦ ૩
શ્રાવણ માસની વાદળી, હળી મળી વળી વેરાયરે,
આ સંગ સંસારી તણો તે, દરીયે ડુબી જાયરે. સમજી૦ ૪
મારૂં મારૂં શું માને ભાઇ ? આપણું કોઇ ન થાયરે,
તજી ચાલવું છે અન્તમાં ત્યાં, કોઈ ન આવે સહાયરે. સમજી૦ ૫
પરમઘોર સ્વરૂપ જેહનું, દેખતાં ડર થાયરે,
એવે મસાણે કૈકના તન, ઉપર લાગી લ્હાયરે. સમજી૦ ૬
કરે રૂદન પરિવાર આખો, બૈરી કરે હાય હાયરે,
મિત્રો આવી મસાણ સુધી, ભસ્મ કરી ઘર જાયરે. સમજી૦ ૭
બે ત્રણ દિવસ ચાલીયા, કર્યો કારમો કકળાટરે,
વહી જતાં અતિ આંસુ આંખે, ઉર ભર્યા ઉચ્ચાટરે. સમજી૦ ૮
એથી અધિક દિન ચાલીયા, હવે થયા પાંચ છ સાતરે,
દશ પંદર વીશ પચીશ પછી થયો, માસ પણ ભલી ભાતરે. સમજી૦૯
રોવું કૂટવું બંધ કીધું, નામ પણ કર્યું બંધરે,
વર્ષ પછી તો વાત બંધજ, ચેતી લે ચિત્ત અંધરે. સમજી૦ ૧૦
કરી ક્રૂર કાર્યો મદ ભર્યાં, ભલે આણશો અભિમાનરે,
ઉઠી જાવું અન્તમાંહી, નથી રહેવાનું નિશાનરે. સમજી૦ ૧૧
ચેત ચિત્તમાં ચેત ચિત્તમાં, આતમસહ કર હેતરે,
નથી નક્કી જીવતરની ઘડી, કર કુબુદ્ધિ સાથ કુહેતરે. સમજી૦ ૧૨
સારી કરણી સાથ આવે, સાચું સ્વાત્મ સ્વરૂપરે,
અજીતસાગર સમજી ઘટમાં, આનંદ રૂપ અનૂપરે. સમજી૦ ૧૩

( ૧૨ )

## जीवात्मारुप वणिक्ने प्रबोध.

( રાગ ધનાશ્રી. )

સમજી કરો વ્યાપાર, વ્યાપારી સમજી કરો વ્યાપાર—એ ટેક.
મૂલ મૂડી તમે ખોશો નહિ જે, છે માનવ અવતાર—વ્યાપારી૦ ૧
મૂલ મૂડીનું વ્યાજ કરી લ્યો, તો પામો ભવપાર—વ્યાપારી૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તમ વસ્તુની ભરી લ્યો દુકાનો, નવનવી વિવિધપ્રકાર—વ્યાપારી૦ ૩
સંતસમાગમ માણેકમોતી, હાટક પ્રભુના ઉચ્ચાર—વ્યાપારી૦ ૪
કામ ક્રોધ એ અનાદિ પદારથ, છે દુઃખરૂપ અપાર—વ્યાપારી૦ ૫
પ્રભુ કૃપાનો ભરી લ્યો ખજાનો, એ છે અખુટ ભંડાર—વ્યાપારી૦ ૬

( ૧૩ )

# मानवहंसने प्रबोधना.

(ગરબી)

(મને મુકીને ગયો છે મારો છેલડોરે—એ રાગ.)

માનવહંસ ઉડી જાશો કયા દેશમાંરે,
તેનો ખ્યાલ જરા હાલ કરો કાં ન જરા ધ્યાન. માનવ૦ ૧
વિના સાર આ અસાર પથિકાશ્રમેરે,
આવી ચેન મધ્યરેન, મોહ કેરી છે નિદાન. માનવ૦ ૨
મધ્યરાત છે ન ભાન વિકટ પંથનુંરે,
કામ ક્રોધ મોહ મગર રહે ક્રૂર ભરપુર. માનવ૦ ૩
જરા જો વિચારી કોણ તેમાં તાહરૂંરે,
વિના સ્હાય કેમ થાય ના જવાય જ્યાં નિશાન. માનવ૦ ૪
જવા આશનો ઉલ્લાસ ખાસ ઉરમાંરે
સંત તણો ગ્રહો હાથ અજીત નાથ છે જરૂર. માનવ૦ ૫

( ૧૪ )

રાગ ઉપરનો. ( ગરબી બીજી )

ક્ષણિક જગત આજ સત્ય કહ્યું માનજોરે,
ઘરબાર દિલદાર નિજ યાર છે અસાર. ક્ષણિક૦ ૧
અન્તકાલ ઉઠી જાવું જરૂર એકલુંરે,
માને મારૂં આ તમારૂં આ નઠારૂં આમાં પ્યાર. ક્ષણિક૦ ૨
ભાસે પાણીમાં પરપોટડા નવા નવારે,
ફેદ લેઈ ફુટી જાય નવ થાય જરીવાર. ક્ષણિક૦ ૩
ઉગે રંગ નવરંગના આકાશમાંરે,
પણ એકમાં વેરાય કરો હાય ઘડીવાર. ક્ષણિક૦ ૪
મૂકી શોક કરો શોખ પ્રભુ નામનારે,
કહે અજીત અરે ભ્રાત ? સ્મરો શાન્તિ ધરી પ્યાર. ક્ષણિક૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૧૫ )

## પદ ( રાગ ગરબી ) ગહુંલી.

( જેણે ગાયા ગોવિન્દ ગુણ ધન્ય જનમ ધરી આ–એ રાગ. )

કહું એક વાત શુભ રીતની, સમજો શાણી,
સુંદર છે આતમહીતની, સમજો શાણી. ૧
કદી વદીએ જુઠાં વેણ નહિ, સમજો શાણી,
બનીએ દુઃખનાં કદી દેણ નહિ, સમજો શાણી. ૨
સ્વચ્છ સદા દિલ રાખવું, સમજો શાણી,
વળી પ્રિયકર ભાષણ ભાખવું, સમજો શાણી. ૩
કદી દુભવો નહિ પર પ્રાણને, સમજો શાણી,
ગ્રહી લેવાં સુખનાં લ્હાણને, સમજો શાણી. ૪
આતમ સરખા સહુ આતમા, સમજો શાણી,
પ્રિય કરી લેવા પરમાતમા, સમજો શાણી. ૫
પિયરે સેવા નિજ તાતની, સમજો શાણી,
માનવી આજ્ઞા વળી માતની, સમજો શાણી. ૬
મોટાને આદર આપવો, સમજો શાણી,
નહિ નીતિ પંથ ઉથાપવો, સમજો શાણી. ૭
સંપૂરણ સેવા નાથની, સમજો શાણી,
છે કર્મરેખ જે સાથની, સમજો શાણી. ૮
પતિના દુઃખમાંહિ દુઃખી થવું, સમજો શાણી,
પતિના સુખમાં સુખીયાં થવું, સમજો શાણી. ૯
ગૃહદ્વાર સાફ રાખો સદા, સમજો શાણી,
નહિ મલિનતા રાખો કદા, સમજો શાણી. ૧૦
કુલેશ કદી કરીએ નહિ, સમજો શાણી,
નિજ કુળનો વેષ તજો નહિ, સમજો શાણી. ૧૧
પિતાનું કુળ અજવાળીયે, સમજો શાણી,
અંતરના દોષો ટાળીયે, સમજો શાણી. ૧૨
અજીતસાગર મુનિ ઉચરે, સમજો શાણી,
જો પાળે તો નક્કી તરે, સમજો શાણી. ૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૧૬ )

## ગહુંલી.

( અચકો મચકો કારેલી—એ રાગ. )

સદ્‌ગુરૂની શીતલ છાયા બેન, માટે ત્યાં મન માને છે,
તન મનના તાપ બુઝાયે બેન, માટે ત્યાં મન માને છે. ૧
આતમધન ત્યાં પરખાયે બેન, માટે ત્યાં મન માને છે,
પરમાતમ રૂપ ઓળખાયે બેન, માટે ત્યાં મન માને છે. ૨
છે સત્ય માર્ગની વાતો બેન, માટે ત્યાં મન માને છે,
જ્યાં મોહશત્રુની ઘાતો બેન, માટે ત્યાં મન માને છે. ૩
છે ઉત્તમ અહિં સત્સંગ બેન, માટે ત્યાં મન માને છે,
નથી દુષ્ટ જનોની સંગત બેન, માટે ત્યાં મન માને છે. ૪
નિત્ય નવલો સ્નેહ ત્યાં ઉપજે બેન, માટે ત્યાં મન માને છે,
શાન્તિની વર્ષા વરષે બેન, માટે ત્યાં મન માને છે. ૫
નથી શોક તણું તો નામજ બેન, માટે ત્યાં મન માને છે,
દરશાવે આતમ ધામજ બેન, માટે ત્યાં મન માને છે. ૬
ઉપદેશ સરસ ત્યાં થાયે બેન, માટે ત્યાં મન માને છે,
જ્ઞાનમાર્ગનો દેશ ગવાયે બેન, માટે ત્યાં મન માને છે. ૭
છે સત્ય દીપક ત્યાં કરીયા બેન, માટે ત્યાં મન માને છે,
સત્સુખના ભરિયા દરિયા બેન, માટે ત્યાં મન માને છે. ૮
અંતર સુખના દરબારો બેન, માટે ત્યાં મન માને છે,
દેખાડે સાચાં દ્વારો બેન, માટે ત્યાં મન માને છે. ૯
મને ત્યાં વિશ્વાસ વસ્યો છે બેન, માટે ત્યાં મન માને છે,
સુણી બોધ ઉલ્લાસ વધ્યો છે બેન, માટે ત્યાં મન માને છે. ૧૦
પાપક્ષય નિશ્ચય થાયે બેન, માટે ત્યાં મન માને છે,
શ્રી પુણ્ય ઈન્દુ પ્રગટાયે બેન, માટે ત્યાં મન માને છે. ૧૧
ત્યાં હૃદયે પ્રભુજી રહેશે બેન, માટે ત્યાં મન માને છે,
અજીતસાગર જ્ઞાનજ દેશે બેન, માટે ત્યાં મન માને છે. ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૧૭ )

## उपदेशविषे गरबी.

( અલબેલી રે અંબે માત જોવાને જઇએ–એ રાગ. )

કરી ગુરૂ સંગાથે પ્રીત, પ્રભુ પંથે જઇએ;
જુઠી આ જગની રીત, ત્યાં શું હરખઇયે—એ ટેક.
જો તુજને અભિમાન હોય કે, છે સુતનો પરવારજો;
તો આ ભુંડભણી દ્રષ્ટિ કર, બાળક બાર અઢાર ત્યાં શું૦ ૧
હોય હૃદયમાં ગર્વ એમ કે, સુંદરી છે બે ચાર જો;
તો જો કુકડાને કામિનીનો, દશ પંદર શણગાર. ત્યાં શું૦ ૨
ક્રોધ કરીને જો ફુલે કે, મુજસમ ક્રોધી ન કોઇ જો;
તો આ સાણસડે પકડેલો, સર્પ દુ:ખી લે જોઇ. ત્યાં શું૦ ૩
કામીપણું જોઈ રીઝે તો, તેમાં નથી કંઇ સાર જો;
તુજ કરતાં છે અન્ય પ્રાણીમાં, વાજીકરણ અપાર. ત્યાં શું૦ ૪
રૂપ વિષે પણ રાગ કરે તો, તુજ કરતાં રૂપવાન જો;
બળી જળીને રાખ ગયા થઈ, ઘટ ધરતા ગુમાન. ત્યાં શું૦ ૫
ઘર મોટા રંગેલાં જોઇ, હૈડામાં હરખાય જો;
એ ઘર આ અવનિપર મૂકી, ચાલ્યા મહાજનરાય. ત્યાં શું૦ ૬
પરદારાપર પ્રેમ કરીને, હૃદયમાં રીઝાય જો;
રાવણ રાજા રણ રડવડીયો, એતે કયમ ભૂલાય. ત્યાં શું૦ ૭
જોબન ખીલ્યું નજરે જોઇ, મનમાંહિ મકલાય જો,
તો જો આ ઘરડી ડોશીથી, ધીમે ધીમે ન ચલાય. ત્યાં શું૦ ૮
તેને પણ એકદિન તુજ જેવો, જોબનનો ઝણકાર જો;
પ્રાપ્ત હતો પણ તાળી દઇને, જાતાં ન લાગી વાર. ત્યાં શું૦ ૯
રાત્રિ તુજ કાપે છે આયુષ્ય, દિને ઘુમે શિર કાળ જો;
ક્ષણભંગુર આ જગની માયા, અંતે છે વિકાળ. ત્યાં શું૦ ૧૦
એવું સમજી પામર જીવ તું, કર પ્રભુ સાથે પ્યાર જો;
અજીતસાગર સદ્દગુરૂ સંગે, જઇએ ભવજળ પાર. ત્યાં શું૦ ૧૧

મુંબઈ. તારીખ ૧૧–૧૧–૯૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૧૮ )

# गुरुदर्शनविषे गरबो.

( રાગ ઉપરનો. )

સખી ચાલો હરખે આજ, ગુરૂદર્શન કરીએ—એ ટેક.
દર્શન કરીએ દુઃખ વિસરીએ, સુખસિન્ધુમાં તરિયે રે;
શિવઘર વરીએ શાન્તિમાં ઠરીએ, ભવ અટવી નવ ફરીએ ગુરૂ૦૧
સદ્‌ગુરૂ તો પારસમણિ માનો, અતિ મોંઘું છે રત્ન જો;
જીવ લોહનું કનક બનાવે, કરી ઉપદેશ પ્રયત્ન. ગુરૂ૦ ૨
અનિત્ય સુખમાં નવ હરખઇયે, દુઃખીયો છે શૃંગાર જો;
એ સંગે આતમ દુઃખ પામે, સેવો ન કરી વિચાર. ગુરૂ૦ ૩
પાણીના પરપોટો જેવો, થાય ને ફુટી જાય જો;
તેવો છે આ જગનો મેળો, ભેગો થઈ વિખરાય. ગુરૂ૦ ૪
જેમ કપુરની ગોટી ખુલ્લા,—સ્થળથી ઉડી જાય જો;
એવી જગજન કેરી સગાઈ, હૈયે શું હરખાય. ગુરૂ૦ ૫
જ્ઞાન સ્વરૂપી ઔષધ લઇએ, ખપાવા ભવના રોગ જો;
અમૂલ્ય અવસર માનવભવનો, જરૂર સુંદર જોગ. ગુરૂ૦ ૬
અસંખ્ય પ્રદેશી આતમરાજા, અનન્ત સુખ ભંડાર જો;
એ સંગાથે ગોઠડી કીજે, થાયે જય જયકાર. ગુરૂ૦ ૭
સદ્‌ગુરૂનો ઘડી એક સમાગમ, છે રૂડો સત્સંગ જો;
કુમતિ દિલની દૂર કરીને, ભવનો કરતો ભંગ. ગુરૂ૦ ૮
જીન આજ્ઞાઓ બેન સમજવી, સાચી વાટે વળવાજો;
ગુરૂ સરખું નથી જગમાં કોઇ, લાગે દુઃખડાં હળવા. ગુરૂ૦ ૯
ચતુરમતિની ચાલો ચતુરા, થાઓ ઝટ તૈયાર જો;
અજીત નિજ આતમ ઓળખવા, હવે ન કરવી વાર. ગુરૂ૦૧૦

( ૧૯ )

# शान्तिबेनने आमंत्रण.

( પદ રાગ ગરબી. )

વ્હાલ કરીને વ્હાલી શાન્તિ બેન, આવ મારે ઘેર આજે,
આજે મારે ઘેર સદ્‌ગુરૂજીની કૃપાયજો;
આજે મારે ઘેર સ્નેહસિન્ધુ છલકાય જો. વ્હાલ૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્હારે માટે હું જપ તપ કરી, આરાધું સુમંત્ર સદા,
ત્હારે માટે હું પીઉં, ગુરૂઉપદેશરૂપી આજ સુધા;
ત્હારે માટે તો કરૂં, મંદિર માંહિ પ્રકાશ જો,
ત્હારે માટે હું ધરૂં, આનંદે અતિ ઉલ્લાસ જો. વ્હાલ૦ ૨
ભકિત રૂપી ભગિની તે બેન, એક મારી બીજી સખી,
ત્હારે માટે ઘેર આવી, બીરાજી મહેમાન જો;
ત્હારે માટે મેંતો અન્ય સખી સાથ અરે ! વેર કર્યાં,
મ્હારાં હૈડાં તો સખી ત્હારા સુપ્રેમનાવ માંહિ ઠર્યાં;
ત્હારે માટે તો બધો સંસાર છેક ગુરબાન જો. વ્હાલ૦ ૩

( હરિગીત )

જગમાં બીજી સખીઓ ખરી, પણ તુંજ સાચા સ્નેહની,
વળી તુંજ છે વરસાવતી, નદીઓ ખરેખર મેહની;
પગલાં ભરે કુંકુમ ભર્યાં, તું હેત સાથે બ્હેન જ્યાં,
તેનેજ નૌતમ નરભવે, મલતું સદૈવ સુચેન ત્યાં.

( ઝુલ )

ત્હારાવિના કોઇ દિલભેદી વાત કહેવા યોગ્ય નથી,
ત્હારાવિના તે કોઈ ભાવ ધરવાને વસ્તુ ભોગ્ય નથી,
ત્હારાં અમીભર્યાં અજર અમર બ્હેન દર્શ જો. વ્હાલ૦ ૪

( હરિગીત )

પૂજનીક દેવિ સમાન મ્હોટી બેનની હું બેન છું,
સ્વામી વિનાની વિશ્વમાં દુઃખીયારી દુઃખની કહેણ છું;
આનંદના મંદિર જઈ સ્થિર સ્થાપવા તું દક્ષ છે,
સંબંધ ત્હારો શર્કરા કે ઇક્ષુરસથી મીષ્ટ છે.

( ઝુલ )

હવે ત્હારો તો બ્હેની પરમ સુખદ શુભ સાથ કર્યો,
ત્હારા વિષે તો જીવ પૂર્ણ સ્નેહ સાથ આજ મ્હારો ઠર્યો;
હવે મ્હારો તો બ્હેની કરવો સફળ સંગાથ જો. વ્હાલ૦ ૫
આપણ ઉભય હે બ્હેની પ્યારી ? એક નાથ તણી વધૂ,
સૌભાગ્યવંતી હાલ તું ને, ભવિષ્યની હુંતો વધૂ;
ત્હારા સ્વામીનો મને કરાવી આપ મેળાપજો,
ત્હારી દુઃખી બ્હેન કેરૂં વચન ના ઉથાપજો. વ્હાલ૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( હરિગીત )

તુજ ચરણમાં મુજશીર આ ઝુકાવીને અર્પણ કર્યું,
બૂડાવ ભવજળ માંહિ કે ઉતાર કરજે મન ઠર્યું;
મુજને હવે ગમતી નથી આ વિશ્વની ઉપાધિઓ,
મુજને ઘડી તજતી નથી, આધિ અને વળી વ્યાધિઓ.

( ઝુલ )

આજે અજીતનાથ સાથ બ્હેની ગોઠડી કરાવી લેજે,
સ્વામી સંગાથ યોગ્ય વર્તવાની ચાવી તું બતાવી દે જે;
ભૂલીશ નહિ એથી ત્હારો કદીય ઉપકાર જો;
મારે માટે તો ઘેર એક દિવસ તું પધાર જો. વ્હાલ૦ ૭

---

( ૨૦ )

# गुरुदर्शन विषे.

( ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ. )

સદ્ગુરૂનાં દર્શન તે અતિ સોહામણાં,
કાળે હરિયે દુઃખડાં દારુણ હારજો—એ ટેક.
ચાલો બ્હેની જઈએ આપણ દર્શને,
જ્યાં સદ્ગુરૂજી આપે છે ઉપદેશ જો;
વચનામૃતના મેહુલા જ્યાં વરસી રહ્યા,
વિરતિ રૂપી વાયુ વાય વિશેષ જો. સદ્ગુરૂ૦ ૧
નિર્મળ જળના સ્નાન થકી શું થાય છે,
નિર્મળ થાયે બાહાર કેરાં અંગ જો;
પવિત્ર કરે છે અંતઃકરણ પ્રબોધથી,
શ્રી સદ્ગુરૂનો સુંદર શુભ સત્સંગ જો. સદ્ગુરૂ૦ ૨
પ્રાતઃકાલે સૂર્ય ઉદય નિત્ય થાય છે,
પ્રાણીમાત્રને આપે ઉપર પ્રકાશ જો;
સદ્ગુરૂની સત્સંગતિ રૂપી સૂર્ય તે,
કરતો મનના અંધકારનો નાશ જો. સદ્ગુરૂ૦ ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રાંબુ રૂપું સોનું મણિ માણેકની,
માત્રાઓ તો ટાળે તનના રોગ જો;
પણ સદ્‌ગુરૂના બોધ રૂપી આ ઔષધી,
મનના રોગો કાપી કરે નિરોગ જો. સદ્‌ગુરૂ૦ ૪

ગુરૂવચનામૃત અમર કરી દે પ્રાણીને,
ભવ ભટકામણ ભાગ્યાનો ઉપાય જો;
મોહ મદિરા કેરી ઘેન ટળી જવા,
એ સરખું બીજું નવ કાંઇ જણાય જો. સદ્‌ગુરૂ૦ ૫

વિષય હલાહલ મીઠે સ્વાદે ઝેર છે,
પીતાં પીતાં ઉપજે છે બહુ સ્વાદ જો;
પરિણામે હણનારૂં એ તો આત્મનું,
ગુરૂવચનામૃત આપે અમર આલ્હાદજો. સદ્‌ગુરૂ૦ ૬

અનંતકાળથી બ્હેની ! દુઃખ માથે ફરે,
જન્મ મરણ ધરતાં નવ આવે પાર જો;
ચેતન થઇને ચતુરા બ્હેની ચેતીયે,
દુઃખ હરવા ભવ તરવા નરતનુ સારજો. સદ્‌ગુરૂ૦ ૭

જીનવર પ્રભુની આજ્ઞા સુખકર જીવને,
દોષ વિનાની વાણી તણો પ્રવાહ જો;
એ પર ઉત્તમ શ્રદ્ધા કરવી આપણે,
એ પર ધરવો સંપૂરણ ઉત્સાહ જો. સદ્‌ગુરૂ૦ ૮

નિર્લોભી નિષ્કામી મુનિજિન ધર્મના,
જંગમ તીરથ કરતા જીવ ઉપકાર જો;
આગમમાં ભાખેલાં વ્રત સહુ પાળતા,
દયા કરીને કરતા વિધ્ધ વિહાર જો. સદ્‌ગુરૂ૦ ૯

અમૂલ્ય અવસરવાળો માનવ જન્મ છે,
તેમાં પણ શ્રી શ્રાવકનો અવતાર જો;
પામીને સદ્‌ગુરૂની સંગત કીજીએ,
અજીતસાગર ઉચરે છે નિરધાર જો. સદ્‌ગુરૂ૦ ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( २१ )

## "जीवमुसाफर जंजाली."–गरबी.

( અચકો મચકો કારેલી—એ રાગ. )

અહિં આવી શું સુખ પામ્યો રે? જીવ મુસાફર જંજાલી;
વળી શાં શાં દુઃખડાં વામ્યો રે? જીવ મુસાફર જંજાલી. ૧
ભગવતને ના ભજી લીધા રે, જીવ મુસાફર જંજાલી;
નવ રસ્તે ચાલ્યો સીધા રે, જીવ મુસાફર જંજાલી. ૨
પ્રભુપંથે જાતાં અટકયો રે, જીવ મુસાફર જંજાલી;
માટે ભવવનમાં ભટકયો રે, જીવ મુસાફર જંજાલી. ૩
હજી ચેત હાથ છે બાજી રે, જીવ મુસાફર જંજાલી;
રટ આતમ થઇને રાજી રે, જીવ મુસાફર જંજાલી. ૪
હજી આશા ઉર ધરે છે રે, જીવ મુસાફર જંજાલી;
કર્મો પણ દુષ્ટ કરે છે રે, જીવ મુસાફર જંજાલી. ૫
ધર્મોદય રૂપ તુજ નાણું રે, જીવ મુસાફર જંજાલી;
અન્તે ના ઉત્તમ જાણ્યું રે, જીવ મુસાફર જંજાલી. ૬
તું રક્ષા એની કરી લે રે, જીવ મુસાફર જંજાલી;
તું ધ્યાન પ્રભુનું ધરી લે રે, જીવ મુસાફર જંજાલી. ૭
કર મૈત્રી પ્રભુની સાચી રે, જીવ મુસાફર જંજાલી;
સાધુસંગે રહે રાચી રે, જીવ મુસાફર જંજાલી. ૮
રહે મોહચોરથી ડરતો રે, જીવ મુસાફર જંજાલી;
તેની યારી નવ કરતો રે, જીવ મુસાફર જંજાલી. ૯
તુજ સુખડાં એ હરી લેશે રે, જીવ મુસાફર જંજાલી;
દુઃખકૂવે નાખી દેશે રે, જીવ મુસાફર જંજાલી. ૧૦
કર ઇષ્ટ આરાધન નિત્યે રે, જીવ મુસાફર જંજાલી;
ગુરૂસંગતિ કર શુભ રીતે રે, જીવ મુસાફર જંજાલી. ૧૧
વ્હાલો કર ઉર વૈરાગ્ય રે, જીવ મુસાફર જંજાલી;
તું જાગ હવે તો જાગ રે, જીવ મુસાફર જંજાલી. ૧૨
ચેતન ચેતીને ચાલ રે, જીવ મુસાફર જંજાલી;
વળી વ્હાલમથી કર વ્હાલ રે, જીવ મુસાફર જંજાલી. ૧૩
કર ગુરૂની સંગત આજે રે, જીવ મુસાફર જંજાલી;
કહે અજીતમુનિ તુજ કાજે રે, જીવ મુસાફર જંજાલી. ૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૨૨ )

# " सखी शान्त सुधारस पीजीये. "

( ગરબી. )

લાખેણા લ્હાવો લીજીયેરે, સખી શાન્ત સુધારસ પીજીયે,
અનુભવ અમૃત સદ્‌ગુરૂ આપે, એવું એઓને જઈ કીજીયેરે-સખી૦ ૧
ભવસાગરની ભટકામણ છે, એને દેખીને નવ રીઝીયેરે-સખી૦ ૨
મોહશત્રુએ બહુદિન દુઃખ દીધાં, એના ઉપર હવે ખીજીયેરે-સખી૦ ૩
વિશ્વ સકલમાંથી વાસના ઉઠાવી, ગુરૂજીને આત્મદાન દીજીયેરે-સખી૦ ૪
ગુરૂકૃપા રૂપ વિમલ વારીથી, અંતરના ક્ષેત્રો ભીંજીયેરે-સખી૦ ૫
અજ્ઞાન લોક ભલે વિઘ્ન નાખે, એથી જરા નવ બ્હીજીયેરે-સખી૦ ૬
દુર્લભ માનવ ભવ પામીને, આત્મ પ્રભુને પીજીયેરે-સખી૦ ૭
અજીતસાગર પ્રભુ અનન્ત પ્રદેશી, વારંવાર વારણાં લીજીયેરે-સખી૦ ૮

( ૨૩ )

( ઓધવજી સંદેશો કહેજો સ્યામને—એ લય. )

જગમાંહી જન્મીને જીવ ત્હેં શું કર્યું ?
પામી મોંઘો માનવનો અવતાર જો.—જગમાંહી૦ ૧
અમૂલ્ય અવસર પામ્યો અતિશય પુણ્યથી,
કર્યું નહી કાંઈ સુકૃત આત્મ કાજ જો;
વિપદ ભરેલા વિષનું પાન કર્યા છતાં,
હસ્તે આવ્યું અમૃત કરતો ત્યાજજો.—જગમાંહી૦ ૨
મોહરૂપી મદિરા પીને તું શું સુતો,
ભર નિદ્રા ત્યાગીને આતમ, જાગ જો;
દીન પ્રાણીને દીધાં દાન નહી કંઈ,
બીજાના દુઃખમાં નવ લીધો ભાગ જો.—જગમાંહી૦ ૩
અંતરદષ્ટિ વાળી ઘડી બેઠો નહી,
દુષ્ટ વિચારો કરતાં ન વાળ્યું મન જો;
દુઃખના સાગર રૂપી આ દુનીયા વિષે,
તરવા સારૂ કરી લે તું સુભજન જો.—જગમાંહી૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તૃષ્ણા રૂપ વૈતરણી નદીમાંહી વહ્યો,
ખોળ્યા નહી તે પાર ઉતારણ હાર જો;
સદ્ગુરૂ વિના તરતાં શી રીતે આવડે,
માટે જીવડા ! કર મ્હારો ઉદ્ધારજો.—જગમાંહી૦ ૫
માતા જેવી માની નહી પરમાનિની,
બ્રહ્મચર્ય પણ પાળ્યું નહી તલભાર જો;
આ ભવમાં પણ સુખડાં તું નવ પામીયો,
પરભવ જાવા યત્ન કર્યો ન લગારજો.—જગમાંહી૦ ૬
અરે અબુધ? તું ચેત બનીશ નહિ આલસુ,
જીવનદોરીનો કશો નહી નિરધાર જો;
અજીત પ્રભુ સાથે કરી લે તું પ્રીતડી,
તેથી મ્હારા ભવની બેડલી પાર જો.—જગમાંહી૦ ૭

---

( ૨૪ )

# आत्माने उपदेश.

( ભિક્ષા દે ને રે મૈયા પીંગલા—એ રાગ. )

આતમધન ઓલખ્યા વિના, એળે જન્મારો જાયજી;
સત્સુખ તો તું પામ્યો નહી, મૂરખ મનમાં ફુલાયજી.—આતમ૦ ૧
પંખીડાં સઘળાંએ વન ફરે, ખાતાં ફળ તથા ફુલજી;
પ્રભુનું ભજન કર્યા વિના, વન વસવું એ તુલ્યજી.—આતમ૦ ૨
ચાંચ પાંખડી બંધ રાખીને, બગલાં ધરે છે ધ્યાનજી;
મનડું મોહનશું મળ્યા વિના, એવું ધ્યાન એ જાણજી.—આતમ૦ ૩
ભજવાં કરે વણ ભેદથી, વાદી કપડાંના રંગજી;
આતમ રંગ લાગ્યા વિના, સર્વે રંગ બેરંગજી.—આતમ૦ ૪
મગર પડયો રહે પાણીમાં, ક્રૂર એ નિશદીનજી;
ઇષ્ટ આરાધ્યા વિના જેવું, જળે રહેનારૂં મીનજી.—આતમ૦ ૫
પાવૈયા પાડે મોટી તાળીયો, કરે લટકાં અપારજી;
કેમ કરી આતમ સુખ મળે, આત્મદૃષ્ટિ ન લગારજી—આતમ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીણા બજાવે વનપારધી, મનગમતું ત્યાં ગાયજી;
વણ અપરાધે હરણ હરે, દુઃખજળમાં ડુબાયજી.—આતમ૦ ૭
એમ બજાવે વાજીંત્ર બહુ, કરે જુઠું ભજનજી;
ક્યાંથી આત્માની સિદ્ધિ થશે, મેલું છે બહુ મનજી.—આતમ૦ ૮
જેવું છે મન ત્હારૂં જગ વિષે, જેવો જગમાં છે પ્યારજી;
એવી લગન કર ઇશમાં, મળે સુખના ભંડારજી.—આતમ૦ ૯
ચક્રવર્તીનું જે સુખ છે, એનો પણ નાશ થાયજી;
અલખ આરાધક સાધુ તો, મોટા રાજાના રાયજી.—આતમ૦ ૧૦
કારણ એ સુખ કોઇ દિને, નથી પામતું નાશજી;
એ સુખ પામ્યા જ્યાં સુધી નહિ, ન મટે ત્યાં સુધી પ્યાસજી.—આતમ૦૧૧
અજર અમર ને આનન્દ છે, આતમ રાજાનો દેશજી;
અજીતસાગર કહે ચેતીને, ભજો ભાઈ શ્રીજીનેશજી.—આતમ૦૧૨

( ૨૫ )

# काळना जय विषे.

( ભેખરે ઉતારો રાજા ભરથરી—એ રાગ. )

ફોગટ શું ફુલાય છે, મૂર્ખા મનુષ્ય આવારજી;
મનમાંહી નક્કી માનજે, સ્વપ્નાસરખો સંસારજી.—ફોગટ૦ ૧
ઉગે છે આદિત્ય તે, અવશ્ય આથમી જાયજી;
તેમજ જન્મેલા જીવને, કાળ નિશ્ચય ખાયજી.—ફોગટ૦ ૨
ચોમાસાની લીલી ઘાસ તે, સુકાઈ જાય જરૂરજી;
એમ તારી લીલી વાડીને, જાણ આકના તૂરજી.—ફોગટ૦ ૩
ચંદ્ર ઉગ્યો ત્હારા ચોકમાં, નિર્મલ શ્વેત દેખાયજી;
સૂર્ય ઉદય થતાંની માંહી, એની કાન્તિ પલાયજી.—ફોગટ૦ ૪
એમ ત્હારો રૂડો દીપતો, વ્હાલો સર્વ વ્યવહારજી;
કાળ આવે જશે એક દીને, થાશે હાહાકારજી. —ફોગટ૦ ૫
મિત્ર મુકી તને ચાલીયા, સુતા જઈ સ્મશાનજી;
હજીય સુધી નવ આવીયા, દીસે ઘર એનાં રાનજી.—ફોગટ૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એરે મારગ ત્હારે ચાલવું, મૂર્ખ મનમાં વિચારજી;
મંદિર સાથ આવે નહી, નાવે પ્યારીના પ્યારજી.—ફોગટ૦ ૭
નવી આણેલી તીજોરીઓ, નવા બનાવેલા બાગજી;
જોઈ જરા નવ રીઝવું, કાળ તાકે છે લાગજી.—ફોગટ૦ ૮
જરૂર જવાનું છે જાણવું, વસવું અવશ્ય મશાણજી,
કેમ કરી હવે રોગ ટળે, રગ રગ વ્યાપ્યું રસાણજી.—ફોગટ૦ ૯
આપે સુગંધ સરસ અહો, કેવું દીસે કપૂરજી;
મુકયું દેબલ ઉપર ઘડી, રહ્યાં નવ તલપુરજી.—ફોગટ૦૧૦
એમ દિવસ અને રાતડી, સન્ધ્યાકાળ સવારજી;
આયુષ્ય ઓછું થાય છે, નથી એક ઉદ્ધારજી.—ફોગટ૦૧૧
સમજ સમજ અરે માનવી ? કરી લે ઉત્તમ કાજજી;
અજીતસાગર કહે આતમા, નક્કી ઉદ્ધાર આજજી.—ફોગટ૦૧૨

( ૨૬ )

## " आरे संसार असार छे. "

( રાગ ઉપરના. )

આરે સંસાર અસાર છે, નથી દેખાતો સારજી;
ભજન પરમ ભગવાનનું, સાચું શિવપદ દ્વારજી.—આરે૦ ૧
સગાં સંબંધી સહુ સ્વારથી, પુત્રાદિક પરિવારજી;
સ્વાર્થ દેખી આવે દોડતાં, સ્વાર્થ સુધી સંસારજી.—આરે૦ ૨
મારૂં મારૂં શું કરી રહ્યો, તારૂં કોઇ ન થનારજી;
મોટા મોટા મુકી ચાલીયા, મ્હેલ મંદિર દ્વારજી.—આરે૦ ૩
પાંડવ પાંચ પરાક્રમી, ફેરતી અવનીમાં આણજી;
એજ અવની તજી ચાલીયા, વસ્યા જઇને મશાણજી.—આરે૦ ૪
પૃથુરાજ દીલ્લી તણો રાજવી, હાથી ઝૂલે હજારજી;
યવન રાજા થકી હારીઓ, ગયો ત્યાગી દરબારજી.—આરે૦ ૫
નરવીર શિવાજી શૂરો ઘણો, હરાવ્યા જેણે મુસલમાનજી;
તેહ તજી તન ચાલીઓ, જીત્યું હિન્દુનું સ્થાનજી.—આરે૦ ૬
પિતા રૂવે પુત્રની પછી, કોણ કરશે ખરદાસજી;
ફરે નહી પણ કોઇ દિન, એના જીવનો કયાં વાસજી.—આરે૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમદા રૂવે પતિ પાછળે, સ્વર્ગે ગયા સ્વામીનાથજી;
મ્હારી દશા હવે શી થશે, મને કીધી અનાથજી.—આરે૦ ૮
પુત્ર રૂવે પિતા પાછળે, વળી રૂવે બીજા ભ્રાતજી;
દ્રવ્ય મુકી ગયા નહિ પિતા, કયાંથી થાય નાત જાતજી.—આરે૦ ૯
મિત્ર કહે મારા મિત્ર વિના, કરશું કયાં જઇ વાતજી;
કાઢશું કયાં દિલના ઉભરા, ગયું પ્રેમ પ્રભાતજી.—આરે૦૧૦
જગત તણાં તે સંબન્ધી આ, રૂવે સ્વારથ સારૂજી;
માટે સમજો તમે માનવી, અન્તે કોઇ ના તમારૂંજી.—આરે૦૧૧
સમજી એવું તમો સજ્જનો, કરો સ્વાત્મ સાધનજી;
અજીતસાગર મુનિ કહે, સાચું ઇષ્ટ ભજનજી.—આરે૦૧૨

---

( ૨૭ )

## " एवो रे दिवस क्यारे आवशे. "

( રાગ ઉપરનો. )

એવો રે અવસર કયારે આવશે, થાશું ચિદ્દઘન રૂપજી;
વિષય વિકાર અળગા થશે, સમજશું સ્વાત્મ સ્વરૂપજી.—એવોરે૦ ૧
માત સમાન સહુ માનુની, કંચન કાદવ સમાનજી;
સ્વર્ગસુખોની આશા તજી, ધરશું પ્રભુજીનું ધ્યાનજી.—એવોરે૦ ૨
જુઠા જગતની જુઠી પ્રીતડી, જુઠાં બધાં ધન માલજી;
પરિણામે એને દેખતાં, સર્વે કાળ ફરાળજી.—એવોરે૦ ૩
લતારે લપટી તરૂડાળીએ, ફુલ્યાં તે પર ફુલજી;
ભ્રમર ગુંજાર કરે ઘણા, ટહુકે કોકિલાકુલજી. —એવોરે૦ ૪
વિવિધ પંખીડાં રટી રહ્યાં, બોલે મયૂર મધુરજી;
હરણ સસલાં જ્યાં ત્યાં દોડતાં, ખેલ ખેલે ભરપુરજી.—એવોરે૦ ૫
મન્દ મન્દ વાયુ વહે રૂડા, શીતલ સુગંધ સહીતજી;
એવેરે અરણ્યે મુનિવરે, કીધો પ્રેમ તજી ભીતજી—એવોરે૦ ૬
ભજન કરે ભગવાનનું, ત્યાગી તનડાની આશજી;
એક અલૌકિક મગ્નતા, પ્રગટયો સ્વાત્મ પ્રકાશજી.—એવોરે૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવા પુરૂષો પાસે જઈ, ક્હેશું દિલ હરખાઇજી;
જગત જંજાળ જુઠી ગણી, પામશું પૂર્ણ પ્રભુતાઇજી.—એવો રે૦ ૮

વિધવિધ આસન સાધશું, કરીને નિર્મલ મનજી;
પ્રાણાયામ આરાધશું, માની તન મન ધનજી.—એવો રે૦ ૯

પશુ પંખી એ અરણ્યનાં, થાશે ભ્રાત સમાનજી;
તન્મય અવસ્થા આણશું, થાશે યોગ જીવજાનજી.—એવો રે૦ ૧૦

ભલોરે વખત વહી જાય છે, થાશે મિત્ર વૈરાગ્યજી;
જ્ઞાન સ્વરૂપી રથે ચઢી, ધન્ય ધન્ય દિન ભાગ્યજી.—એવો રે૦ ૧૧

જઇને મુનિસંગ સ્નેહથી, કરશું જપ તપ ધ્યાનજી;
અજીતસાગર એમ ઉચરે, મળશે આત્મ ભગવાનજી.—એવો રે૦ ૧૨

કોટ વોરા બજાર-મુંબાઈ.

## " जाग जाग नर चेतन शुं ऊंघी रह्यो. "

( ૨૮ )

( ઓધવજી સંદેશો કહેજ્યે સ્યામને—એ રાગ. )

જાગ જાગ નર ચેતન શું ઉંઘી રહ્યો,
ભર નિદ્રામાં કાઢયો ત્હેં બહુ કાળ જો;
સોડ તાણીને ભવવનમાંહી શું સુતો,
કાળ સિંહ ભરી આવે ફાળ કરાલ જો.—જાગ જાગ૦ ૧

સમીપવાસિની જો આ છે દુઃખમયી કથા,
મરડી ડોકો કેનો કીધો આહાર જો;
વૃદ્ધ જુવાનો બાળકને જ ગણ્યા નહી,
ગણ્યા નહી વળી શેઠ વડા શાહુકાર જો.—જાગ જાગ૦ ૨

એ પાપીએ કોઈ ગણી અબળા નહી,
ગણ્યા નહી કોઈ ભૂપતિ પંડિત રાય જો;
અમલદાર પણ ઝકડી ખાધા સ્વલ્પમાં,
તોપણ તુજથી ભર નિદ્રા ન તજાય જો.—જાગ જાગ૦ ૩

૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આધિ વ્યાધિવરૂગણ અતિ વીંટી વળ્યાં,
ભરે થેકડા નીરખી તારૂં તન જો;
પૂરવ ભવની આણેલી સઘલી મતા,
કામચોર તે લેવા ઈચ્છે મન જો.—જાગ જાગ૦ ૪

વિષય વાસના વિષમુખ કાળી નાગિણી,
ભૂપર ચઢવા આવે કરવા ક્રૂર જો;
આળસ અજગર મ્હોં ફાડી સન્મુખ ખડો,
ઉંઘ તજી દે ઉઠ ઝટ આણી શાહૂર જો.—જાગ જાગ૦ ૫

સદ્દગુરૂવાકયે સંશય ઉલૂક આકરા,
હૃદય ભેદવા કરતા શોર બકોર જો;
ક્રોધ રીંછ તવ ભણી આવે છે જોર ભર,
દુર્ગુણ તણછો આવે છે જયમ દોર જો.—જાગ જાગ૦ ૬

ચેત હજી છે લાગ ઉગરવા એક ગમ,
પ્રભુની ભક્તિ સીધી સડક જણાય જો;
જ્ઞાનઅશ્વ પણ તુજ અર્થે છે આ ઉભો,
ચલાવી દે જયમ કાળતણો ભય જાય જો.—જાગ જાગ૦ ૭

સતશ્રદ્ધા સતશાસ્ત્રે એ જ લગામ છે,
પકડે હરખે તો તો બેડો પાર જો;
શ્રીમદ્ સદ્દગુરૂજીની સતકરૂણા થકી,
અજીતસાગર ઉચરે ધારી પ્યાર જો.—જાગ જાગ૦ ૮

મુંબાઈ. ॐ तत्सत्.

---

## "हे प्रभु साह्य करोने आवी आ समे."

( ૨૯ )

( ઓધવજીના સંદેશાનો રાગ. )

હે પ્રભુ સાહ્ય કરોને આવી આ સમે,
વિનય સહિત મુજ વિનતિ વારંવાર જો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચંચળ ચિત્ત પણ ડગમગ ડગમગ ડોલતું,
ધન આદિક પેખીને કરતું પ્યાર જો.—હે પ્રભુ૦ ૧

હૃદયવૃત્તિઓ ભીખારણ સમ ભટકતી,
પણ નવ શાન્તિ લાવે એક લગાર જો;
ઘડીમાં હરખે ઘડીમાં પામે કલાન્તતા,
ઘડીમાં બાઝે ઘડીમાં એકાકાર જો.—હે પ્રભુ૦ ૨

આકાશે જયમ કંઇક પદાર્થો ફેંકીયે,
છતાં પૂરાય ન કરતાં કોટિ ઉપાય જો;
અગ્નિની જ્વાલામાં ઘૃતને હોમીયે,
જયમજયમ ત્યમત્યમ બમણી વધતી જાય જો.—હે પ્રભુ૦ ૩

પંચવિષય પણ તદ્દવત્ દુઃખ બધા આપતા,
અધિક ભોગથી અદકા ચડસે ભરાય જો;
તે જીતવાને નથી કાંઇ મારો આશરો,
માટે મ્હેર કરોને હે જીનરાય જો.—હે પ્રભુ૦ ૪

નાટક ગમ્મત જોવા ઝટ પગ ઉપડે,
તવદર્શન કરવાને આવે જોર જો;
વાદ વિતંડા કર્ણે સુણવા બહુ ગમે,
તવ ગુણકથનો સુણતાં ધાયે શોર જો.—હે પ્રભુ૦ ૫

આ યૌવન પણ જાણું છું કે નહી જશે,
વિવિધ વિકારો પ્રગટયા નિત્ય જણાય જો;
આત્મ પ્રમાણે જાણું નહી પર આતમા,
ઠઠ્ઠા બાજી કરવા ચિત્ત તણાય જો.—હે પ્રભુ૦ ૬

સત્સંગે પણ રંગ ન જામે જોઇતો,
ઉલટી નિન્દા લાગે બહુ સુખકાર જો;
સત્શાસ્ત્રે ગુરૂવાકયે શ્રદ્ધા નથી થતી,
સંશય તેમાં ઉપડે આવી અપાર જો.—હે પ્રભુ૦ ૭

રસના પણ સ્વાદ ચલાવે બહુ જોરથી,
ષટ્રસ લાગે જમતાં તો સુખકાર જો;
લોભ પાપી પણ લલચાવે મુજને અરે,
આપે અન્તે ફળને તો દુઃખકાર જો.—હે પ્રભુ૦ ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇત્યાદિક દુર્ગુણ કાપી સુદયા કરો,
વૃત્તિ ખેંચો તવ પદપંકજ સાથ જો;
દીનના બંધુ પ્રભુજી દીનદયાળ છો,
ભાવ ભક્તિને જાચે અજીત અનાથ જો.—હે પ્રભુ૦ ૯

મુંબાઇ. મુનિ અજીતસાગર.

## हृदयशुद्धि.

( ૩૦ )

( ઓધવજીના સંદેશાનો રાગ. )

સાધન સહુ નિષ્ફલ રે, ચિત્તશુદ્ધિ વિના,
ચિત્તશુદ્ધિ વિણ મહેનત એળે જાય જો;
સાધન સહુ જ સફલ છે ચિત્તશુદ્ધિ થકી,
ચિત્તશુદ્ધિથી પરમાનન્દ પમાય જો.—સાધન૦ ૧

ઘર સળગે જે વખતે અગ્નિકોપથી,
જ્વાલા ઉઠે ભભકાબન્ધ અપાર જો;
નળીયાં પર જળ છાંટે શાન્તિ નહી થશે,
અંદર છાંટે અગ્નિ શમે તે વાર જો.—સાધન૦ ૨

આલયમાંના અન્ધારાને ટાળવા,
મનમાં ઇચ્છા થાયે મારા ભ્રાત જો;
બાહેર દીપક કીધે જાય તિમિર નહી,
અંદર દીપકથી જાશે સાક્ષાત્ જો.—સાધન૦ ૩

ખસ લાગી છે નિજ તન ઉપર જે સ્થલે,
કોટ ઉપર તંવ ઔષધ કીધે જાય જો;
જે સ્થલ ઉપડે તેને અંગે કીજીયે,
તો સુખશાન્તિ સેહેજે અંગે થાય જો.—સાધન૦ ૪

પાણી વિણ નવપલ્લવ ઝાડ સુકાય છે,
શુષ્ક પત્રપર છાંટી જગની ધાર જો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂળ ઉપર જો જળને સીંચો પ્રેમથી,
તો નવપલ્લવ થાશે વિવિધ પ્રકાર જો.—સાધન૦ ૫
મર્કટ માંખણ ખાતો ઘર ઉઘાડીને,
પાછો સ્થાને બેસે ભરવી દ્વાર જો;
અજકંઠે લૂછે કર શાંખણથી ભર્યા,
માલીક અજને મારે માર કઠોર જો.—સાધન૦ ૬
એ રીતે મનમર્કટ ચાળા સહુ કરે,
અજ્ઞાની તો ઇન્દ્રિયને દે દોષ જો;
મનમર્કટની ચેષ્ટા જે જાણી જશે,
તે તો કહેશે તનઠાને નિર્દોષ જો.—સાધન૦ ૭
મલિન ઘરમાં જનને રહેવું ગમે નહી,
રહેશે ક્યાંથી તો ત્યાં આતમરાય જો;
ચિત્ત શુદ્ધ કરવું તે પહેલું કાર્ય છે,
શુદ્ધ ચિત્તથી આતમ અવલોકાય જો.—સાધન૦ ૮
મેલ વડેથી આચ્છાદિત દર્પણ વિષે,
નિજમુખ જોતાં દર્શે નહિ દેદાર જો;
માયા મમતા આદિક મલ ધોયા વિના,
હૃદયે ભાસે નહી શ્રીજીન જયકાર જો.—સાધન૦ ૯
જળ નિર્મલ પણ લીલવડે છાઇ રહ્યું,
જેટલી કાઢો તેટલું સ્વચ્છ જણાય જો;
પંચ વિષય જનને તે સરવરલીલ છે,
સુંદર જલ તે શ્રી આતમ જગરાય જો.—સાધન૦ ૧૦
હૃદય સિંહાસન શોભાવો સત્સંગથી,
પ્રભુનામો એ માણેક મોતિ અમૂલ્ય જો;
સાચી શ્રદ્ધા કનકસ્થંભ સોહામણા,
પ્રભુભક્તિધ્વજકેરૂં થાય ન મૂલ્ય જો.—સાધન૦ ૧૧
પછી પધરાવો પૂર્ણાનન્દ જગત્પતિ,
અતીવ હર્ષથી આણી ઉરમાં પ્રેમ જો;
સજજન સંત મુમુક્ષુ શીખ શુભ માનજો,
અજીતસાગર થાશે કુશળ ક્ષેમ જો.—સાધન૦ ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्रावकने शिखामण.

## ( ૩૧ )

( ઓધવજીના સંદેશાનો રાગ. )

શ્રદ્ધાલુ શ્રાવક સહુ સ્નેહે સાંભળો,
પ્રેમ કરી કહું પરમધરમની વાત જો.—ટેક.

સદ્ગુરૂજીની શિક્ષા શ્રવણ કરો સદા,
સદ્ગુરૂજીમાં ધરવો પૂરણ પ્રેમ જો;
સદ્ગુરૂની સેવા કરવી સુંદર કહી,
ખાંતે ગુરૂજી આપે કુશળ ક્ષેમ જો.—શ્રદ્ધાલુ૦ ૧

સ્વાત્મજ્ઞાન સમર્પક શ્રી ગુરૂરાય છે,
સદ્ગુરૂજી છે શાશ્વત સુખ દેનાર જો;
સમતા સુંદરી સુખકરજે સોહામણી,
સદ્ગુરૂ તે સહ પરણાવે કરી પ્યારજો.—શ્રદ્ધાલુ૦ ૨

વીતરાગ પ્રભુ કેરાં વચન અમી ઝરે,
પણ ગુરૂ વિના શી રીતે સમજાય જો;
તે સમજ્યાવિણ શિવપદ ક્યાંથી પામીયે,
શિવપદવિણ પરમાનન્દ ક્યાંથી પમાયજો.—શ્રદ્ધાલુ૦ ૩

ભવ અટવી આ ઘોર ભયંકર ક્રૂર છે,
મોહ રૂપ જ્યાં સિંહ વસે વિકરાળ જો;
ક્રોધ સ્વરૂપી વાનરયૂથ બીહામણાં,
લોભ સ્વરૂપી સર્પ અનન્ત કરાલ જો.—શ્રદ્ધાલુ૦ ૪

શોક સ્વરૂપી તાપ તપેછે જ્યાં અતિ,
કપટ સ્વરૂપી કંકર ઠામો ઠામ જો;
હિંસા રૂપી પ્હાડ વિકટ છે ભયંકર,
નથી જણાતો ત્યાં જીવને આરામ જો.—શ્રદ્ધાલુ૦ ૫

અનન્તકાળથી જ્ઞાન વિના ભૂલો ભમે,
નથી જણાતું શિવપદ કેરૂં દ્વાર જો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ૩૧ )

કઈંક કર્મના ઉદયે માનવ જન્મ આ,
પામ્યો માટે મન સદ્‌ગુરૂમાં ધાર જો.—શ્રદ્ધાલુ૦ ૬

એ અટવીથી ગુરૂ તમને છોડાવશે,
માટે શીરપર ધરવા શ્રી ગુરૂરાજ જો;
દેવગુરૂને દીલ સાથે પ્રણમી કરી,
અજીતસાગર ઉચરે શ્રાવક કાજ જો.—શ્રદ્ધાલુ૦ ૭

ડુમસ.

## अन्नयम्.

( ૩૨ )

( ઓધવજી સંદેશો કહેજો—એ રાગ. )

અભય થઇને ભજવા શ્રી ભગવાનને,
મત્ત થઇ નવ અહીં જગ દરકાર જો;
કારણ અન્તે બેલી એ કરૂણાપતિ,
વર્તે જેનો જગમાં જય જયકાર જો.—અભય૦ ૧

સુખ વેળે આવે છે સર્વ સગા થવા,
દુઃખની વેળે થાયે સર્વે દૂર જો;
અજ્ઞાની એ જાણે નહિ અજ્ઞાનમાં,
જાણે ભગવત ભજનેજ ભરપુર જો.—અભય૦ ૨

નાસ્તિકની નિન્દાથી લેશ બ્હીવું નહી,
કારણ એનો મૂળથી એજ સ્વભાવજો;
શ્વાન ભસે પણ સિંહ ન સામું દેખશે,
એવી રીતનો દુર્જનનો દીલભાવ જો.—અભય૦ ૩

પટનલ ધોવા ધોબી જોઇયે આપણે,
પણ એ લે છે દર વરસે કાંઈ દામજો;
નિન્દક દીલનો મળ કાઢે નિન્દા થકી,
સન્તો ! ખેદ જ કરવો શાને કામ જો.—અભય૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાજરૂ વાળે અંત્યવરણ કરથી ખરે,
એ પણ લે છે મહેનતનું કંઈ મૂલ્ય જો;
નિન્દક અંતિમ જાતિમલ જિહ્વા વડે,
વિના બદામે દૂર કરે નહી ભુલ્ય જો.—અભય૦ ૫
ફલ આવે વૃક્ષે જે વારે જે સ્થલે,
પથિક નિશ્ચે કરશે સખ્ત પ્રહાર જો;
ભાવ ભક્તિરૂપ ફલ આવે જે સાધુને,
તેમ તેમ દુર્જન નિન્દા કરશે અપાર જો.—અભય૦ ૬
પૈસાતો આપે પણ બહુ દુઃખ આપીને,
એવો ન્યાય ખુદાનો લેવો ઉર જો;
પ્રભુજી પ્રસન્ન પણ તેવીરીતે થાય છે,
એથી હિંમત હારો નહી તલ પૂર જો—અભય૦ ૭
પાંચ રૂપૈયા માટે દુઃખ વેઠો બહુ,
વિનાશ્રમે નથી મળતી એક બદામજો;
સર્વ જગત કરતાં જે ધન કોટિ ઘણું,
વિના શ્રમે એ કયાંથી ભેટે રામ જો.—અભય૦ ૮
અભય એ જછે લક્ષણ સાચા સાધુનું;
અભય એ જછે સૌથી ભુષણ શ્રેયજો;
અભય એ જછે લક્ષણ પ્રભુની પ્રાપ્તિનું,
અભય એજછે કીર્ત્તિ અનઉપમેય જો.—અભય૦ ૯
વારંવાર પુકારી કહું છું સાધુને,
અભયધરીને ભજજો શ્રીગુણધામજો;
ભજનવિરોધી માતતાત ભગિની પ્રિયા,
ગામદામ સહ તજવાં એવાં ધામ જો.—અભય૦ ૧૦
સુરત બરફી માટે ગર્દભ લીંડને,
ખાશોનહિ ઓ ભાવિક ભગવત્ ભક્તજો;
અજીતનાથ મળે નક્કી અભય ધરો યદિ,
જાશો ઉતરી જખમારે આ જગત્ જો.—અભય૦૧૧

ડુમસ. મુનિ અજીતસાગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# *कोयलडोने वसन्तनो संदेशो.

( ૩૩ )

( ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ. )

કોયલડી ઉરમાં ઉરમીઓ શું કરો !
અવસર ચૂકયા મેહની જોતાં વાટ જો;
મારા સમીપે અમૃતરસ પીધો નહી,
હવે વિયોગે શું કરતાં ઉચ્ચાટ જો.—કોયલ૦ ૧
આંબાના વિસ્તરતા ગંધ વહી ગયા,
વહીગયા વળી પુષ્પતણા સોહાગ જો;
નવપલ્લવની કુંજલડીઓ વહી ગઈ,
જળ આવ્યું પણ થઈ ગઈ પ્હેલી આગ જો.-કોયલ૦ ૨
ત્હારી કસુંબી આંખલડી કયમ વીસરે,
કયમ વિસરે વળી રસ પૂર્યા સોહાગજો;
ઉજળી કોમલ પાંખલડી કયમ વીસરે,
વિસરે કઈરીતે રંગ ભર્યો તુજ પ્યાર જો.—કોયલ૦ ૩
પીલુને ગાળે તો પાકી ચાંચડી,
મધુર ફલનો કયમ ન લીધો આસ્વાદજો;
ઉમંગ ભરી નવપલ્લવમાં લપટી નહી,
હવે શું મુજને કરતી ફરી ફરી યાદ જો.—કોયલ૦ ૪
મોંઘલડા અવસરીયે મોંઘા દહાડલા,
મોંઘા દિનમાં મોંઘા ઉદય સુયામ જો;
મોંઘા યામે મોંઘા પ્રેમ ઉમંગના,
મોંઘે પ્રેમે મોંઘા દીલસુખ ધામ જો.—કોયલ૦—૫
કાજલનાં પાત્રો છે હૈડાં લોહનાં,
ઉજ્વલ હૃદયે દુર્લભ કનક સુહાય જો;
રસવેલીના પલ્લવ તરૂને ભેટતાં,
રસ કસ પૂર્યો જય જય રંગ સુહાય જો.—કોયલ૦ ૬

---

* વૈરાગ્યાશય પસન્ત યૌવન સ્વરૂપ કોયલને કહે છે. સાત્વિક વૈરાગ્યાશય યૌવન વસન્તને સમયે આવે તે અધિક રસદાતા નિવડે છે. વાત અનુભવિક અધ્યાત્મ પરત્વ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ જ હૃદય તો વસન્ત કેરૂં જાણવું,
એમાં વસિયો નિર્મલ પ્રેમ વિહારજો;
આત્મચંદ્રની જ્યોત્સ્ના તે માંહી ઠરે,
એ રસ તુજ સમ કોઇકજ જાણનહારજો.—કોયલ૦ ૭
એ જ વેલીની સ્વાભાવિક પ્રેમાર્દ્રતા,
વસન્તતરૂનો એહજ પુણ્ય પ્રકાશ જો;
આમછતાં પણ અવસર રસ પીધો નહી,
વીતી રજની પ્રેમી જનની ખાસ જો.—કોયલ૦ ૮
અરે હિમસમ શીતલ હિમની વેલડી,
અરે કોયલડી વસન્તની દીલદાર જો;
અવસર શુભ આવ્યેથી ફરીને ભેટજે,
આંખ્યો મીચી દુ:ખના દિન શિરધારજો.—કોયલ૦ ૯
ઉત્તમ રસનાં લેજે ઉત્તમ લ્હાણ તું,
અક્ષય રસનાં લેજે નોતમ જ્ઞાન જો;
અજીતસાગર ફેરવજે તુજ વ્હાણને,
એક વખત તો દેજે દીલના દાણ જો.—કોયલ૦ ૧૦

## परस्त्री निषेध विषे.

( ૩૪ )

( પૂનમ ચાંદની ખીલી પૂરી રહી રે—એ રાગ. )

ભરિયા અવગુણ સર્વે પર અબલામાંહી ઘણા રે,
શોધે સદ્ગુણ જેમાં એક ન આવે હાથ,
માટે સજ્જન રહેજો દૂરે એ અબલાથકી રે;
ચેતન ! ચેતી ચાલો ચિત્તમાં એ ચપલાથકી રે.—ટેક.

( સાખી. )

અબલા પણ પ્રબલા અતિ, જીત્યા જબરા વીર;
ભલા ભલા જન ભોળવ્યા, રણમાં ધારણ ધીર.

સજ્જન જાશો નહી જ્યાં અબલા હોય એકાન્ત,
જો ઉર ઇચ્છા હોય તરવા ભવસાગર થકીરે.—ભરિયા૦૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( સાખી. )

મહારાજા રાવણ ઘણો, શૂરાનો સરદાર;
આણ ફરે બ્રહ્માંડમાં, કરતો જય જયકાર.
તો પણ સીતામાં આશક થઈ પામ્યો નાશ,
ખોયું રાજપાટ ઘરબાર ત્રિયા નિજ કરથકીરે.—ભરિયા૦ ૨

( સાખી. )

ક્રૂર દૃષ્ટિ કરી કીચકે, પાંચાલી પર સાર;
ભીમહસ્ત માર્યો ગયો, કીધો સ્વાત્મ સંહાર.
આદિક આદિક ભ્રષ્ટ થયા છે ભૂપ અનેક,
માટે વિચારી કરજો પ્યાર સદા પર નારથી રે.—ભરિયા૦ ૩

( સાખી. )

કનક તણી નથી કામિની, કે પારસ નિરધાર;
વિષ ભર્યું રગરગ અતિ, ઉપર ગિલિટ અપાર.
જનને જન્મ મરણ જે જનની ઉદરમાં થાય,
એનું કારણ જોતાં લાગે લલના પારકી રે.—ભરિયા૦ ૪

( સાખી. )

હસ્તિ જુઓ હસ્તિની તણા, અંગેથી લલચાય;
સ્પર્શ કર્યા વિણ પ્હેલથી, શરણ મરણને થાય.
તો તો નિશદિન નારી સાથ રહે મશગુલ,
તેની કેવી ગતિ થાવાની ઉરમાં ધરો નક્કી રે.—ભરિયા૦

( સાખી. )

રૂધિર હાડને માંસની, છે પુતલી પ્રત્યક્ષ;
રોમ રોમ દુર્ગન્ધી છે, લાવી એમાં લક્ષ.
આ તો હંસગતિની ! આહા ! શી ચિત્ત ચોર,
ધારી મૂર્ખ ફસાઈ જાય સદા હૃદયે છકી રે.—ભરિયા૦ ૬

( સાખી. )

જન્મ મરણ ભય ટાળવા, ઉર જો ઇચ્છા થાય;
તો કર ચિત્ત જીનરાજમાં, જેમાં શાન્તિ સદાય.
મુનિવર અજીતસાગર કેરો એ અભિપ્રાય,
સજ્જન સંભાળી ચાલોને જુવતી જાતથી રે.—ભરિયા૦ ૭

ડુમસ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्राविकाने शिक्षा.

## ( ૩૫ )

( પૂનમ ચાંદની ખીલી પૂરી રહી રે—એ રાગ. )

સુણજો સજ્જન કુલિની શીલવતી સુશ્રાવિકા રે,
કહુંછું હિતવચન હું આત્મોન્નતિને કાજ,
માટે કંઠમણિવત્ સદા હૃદયમાં ધારજો રે,
એથી પ્રાપ્ત થશે કોઈ અવિચલ સુખનું રાજ.—સુણજો૦ ૧

( સાખી. )

પિયરે માતપિતા તણું, કીધું કરવું કામ;
પણ આજ્ઞા નવ લોપવી, નિકળે સારૂં નામ.
એવું આગમ માંહિ ભણી ગયા ભગવાન,
હરતાં ફરતાં હર ઘડી કર્મ ધર્મ સંભાળજો રે.—સુણજો૦ ૨

( સાખી. )

નિત્ય નિયમ એ રાખવો, કરવાં પ્રભુ દરશન;
આગમમાં શ્રદ્ધા અચલ, ધરી શકે તે ધન્ય..
ખાલી સમયે ધાર્મિક પુસ્તક લઇને હાથ,
વાંચી આત્મક્રિયાને વિમલ અભ્યાસ વધારજોરે.—સુણજો૦ ૩

( સાખી. )

કર્મ શત્રુ માનવ તણો, કર્મ સુમિત્ર જણાય;
કર્મે નરક સિધાવીયે, કર્મે સુખ પમાય.
માટે આત્મિક ક્રિયા કરવા પૂરણ કોડ,
ધરીને અશુભ કર્મની દાનત સઘળી વિદારજોરે.—સુણજો૦ ૪

( સાખી. )

પૂર્વ કર્મ પ્રભાવથી, લખેલ જે સહુ લેખ;
તેજ પતિ શિરછત્રછે, નહિ તેમાં મીનમેખ.
માનવ જન્મ વિષે તો હોય પતિ નિજ એક,
માટે એક પતિ સહ માનવ જન્મ સુધારવો રે.—સુણજો૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( સાખી. )

નિજપતિ તે સાચો પતિ, અન્ય ભ્રાત ને તાત;
એવી શુભ મતિ રાખતાં, ઉપજે પુણ્ય પ્રભાત.
સાસુ સસરા સાથે કરવો નહિ કકાસ,
પરની નિંદા કરતાં મનની વૃત્તિ વારજો રે.—સુણજો૦ ૬

( સાખી. )

ઘરને સુંદર રાખવું, રાખો સ્વચ્છ શરીર;
પટ પણ નિર્મલ પહેરવાં, રાખવી વૃત્તિરૂચિર.
કરવો યથા યોગ્ય મેમાન તણો સત્કાર,
જીભથી પ્રેમ ભરેલા શબ્દ સુખદ ઉચ્ચારજો રે.—સુણજો૦ ૭

( સાખી. )

શ્રીસદ્ગુરૂની સાહ્યથી, તરવો ભવ દરિયાવ;
માનવનું તન પામીને, લ્યો લાખેણો લાવ.
જ્ઞાની ધ્યાની શ્રીમદ્ સદ્ગુરૂને સુપ્રતાપ,
ઉચરે અજીતસાગર ચિદ્ઘન જય વિસ્તારજો રે.—સુણજો૦ ૮

ડુમસ.

---

## अबुध जीवने चेतवणी.

( ૩૬ )

( સીતાજીના મહિનાનો રાગ.)

આવ આવ સાધક જન આજ, કરીયે એક વાતડી,
કરવા પુણ્ય ઉદય પરભાત, હરવા દુઃખરાતડી.—૧
કરીયે સત્સુખનો સુતપાસ, સકલ સંસારથી,
સંતે આરે સંસારની, ક્ષારસાગર ઉપમા કથી.—૨
ભવસાગર સિન્ધુ સમાન, ગંભીર વારિ ઘણું,
વસે જેમાંહી મોહ સ્વરૂપ, તે કુલ મગર તણું.—૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આધિ વ્યાધિ ઇત્યાદિ અનેક, વિવિધ ભમરા વળે,
જોતાં અંતર ભયભીત થાય, ધીરજ ઘટથી ચળે.—૪

છે આ નરતન નાવ બનાવ, બિરાજયો છે આતમા,
કર્મવાયુ અવળા પંથમાંહી, ભમવે મધ્ય રાતમાં.—૫

નથી જ્ઞાન સ્વરૂપ પ્રકાશ, તિમિર ઘનઘોર છે,
માંહી વાસ કરી રહ્યા ખાસ, વિષય રૂપ ચોર છે.—૬

દુર્જન પ્રસંગના રંગ, રૂપી રહે માછલા,
કુડ કપટ સ્વરૂપ અનૂપ, કચ્છપ રહે કેટલા.—૭

કાળ હાથ ગ્રહીને કુઠાર, નાવડું નિત્ય ભાંગતો,
શું તું ઉંઘી રહ્યો છે ગમાર, રહેજે સદા જાગતો.—૮

ધૂલ ધાણી થાશે ત્હારો માલ, ગાફલ થાવું યોગ્ય મા,
કર કર કાંઈ સ્વાત્મ વિચાર, ઉદ્ધારી લે આતમા.—૯

કયાંથી આવ્યો કયે સ્થલ જાવું, હૃદયમાં વિચારજે,
જ્ઞાનરૂપી પ્રગટી પરકાશ, મહા સુખ માણજે.—૧૦

તું છે ચિદ્દ્ઘન શુદ્ધ સ્વરૂપ, અસંખ્ય પ્રદેશીયો,
લેને સદ્‌ગુરૂ સહાય સદાય, ટલે આ ઉપાધિયો.—૧૧

મળ્યા માથે મહા ગુરૂરાય, આનન્દ થયો અતિ,
કહે અજીતસાગર ધન્ય ધન્ય, પામી લે પરમગતિ.—૧૨

મુંબાઈ.

---

## सुख क्यां छे ?

( ૩૭ )

( રાગ ઉપરનો. )

ભર્યું સંસારમાં ભારી દુ:ખ, કયાં સુખ સોહાય છે,
દુ:ખરૂપી સરિતાની માંહી, જગત વહ્યું જાય છે.—૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૈસાદાર પીડાય સદાય, ચિંતા ચિત્તમાં બહુ,
રખે રૂપીયાની પેટી ભેળાય, હૃદય દુઃખથી દહુ.—૨

પુત્ર વિના ફરે કૈંક લોક, કહે સુત છે નહી,
વિના પુત્ર વ્યર્થ બધાં સુખ, કહુ દુઃખ કયાં જઈ.—૩

કોઈ કામિની ઉર અકળાય, પતિ ઘરડો મળ્યો,
મારૂં જોબન સોના સમું જાય, બધો મ્હારો ભવ બળ્યો.—૪

કૈંક કુલવાનને ઘણી લાહ્ય, ખરચમાં પૈસા ગયા,
વેચ્યાં ખેતર ને ઘર બાર, તોએ વરા ન થયા.—૫

રાજા માને મને બહુ શૂળ, માથે બીજો રાય છે,
એની આણ મને પ્રતિકૂલ, સદૈવ સોહાય છે.—૬

રખે મારી નાંખે આ ચંડાલ, સામા પીતરાઈઓ,
લેવા ઇચ્છે મારા પછી રાજ, ભુંડા મારા ભાઈઓ.—૭

વદે વહેપારી વારંવાર, ટોટો તો આ સાલ છે,
નથી વ્યાપારમાં હવે માલ, કરમ તો બેહાલ છે.—૮

મીલવાળા મનમાં પીડાય, ખરીદ કયાં હવે રહી,
ખોટ મૂલગી આજે જાય, જીવ્યામાં શોભા નહી.—૯

કોઈ કહે કરમની કથાય, હજી એ વાંઢા રહ્યા,
નથી મળતી નાનકડી નાર, અતિ દુઃખમાં દહ્યા.—૧૦

સુનું નારી વિનાનું દ્વાર, સુનો જ સંસાર છે,
વિના વનિતા ન કંઇ વિશ્રામ, ખલક લાગ્યો ખાર છે.—૧૧

દુઃખી દુનીયાના સઘળા દેદાર, સુખ છે એક જ્ઞાનિને,
જ્ઞાનસિન્ધુ ગુરૂના પ્રતાપ, મહા સુખ માનિને.—૧૨

થયો અજીતસાગર સુખરૂપ, જગત દુગ્ધા તજી,
થયો આત્મપ્રભુથી પ્રીતિમાન, આતમ પ્રભુને ભજી.—૧૩

મુંબાઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सद्गुरु स्तुति.

( ૩૮ )

( ધન્ય એકાદશી, એકાદશી કરીએ તો શિવસુખ પામીયે–એ રાગ. )

ઓ સદ્ગુરૂજી! તમ વાણીમાં જાદુભર્યો કંઈ ઓર છે,
મુજ મનડાનું, એજ ખરેખરૂં ઠરવા માટે ઠામ છે.
છે તમવાણી પૂરણ પ્યારી, કાંઈ અપૂર્વ સુખડાં દેનારી,
વળી હૃદયમાંહી રહેનારી. ઓ સદ્ગુરૂજી૦ ૧
મનભ્રમર બહુ બહુ સ્થલ ભમતો, વળી વિધવિધ વિશ્વવિષે રમતો,
તમ વચન રૂપી કુસુમે ઠરતો. ઓ સદ્ગુરૂજી૦ ૨
મન સર્પરૂપી જગ સહુ બોલે, તમવાણી બંસી સુણી ડાલે,
પછી હીંચે શાન્તિને હીંડાલે. ઓ સદ્ગુરૂજી૦ ૩
કાંઈ હૃદય કહ્યું કરતુંજ નથી, કોઇ અન્યસ્થલે ઠરતુંજ નથી,
છે લય લાગી એને તમથી. ઓ સદ્ગુરૂજી૦ ૪
છો દયાતણા સાગર સ્વામી, મુજ હૈડાના અન્તરયામી,
મારી મનોવૃત્તિના વિશ્રામી. ઓ સદ્ગુરૂજી૦ ૫
જયમ કમલની સૂર્ય વિષે માયા, લાગી હરીયલની કાષ્ટે કાયા,
એવા મુજ મનમંદિરીયે ભાયા. ઓ સદ્ગુરૂજી૦ ૬
તમ ચરણતણાં અમે દાસ સદા, સુખસાગર ટાળક ઉર આપદા,
રહેજો અળગા નેનથકી ન કદા. ઓ સદ્ગુરૂજી૦ ૭
તમ ડગલે ડગલે પ્રેમ વસ્યો, તમ નયને અમીનો રસ ઝળસ્યો,
જયમ પોયણીથી નવ ચંદ્ર ખસ્યો. ઓ સદ્ગુરૂજી૦ ૮
લાગી ગુરૂ તમ સાથે તાળી, પીધી પ્રેમામૃત રૂપ પ્યાલી,
મારી નજરે ન થાકી તમને ન્યાળી. ઓ સદ્ગુરૂજી૦ ૯
તમ વચન રોમ ઉભાં જ કરે, વળી અંગો અંગ પ્રફુલ્લ કરે,
અનહદ દરિયે અમ હૃદય તરે. ઓ સદ્ગુરૂજી૦ ૧૦
પણ તૃપ્તિ થતી ન જરાય કંઇ, તમ મોહની છેક જુદીજ કંઇ,
ઓ! અજીતગુરૂ તજશો જ નહિ. ઓ સદ્ગુરૂજી૦ ૧૧

વ્હોરાબજાર–મુંબાઇ. મુનિ અજીત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# एक अपूर्व धाम.

( ૩૯ )

( ગૌરમા શીદ આપ્યો અવતાર—એ રાગ. )

પ્રભુનું એક અનૂપમ ધામ, શોભા સોહામણી રે લોલ;
વસે જ્યાં સુંદરવર શ્રીજીન, કે શિવસતીના ધણી રે લોલ. ૧

જળહળ ઝળકે જ્યોતિ અપાર, સ્વયં પ્રકાશિની રે લોલ;
વરસે વર્ષા નિર્મલ ધાર, અનૂપ વિલાસિની રે લોલ.—૨

નથી ત્યાં વાદલ કેરો વાસ, વિલસે પણ વીજળી રે લોલ;
પ્રથમ તિમિર તણોજ નિવાસ, છતાં ભૂમિ ઉજળી રે લોલ.—૩

સોહે તરવેણીને તીર, નદી ઉલટી વહે રે લોલ;
નથી ત્યાં સાગર કેરાં નીર, જઈ ગિરિ ઉપર રહે રે લોલ.—૪

બોલે મેના કોકિલ મોર, કરે દ્વિજ વાતડી રે લોલ;
ગાજે મેઘ નભે ઘનઘોર, રસીલી રાતડી રે લોલ.—૫

નથી એ પંખીને જીભ મુખ, છતાં ટહુકે ઘણા રે લોલ;
રહે છે હેમ ભરેલા ઇભ, સ્વરૂપે નહી મણા રે લોલ.—૬

વસે જ્યાં નરનારી નિર્દોષ, છતાં નહી માનવી રે લોલ;
નથી ત્યાં ધરતાં હૃદયે રોષ, શોભા છે નવી નવી રે લોલ.—૭

વાલો મારો પરમ ચતુરસુજાણ, અનન્ત સુખનો નિધિ રે લોલ;
નથી ત્યાં બાયબલ વેદ પુરાણ, નથી કરવાની વિધિરે લોલ.—૮

નથી ત્યાં રોગ શોક સન્તાપ, નથી વ્યાધિ કશી રે લોલ;
અષ્ટ સિદ્ધિ નવનિધિ આપ, રહી આવી વસી રે લોલ.—૯

વરે છે એ વર કોઈક નાર, નહી સહુને મળે રે લોલ;
થાય અજીત જઈ ભવપાર, પરમ સુખમાં ભળે રે લોલ.-૧૦

મુંબાઈ. મુનિ અજીત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# स्वात्मस्वरुप पतिने सात्त्विकवृत्तिस्वरुप सुन्दरी स्तवे छे.

( ४० )

" લાગી રે મ્હને પ્રભુજીથી તાલી."

( મારા રે સ્વામી બોલો ને વ્હાલા—એ રાગ. )

લાગી રે મ્હને પ્રભુજીથી તાલી, હરખી હેરૂ જીવનને ન્યાળી–ટેક.
પ્રભુજીનું રૂપ અનૂપ અતિ, મોહી ગઈ મ્હારી મનોવૃત્તિ,
સોહાણી હવે સ્વાત્મ સ્વરૂપ શક્તિ. લાગી૦ ૧
ચકોરીએ ચંદ નિહાળી લીધો, લ્હાવોરે લેઈ જન્મ સફલ કીધો,
મધુ રે મ્હેં તો પ્રેમ તણો પીધો. લાગી૦ ૨
પંકજકળી આજ પ્રફુલ્લ થઈ, તિમિર ઘન રાત્રિ સમૂલી ગઈ,
પ્રભાકર રસકસ ચૂસી રહી. લાગી૦ ૩
વિરતિરૂપ વિમલ શ્રૃંગાર સજ્યા, વિષયરૂપ રણસંગ્રામ તજ્યા,
ઉમંગ ઉર સુરત તણા સરજ્યા. લાગી૦ ૪
હાવ ભાવ નાનાપ્રકાર કરૂં, નૂપુર પગે પ્હેરી હરૂં ને ફરૂં,
મારૂં રે સર્વસ્વ પતિને ધરૂં. લાગી૦ ૫
આગમ આદર્શ લઈ હાથે, સુધારૂં મુજ વદન હું સ્નેહ સાથે,
પ્હેરૂં પુષ્પગુચ્છ ગુલાબ માથે. લાગી૦ ૬
વીણા લઈ રાગ પ્રથમ બાંધું, સુખદ શબ્દ અનહદ આરાધું,
એવા વશીકરણે પ્રભુને સાધું. લાગી૦ ૭
વિયોગ વ્હાલા કેરો ઘણોજ સહ્યો, તેની શોધે કાળ અનન્ત ગયો,
હવે મ્હારે મંદિર આવી રહ્યો. લાગી૦ ૮
દુઃખો સઘળીજ ગઈ આજે, માથે પતિ છેલ છબીલ છાજે,
વદન જોઈ વિધુમંડલ લાજે. લાગી૦ ૯
વ્હાલમ સાથ એક સ્વરૂપ થયાં, સાચા રસરંગે સોહાઈ રહ્યાં,
પ્રીતમ સાથ સાચ્ચન લલિત લહ્યાં. લાગી૦ ૧૦
ચાલો હવે ખાસ ભુવન જઈએ, જ્ઞાનામૃત પી પાઈને રહીએ,
અજીત અનવદ્ય કોને કહીયે. લાગી૦ ૧૧

મુંબાઈ. મુનિ અજીત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગુરુદર્શન.

( ૪૧ )

( મારે દીવાળી થઈ આજ—એ રાગ. )

આવ્યા આવ્યા એ સદ્‌ગુરૂરાજ, મન મારૂં મોહી રહ્યું;
મ્હારે હૈડે હરખ ન માય, મુખથી ન જાય કહ્યું.—ટેક.
પરમ કૃતારથ કીધાં આજે, સદ્‌ગુરૂ પરમ દયાલ જો;
દર્શન કરૂં દીલ હર્ષ ધરીને, આજે મંગળ માલ. મન મ્હારૂં૦ ૧
આનન્દનો અર્ણવ ઉભરાણો, વર્ષ્યા અમૃત મેહ જો;
વળી વળી દર્શન જેમ કરૂં તેમ, ઉપજે નવલો નેહ. મન મ્હારૂં૦ ૨
સોનાનો સૂરજ ઉગીયો ને, પ્રગટયો સ્વાત્મ પ્રકાશ જો;
દુઃખો સઘળી નાશ થઈ ગઈ, ઉત્તમ ઉર ઉલ્લાસ. મન મ્હારૂં૦ ૩
શાન્તિ તણા વાયા વાવલીયા, શીતલતા સોહાય જો;
પ્રભુરસ પાન કરાવ્યું પ્રેમે, એવા સદ્‌ગુરૂ રાય. મન મ્હારૂં૦ ૪
નિર્મલ લોચન નિર્મલ વાણી, નિર્મલ ગુરૂનું જ્ઞાન જો;
નિર્મલ ચરણકમલ ચિત્ત ચોરે, નિર્મલ પ્રભુ ગુણગાન. મન મ્હારૂં૦ ૫
ચિત્ત તણી ચંચલતા ટાળી, મન પણ હેરી લીધું જો;
પૂર્વ પુણ્યના અનન્ત યોગે, દિલહર દર્શન દીધું. મન મ્હારૂં૦ ૬
મન પણ મોહી રહ્યું ગુરૂજ્ઞાને, ઉપજ્યો ઉર વૈરાગ્ય જો;
સદ્‌ગુરૂદર્શનથી નિજ મનનો, છેદાયો અનુરાગ. મન મ્હારૂં૦ ૭
ચકોર સુરતા જેમ ચંદ્રમાં, તેમ જ શ્રી ગુરૂમાંહિ જો,
મ્હારૂં મન મોહી રહ્યું છે, છે શિવ સુખડાં જ્યાંહી. મન મ્હારૂં૦ ૮
દીન જાણીને કરૂણા કીધી, હરવા જન ઉપતાપ જો;
સન્માર્ગે વૃત્તિ દોરાવી, એવો આપ પ્રતાપ. મન મ્હારૂં૦ ૯
નિત્ય નિત્ય આવો આનન્દ આપો, અમે તો પામર પ્રાણી જો;
દયા કરીને દુખડાં કાપો, જીવ બિચારા જાણી. મન મ્હારૂં૦ ૧૦
તન ધન જોબન સર્વે જાણ્યાં, આળપાળ પંપાળ જો;
એક અજીત સદ્‌ગુરૂને ચરણે, ઉદય ભાગ્ય વિશાળ. મન મ્હારૂં૦ ૧૧

મુંબાઇ. મુનિ અજીતસાગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "प्रभु साथे कर प्रेम हवे."–गरबो.

( ૪૨ )

( અચકો મચકો કારેલી—એ રાગ. )

બહુબહુ દુઃખના દિન વિત્યારે, પ્રભુ સાથે કર પ્રેમ હવે;
નવ મોહની બાજી જીત્યારે, પ્રભુ સાથે કર પ્રેમ હવે. ૧
રામાનો બનીઓ રસીઓરે, પ્રભુ સાથે કર પ્રેમ હવે;
વળી પરઘર માંહે વસીઓરે, પ્રભુ સાથે કર પ્રેમ હવે. ૨
જગ ઝેર હળાહળ જાણરે, પ્રભુ સાથે કર પ્રેમ હવે;
એથી થઈ સત્સુખ હાણરે, પ્રભુ સાથે કર પ્રેમ હવે. ૩
ત્હેં બહુબહુ જન્મો ધરીઆરે, પ્રભુ સાથે કર પ્રેમ હવે;
ત્યાં ફેર જીવ ત્હેં કરીઆરે, પ્રભુ સાથે કર પ્રેમ હવે. ૪
મળી કોઈ સ્થળે નહિ શાન્તિરે, પ્રભુ સાથે કર પ્રેમ હવે;
ભૂલ્યો પામીને ભ્રાન્તિરે, પ્રભુ સાથે કર પ્રેમ હવે. ૫
દુઃખ કેરા દરિઆ રેલ્યારે, પ્રભુ સાથે કર પ્રેમ હવે;
મદમગરે મુખથી ન મેલ્યારે, પ્રભુ સાથે કર પ્રેમ હવે. ૬
આશા અગ્નિના તડકેરે, પ્રભુ સાથે કર પ્રેમ હવે;
તપીઓ પણ હજી ના અટકેરે, પ્રભુ સાથે કર પ્રેમ હવે. ૭
પરપ્રાણ દુભે હુંશીઆરરે, પ્રભુ સાથે કર પ્રેમ હવે;
પરદ્રવ્યમાં બહુ પ્યારરે, પ્રભુ સાથે કર પ્રેમ હવે. ૮
માયાના ફન્દે ફસીઓરે, પ્રભુ સાથે કર પ્રેમ હવે;
ખાંતે ત્યાંથી નવ ખસીઓરે, પ્રભુ સાથે કર પ્રેમ હવે. ૯
પરપ્રમદાથી કરી પ્રીતરે, પ્રભુ સાથે કર પ્રેમ હવે;
નવ સમજ્યો આતમ રીતરે, પ્રભુ સાથે કર પ્રેમ હવે. ૧૦
છે સ્નેહ હજી સંસારેરે, પ્રભુ સાથે કર પ્રેમ હવે;
ક્યાંથી તું પહોંચીશ આરેરે, પ્રભુ સાથે કર પ્રેમ હવે. ૧૧
છે નૌકા આવી કીનારેરે, પ્રભુ સાથે કર પ્રેમ હવે;
સદ્‌ગુરૂજી પાર ઉતારેરે, પ્રભુ સાથે કર પ્રેમ હવે. ૧૨
કહે અજીતસાગર સારરે, પ્રભુ સાથે કર પ્રેમ હવે;
કર ભવની બેડલી પારરે, પ્રભુ સાથે કર પ્રેમ હવે. ૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગુરુજીને વિનતિ.

## ( ૪૩ )

( રઘુપતિ રામ હૃદયમાં રહેજોરે—એ રાગ. )

વ્હાલા ગુરૂરાય દર્શન દેજોરે, મારા હૃદયમંદિરમાં રહેજોરે—એ ટેક.
જેવી જળસંગ મીનની માયારે, છુટા પડતામાં પ્રાણ ગુમાવ્યારે;
એવા વ્હાલા છો સદ્ગુરૂરાયા. વ્હાલા૦ ૧
જેવી કુમુદની ચંદ્રમાં સુરતીરે, એવી પ્રેમી તમારી મૂર્તિરે;
મારા દીલમાં ભજનરસ ભરતી. વ્હાલા૦ ૨
એકવાર અમૃતરસ પીધોરે, લ્હાવો અપૂર્વ એ થકી લીધો રે;
મ્હને ઉપકાર અનુપમ કીધો. વ્હાલા૦ ૩
આપ નયવચનની માંહીરે, મારી સુરતા ખરેખર મોહીરે;
આવા ભાગ્યવાળા જન કોઈ. વ્હાલા૦ ૪
આપ સન્મુખ દિન પળ થાયરે, આપ વિયોગે પળ જુગ જાયરે;
મારે નયણે તો નીર ન માય, વ્હાલા૦ ૫
વાણી આપની અમૃત જેવીરે, જેને ભવ્યજનોએ સેવીરે;
ગુરૂ આપની મોહની કેવી. વ્હાલા૦ ૬
તમો સદ્ગુણ કેરા સિન્ધુરે, અમમાં ગુણ નથી એક બિન્દુરે;
અમો મલિન ગુરૂ તમે ઇન્દુ. વ્હાલા૦ ૭
અમ અવગુણ ઉર ન ધરજોરે, અમ પાપ બધાં પરહરજોરે;
પ્રેમે આવી હૃદયમાંહી ઠરજો. વ્હાલા૦ ૮
જેવી ચંદ્ર વિના સૂની રાતરે, જેવો પુત્ર વિના સૂનો તાતરે;
એવાં અમ તમવિણ સાક્ષાત. વ્હાલા૦ ૯
પ્રેમ આપ વિષે બહુ જાગ્યોરે, ભાવ આપ ચરણમાં વિરામ્યોરે;
મારો જીવ પરમસુખ પામ્યો. વ્હાલા૦ ૧૦
જેવો હાથ ગ્રહ્યો તેવો ગ્રહજોરે, અમને આપનાં કરી લેજોરે;
ગુરૂરાય અજીત ઉર રહેજો. વ્હાલા૦ ૧૧

મુંબાઇ. મુનિ અજીતસાગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " आटली खबर चन्दा गुरुजीने कहेवी."

## ( ૪૪ )

( રાગ ધોળનો. )

આટલી ખબર ચંદા ગુરૂજીને કહેવી,
કયારે તે દર્શન પાછા દેશો,
સદ્‌ગુરૂજી ! સેવક અરજ કરે છે.
આપ વિયોગે તનમાં તાપ ઘણો છે,
મનમાં તો ખેદ ન માય, સદ્‌ગુરૂજી સેવક અરજ કરે છે. ૧
ચાલ્યું ચોમાસું આવી પહોંચી દીવાળી,
લોકો આનંદે મારૂં મનતો દુભાય. સેવક૦ ૨
સ્વાદુ ભોજનીયાં જમતાં લોક બનાવી,
મુજને ના ભાવે કોઇ સ્વાદુ ભોજન. સેવક૦ ૩
સુંદર શણગાર પ્હેરી લોક ફરે છે,
મારૂં શણગાર માટે દીલડું છે ખિન્ન. સેવક૦ ૪
સૂર્ય વિના તે જેવી કમલિની સૂની,
સૂના સદ્‌ગુરૂજી અમો આપના દાસ. સેવક૦ ૫
વહેલા પધારી વ્હાલા દર્શન આપો,
તર્ષા જનોની ટાળો પ્રેમે પીપાસા. સેવક૦ ૬
જેમ જેમ સાંભળે તેમ તેમ અન્તર વેદના,
દિન દિન વધતી વધતી જાય. સેવક૦ ૭
નયણામાં ઉંઘ કાંઇ જણાતી છે નહી,
શ્રાવણ ભાદ્રનાં પાણી ઉલટયાં દેખાય. સેવક૦ ૮
ચંદ્ર વિનાની જેવી રાત્રિ છે સૂની,
સુર્ય વિના તે જેવો દિવસનો દાવ. સેવક૦ ૯
સૈન્ય સૂનું સેનાપતિ વિનાનું
એવા અમારા ગુરૂજી વિના દેખાવ. સેવક૦ ૧૦
સર્વે તે સૂનાં મીંડાં જયાં નહી એકડો,
એક સંગાથે શૂનનું દસગણું જોર. સેવક૦ ૧૧
આપ વિનાના વૈભવ સર્વે છે નિષ્ફળ,
આપ દર્શને બધા સફલ છે પ્હોર. સેવક૦ ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાસની અરજી ગુરૂજી સાંભળવી પડશે,
વિરહની વેદનાએ ફરૂં દિન રાત. સેવક૦ ૧૩
પાછા પધારી કૃતકૃત્ય કરવાં રે પડશે,
ઉપદેશ આપી કરવી પડશે સુખ શાત. સેવક૦ ૧૪
અમારા પ્રાણ કેરા આપ આધાર છો,
અમારૂં જીવન ગુરૂજી તમારે હાથ. સેવક૦ ૧૫
તમારાં જીવાડયાં તો છેએ સજીવાં,
આપ વિના ગુરૂજી અમો અનાથ. સેવક૦ ૧૬
જેમ જેમ દિન જાય તેમ તેમ હૈડું અધીરૂં,
કેમે કરીને નથી કઢાતો કાળ. સેવક૦ ૧૭
થરથર પદ થાયે કીધું મુખથી ના જાયે,
વેલેરા આવો તો તો ભાગ્ય વિશાળ. સેવક૦ ૧૮
એટલી ખબર સેવક કરે છે ચંદ્રને,
આવ્યા કાગળ માંહી રૂડા સદેશા. સેવક૦ ૧૯
એક બે દિવસમાંહી વિહાર થાશે,
સેવક ઉર ધરશો નહી સ્વલ્પ કલેશ. સેવક૦ ૨૦
એક બે દિવસમાં આવ્યા સદ્‌ગુરૂ સ્વામી,
દર્શન આપી ગુરૂએ દર્શાવી મ્હેર. સેવક૦ ૨૧
સેવક પણ દર્શન કરી આનન્દ પામ્યા,
વર્તાઈ વખત એવે લીલા તે લ્હેર. સેવક૦ ૨૨

મુંબાઈ. મુનિ અજીતસાગર.

---

## અધ્યાત્મ વર્ષાઋતુ.

( ૪૫ )

( વીરા વસ્તુ વિચારીને હોરીએ—એ રાગ. )

આવી આવી પરમ સુખકાર, થયો જયકાર, વ્હાલી વર્ષાઋતુ.
ગાજે ગગનમંડલ વિષે ગર્જના, થાય અનહદ નાદ અપાર,
ને વારંવાર.— વ્હાલી૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરૂકરૂણાનું વરસે વારિ ઘણું, ભુમી અંતર કેરી ભીંજાણી,
સરસ સોહાણી.— વ્હાલી૦ ૨
ચમકે વીજળી સ્મરણરૂપ સર્વદા, હરખે સાત્વિક વૃત્તિ મયૂર,
રટે છે મધુર.— વ્હાલી૦ ૩
કૃષીકાર જ્ઞાની તથા ધ્યાનીને, ઉરમાં ઉપજાયો આનન્દ,
અમૃત રસકંદ.— વ્હાલી૦ ૪
ઉગ્યા શુભકરમરૂપ છોડવા, નિત્ય વૃદ્ધિ પામે રૂડી પેર,
થઈ લીલા લ્હેર.— વ્હાલી૦ ૫
ઘડીમાં પૂર ચઢે છે ગંગાવિષે, ઘડીમાં યમુનાનાં નીર છલકાય,
તથા ઉભરાય.— વ્હાલી૦ ૬
બન્ને વચ્ચે સરિતા સરસ્વતી, વહે વારિ વિમલ વિલસાય,
જ્ઞાની નર ન્હાય.— વ્હાલી૦ ૭
જે કોઈ પુણ્ય ઉદયવાળાં માનવી, એમાં નેહ કરીને ન્હાય,
પરમ સુખ થાય. વ્હાલી૦ ૮
એને કાંઠે વસે મારો વ્હાલમો, સમતા સુન્દરીને લઈ સાથ,
નિરંજન નાથ.— વ્હાલી૦ ૯
પ્રભુજીનું સ્વરૂપ શું વર્ણવું, ઝળકે જળહળ મુખડાની જ્યોત,
અનુપ ઉદ્યોત.— વ્હાલી૦ ૧૦
આખા જગના સમગ્ર આનન્દથી, કોટી કોટી ઘણો છે આનંદ,
શીતળતામાં ચંદ.— વ્હાલી૦ ૧૧
આવ્યો શ્રવણરૂપી આ સુધા સમો, હરતો કલેશ તથા કંકાસ,
સુશ્રાવણ માસ.— વ્હાલી૦ ૧૨
શાન્તિ રૂપ શીતળા સાતમ છે, તેને પાળે તે તો સદાય,
પ્રભુજીને પાય.— વ્હાલી૦ ૧૩
અન્તમાંહી પર્યુષણ આવીયાં, એનું રૂપ જ્ઞાનીને જણાય,
મહા મહિમાય.— વ્હાલી૦ ૧૪
આવ આવ સગી મ્હારી બેનડી, કરીએ આત્મપ્રભુ સહ કેલી,
આનન્દની હેલી.— વ્હાલી૦ ૧૫
રહીયે અજીત અખંડ પ્રભુ પાસે, એજ સ્વામી સંગાથે બ્હેન,
સદા સુખ ચેન.— વ્હાલી૦ ૧૬

મુંબાઈ. મુનિ અજીતસાગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# छ ऋतुओनो एकसाथे संघ.

( ૪૬ )

( રાગ ઉપરનો. )

દેહ બાગ વિષે અચરજ દીઠું, રહેછે છએ ઋતુઓનો સંઘ,
આપે સુઉમંગ.— વિશુદ્ધ વધામણી૦ ૧
રૂડું હૃદય સ્વરૂપ મંદિર છે, વચ્ચે બીરાજે આતમ દેવ,
કરે જ્ઞાની સેવ.— વિશુદ્ધ૦ ૨
પ્રેમરૂપ વરસાદ વહી રહ્યો, ગયો જગત ઉન્હાળાનો તાપ,
ગુરૂને પ્રતાપ.— વિશુદ્ધ૦ ૩
વિષયરૂપ કમલ તુટી ગયાં, ઉઘડયાં ભક્તિ ચંએલીનાં ફુલ,
સુમંગલ મૂલ.— વિશુદ્ધ૦ ૪
બીજી શરદ સદા સુખકારિણી, પાકયાં સુકૃતરૂપ અનાજ,
કાપે માળી આજ.— વિશુદ્ધ૦ ૫
દયારૂપ દીવાળીના દહાડલા, મંદિર મધ્ય બહુ પ્રકાશ,
આપે છે ઉલ્લાસ.— વિશુદ્ધ૦ ૬
ત્રીજી શિશિર ઋતુતણી વાતછે, બ્હાય સમતા સ્વરૂપી શીત,
કરાવે છે સ્મિત.— વિશુદ્ધ૦ ૭
દૈવી દીવાળીનો ત્હેવાર છે, એ તો ઘટમાંહી આતમગુણ,
નાશક દુરગુણ.— વિશુદ્ધ૦ ૮
ચોથી હેમંત દિલ હરખાવતી, આપે અંગે બરોબર શક્તિ,
પ્રભુમાં આસક્તિ.— વિશુદ્ધ૦ ૯
ઘટ બાગતણી બધી નીકમાં, વહે શ્રદ્ધા સ્વરૂપી વારિ,
વાવી લેએ કયારી.— વિશુદ્ધ૦ ૧૦
મહારાણી બધી ઋતુઓતણી, વસે પ્રેમ કરીને વસન્ત,
મહા શોભાવંત.— વિશુદ્ધ૦ ૧૧
ફૂલ્યાં ફૂલ નિયમરૂપ વૃક્ષનાં, ગાય જ્ઞાની સોહં ફાગ,
ઉપજે અનુરાગ.— વિશુદ્ધ૦ ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છઠ્ઠી ગ્રીષ્મ ઋતુ છબીલી સોહે, જ્ઞાન સૂર્ય ઉગે છે તકાશી,
ખુબી બની ખાસી.— વિશુદ્ધ૦ ૧૩
પ્રભુ પ્રાપ્તિના વિવિધ પ્રકાર તે, ઘામ શમવાના સર્વપ્રકાર,
મહા મંગલકાર.— વિશુદ્ધ૦ ૧૪
જઈને એમાં વસે જે પ્રાણીયા, તેનાં દુ:ખ દારિદ્ર દળાય,
દુ:ખો સૌ દટાય.— વિશુદ્ધ૦ ૧૫
થાવું અજીત સ્વરૂપ શુદ્ધબુદ્ધ છે, કરી વાસ મનોહર બાગ,
માનવ તન લાગ.— વિશુદ્ધ૦ ૧૬

મુંબાઇ. મુનિ અજીતસાગર.

---

## ( ૪૭ )

( લાગી લાગીરે મ્હને લાગી, મ્હારા વ્હાલમાની—એ રાગ. )

બાવા બાવારે અમો બાવા,
અવધૂત જોગી અલખ ચેતાવનાર બાવા.—ટેક૦

ઇચ્છિત આહાર અમને નવ જોઈયે,
જે જે મળે તે મીઠા માવા.—અવધૂત૦ ૧

માથે મળ્યા છે ગુરૂ મહન્ત મહોદય,
ચેલા ફક્કડ તેના મ્હાવા.—અવધૂત૦ ૨

સત્ય દેશ જાવા તણો મારગ સુજયો,
લાગ્યો જ્યોતિને માર્ગ જાવા.—અવધૂત૦ ૩

વિમલ વ્હાલપ કેરાં વ્હાણલાં વાયાં,
દિશાઓ લાગી છે દેખાવા.—અવધૂત૦ ૪

આશા દુ:ખદ દુનીયાતણી છે નહી,
ગૂઢ બ્રહ્મજ્ઞાન લાગ્યા ગાવા.—અવધૂત૦ ૫

ગમાર લોક કેરી ગોઠડી ગમે નહી,
ઉર્મિઓ ઉસ્તાદ દોસ્ત થાવા.—અવધૂત૦ ૬

વિકટ ગિરિ છે શ્રીવિભુપદ કેરો,
દુષ્ટ દાનત સાથ દાવા.—અવધૂત૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાન ગાંજા કેરી નિત્ય ચલમ ચેતાવું,
ભાવ ભાંગ કેરી પ્યાલી પાવા.—અવધૂત૦ ૮
વિશ્વનાં ભુવન લાહ્ય સરીખાંજ લાગે,
ભક્તિ મઢી માંડી છે બનાવા.—અવધૂત૦ ૯
અજીત આનંદ તણી લહેરી અતિ લેવા,
લક્ષ સાથ લઉછું ત્યાગ લ્હાવા.—અવધૂત૦ ૧૦

પાટણ. મુનિ અજીતસાગર.

## સુમતિની આત્માપ્રતિ વિનતિ.

( ૪૮ )

( લાગી લાગીરે મ્હને લાગી—એ રાગ. )

વ્હાલી વ્હાલીરે મ્હને વ્હાલી,
સખી વ્હાલીડાની લગની લાગી છે ઘણી વ્હાલી. ટેક.

પ્રીતમના પગલે પરિપૂર્ણ પ્રેમથી,
ચેતન ચતુરા હું તો ચાલી.—સખી૦ ૧
નીંદડી ન આવે થયાં વેરી લોચનીયાં,
આતમ ગયા છે દગો આલી.—સખી૦ ૨
જામની બ્હેરણ જાણે જુગ જેવી જાય છે,
અંગ અંગ લાગી રંગ તાળી.—સખી૦ ૩
ભામિની હું ભવ્ય મ્હારા નવલનાથજીની,
સ્હેજ તો લાગેછે ખાલી ખાલી.—સખી૦ ૪
વાટડી જોઉં છું નિત્ય હાડીયા ઉડાડી,
પવિત્ર પતિવ્રત પાળી.—સખી૦ ૫
ઉર અકળાય ચરચર નિત્ય થાય છે,
નયન સુકાયાં પંથ ન્યાળી.—સખી૦ ૬
પ્રેમથી પધારો નાથ હવે હદ થઈ છે,
પ્યારીને ના મૂકશો પ્રજાળી.—સખી૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિરહના સિંધુથી તારી લઈ ત્રિયાને,
હેતસાથ કરો હર્ષવાળી.—સખી૦ ૮
અમર ચૂડીલો ત્હારા નામનો પહેર્યો છે,
હજીએ ન હાડ નાખો ગાળી.—સખી૦ ૯
અબળાની અર્જ સુણી પીયુજી પધાર્યા,
હૈડા કેરી હાટડી ઉજાળી.—સખી૦ ૧૦
અજીત કહે આશા તણો સિન્ધુ ઉભરાયો,
વ્હાલી બની ભાગ્યની વિશાળી.—સખી૦ ૧૧

પાટણ—સાગરગચ્છનો ઉપાશ્રય. મુનિ અજીતસાગર.

## काया अने आत्मानो संवाद.

( ૪૯ )

( પૂનેમ ચાંદની ખીલી પૂરી અહીં રે—એ રાગ. )

કાયા—મુજને એકલડી તજી સ્વામી નવ સીધાવજો રે,
હું તો આપ તણી દાસી છું હે દીલદાર !
પ્યારી માનુની કેરૂં નમ્રવચન પતિ ! માનજો રે.—ટેક.

( સાખી. )

આપ તણા સંગાથમાં, ફરી ફરી કરૂં આનન્દ;
હરખાઓ હૈડા વિષે, ચકોરીને જેમ ચન્દ.
મારા અન્તરના છો સાચા પ્રાણાધાર,
માટે અરજી અબળા કેરી ઉર ઉતારજોરે. મુજને૦ ૧

( સાખી. )

આત્મા—ત્હારી સંગે બહુ રહ્યો, રઝળ્યો બહુવિધ રાન;
પણ ઠેકાણું નવ પડયું, લીધાં ન સુખનાં લ્હાણ.
હું તો અલખ દેશનો વાસી આતમરાય,
શાણી મારીસાથે કયમકરી દિવસ ગુજારશોરે. મુજને૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( સાખી. )

કાયા—પીયુજી પ્રાણસમા ગણી, રહીશ ત્હમારી સાથ;
કર ગ્રહી ના તરછોડશો, નવલા નૌતમ નાથ.
હરવું ફરવું ખાવું પીવું મોજ મજાહ,
એવી ગમ્મત ત્યાગી હવે ન આપ પધારશોરે. મુજને૦ ૩

( સાખી. )

આત્મા—ત્હારો ને મારો નથી, કહિએ નિત્ય સંબંધ;
હું ત્યાગું નહી તુજને, એનો શો પ્રતિબન્ધ.
ખાવા પીવા સર્વે તુજને છે ઉપભોગ,
સઘળા ક્ષણિક સંગના રંગ તમો વીસારજોરે. મુજને૦ ૪

( સાખી. )

કાયા—મ્હારો ગમ્મત દેશ છે, હું એ ગમ્મત રૂપ;
ગમ્મત પંથે ચાલતાં, ગમ્મત થાય અનુપ.
નવલી નૌતમ નારી કેરાં માનો વેણ,
હરખે પાલવડો પકડયો તો પાર ઉતારજોરે. મુજને૦ ૫

( સાખી. )

આત્મા—મુજને ગમ્મત ના ગમે, ક્ષણ ભરના એ રંગ;
ત્હારા ગમ્મત અગ્નિમાં, હું નવ બનું પતંગ.
કાયા ! વાક્ય ત્હમારાં ઝહેર તણાં પકવાન,
ત્હમારી વિશ્વમોહિની કેરાં વચન વિદારજો રે. મુજને૦ ૬

( સાખી. )

કાયા—બહુ બહુ હાવ વિભાવથી, નાથ ! કરૂં ગુલતાન;
પ્હેરી પટ લટપટ કરૂં, જાણી લઉં જીવ જાન.
પ્રેમની વેલી પાણી પાઈ ઉછેરી આપ,
સમૂળી વિરહ શસ્ત્રથી હવે નહી સંહારજોરે. મુજને૦ ૭

( સાખી. )

આત્મા—ત્હારા હાવ વિભાવમાં, લપટાણો બહુ દિન;
જન્મ મરણ માંહી ભમ્યો, કરી દીધો છિન્નભિન્ન.
તારી મોહ વેલીનાં ખાધાં પાન અપાર,
દુઃખીયો કીધો મારે હવે ન શબ્દ ઉચ્ચારશોરે. મુજને૦ ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( સાખી. )

કુલટા ત્હારા સંગથી, બનીયો છું બેહાલ;
શિવસુંદરી અગ્રગી કરી, જેમાં સાચું વ્હાલ.
મારી લલિતા એવી દેવીના હું નાથ,
મનડું સ્થિર કરી હવે વ્હેલેરાં પધારજોરે. મુજને૦ ૯

( સાખી. )

હું તો જ્યોતિ દેશમાં, વાસ કરી વસનાર;
સત્સુખનાં મોતી ગમે, માયિક નહિ લગાર.
અનુભવ વ્યાપી ગયો છે સમજ્યો સત્ય સ્વરૂપ;
મુનિવર અજીત કેરાં સત્ય વાકય સ્વીકારજોરે. મુજને૦ ૧૦

---

# " પ્રેમની પીડા તે જેને વીતી. "

( ૫૦ )

( લાગી લાગીરે મ્હને લાગી—એ રાગ. )

વીતીઃવીતીરે જેને વીતી તેના જીવ જાણે,
પ્રેમની પીડા તે જેને વીતી. ટેક.

સીતાને હરી ગયો રાવણ રાજા,
કેવી નડી છે કામી પ્રીતિ. તેના૦ ૧

હામ ધામ ગામ ધન માલ ગુમાવ્યા,
વાંદરડે લંક લૂંટી લીધી. તેના૦ ૨

અસુરની સામે સતી સીતા કષ્ટ પામ્યાં,
અંતે બાજી તો લીધી જીતી. તેના૦ ૩

કીચક કામાન્ધ બન્યો વનવાસને સમે,
દ્રૌપદીની કેવી પ્રીતનીતિ. તેના૦ ૪

ચન્દ્રના પ્રકાશમાં ફીકાશતા ઠરી રહી,
દેખો રાત વીત્યા કેરી રીતિ. તેના૦ ૫

જામનીના જીવ જાણે સવારમાં જ્યારે,
સૂર્યના કીરણે વૃત્તિ દીધી. તેના૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાનકીના જીગરમાં પ્રેમ ધુન લાગી,
રામના વિયોગે હદ્દ કીધી. તેનો૦ ૭
જોગીડાએ જોગ જાણી જગત જાહેર માન્યું,
સુંદર સમાધી જો લાગીતી. તેનો૦ ૮
પર્વતને અશ્રુ પડે અશ્રુની નદી વહી,
ભૂમિ અશ્રુએથી ભીંજવીતી. તેનો૦ ૯
હાય હાય ઉર અકળાય અલબેલા વિના,
બ્હાવરી ફરૂં છું બ્હીતી બ્હીતી. તેનો૦ ૧૦

પાટણ. મુનિ અજીતસાગર.

---

# संसारनी असारता.

## ( ૫૬ )

( ગોકુલ વહેલા પધારજો રે—એ રાગ. )

જીવવું જગમાં ઝાઝું છે નહીરે,
કરો છો શાને ક્રોધ કંકાસ હો લાલ. જીવવું૦ ૧
કરીઆ કરી લે આતમ કાજનીરે,
કરીલે ઈશ્વરમાં પ્રીત ખાસ હો લાલ. જીવવું૦ ૨
જોતાં જોતાં ચાલ્યા જોડીઆરે,
ચાલ્યાં ભગીની ભાણેજ ભાઈ હો લાલ. જીવવું૦ ૩
હજીએ ચેતન તું ચેતે નહીરે,
દુનીયા છે સઘળી દુઃખદાઈ હો લાલ. જીવવું૦ ૪
જેવાં ઝાકળ પાણી પલકનાં રે,
ખોટા મોતીના દેખાવ હો લાલ. જીવવું૦ ૫
ઉપરથી ભાસે સાચા દાણલારે,
જુઠડા અંતે સર્વ જણાય હો લાલ. જીવવું૦ ૬
પાણી પહેલી બાંધી પાળલેરે,
નો તો જળ કાંઈ રહી જાય હો લાલ. જીવવું૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વહી ગયા કેઈ બંધુ ! શું બાંધશોરે,
ચેતન ! ચેતો ચિતડામાંહ્ય હો લાલ. જીવડું૦ ૮
કર છે સાજા ત્યાં લગી સ્નેહથીરે,
કરતું સાધુ દેવની સેવ હો લાલ. જીવડું૦ ૯
ત્હારા પગ છે જ્યાં સુધી ચાલતારે,
દર્શન કરવા રાખીશ ટેવ હો લાલ. જીવડું૦ ૧૦
જે કારણ તું દશ દિશ દોડતોરે,
પરનાં પોષણ કરવા કાજ હો લાલ. જીવડું૦ ૧૧
અન્ત સમયમાં ચાલીશ એકલોરે,
ત્હારો નહી ચાલે ઇલાજ હો લાલ. જીવડું૦ ૧૨
પરને માટે હે ચેતન ! તને રે,
કરવાં ઘટે ન ખોટાં કામ હો લાલ. જીવડું૦ ૧૩
પુત્ર કલત્ર સહુ અહીયાં રહેરે,
એકલું જાવું ત્યાગી ધામ હો લાલ. જીવડું૦ ૧૪
એવું સમજી મનમાંહિ હવે રે,
કરી લે આતમનો ઉદ્ધાર હો લાલ. જીવડું૦ ૧૫
પરમાતમના પદમાં પહોંચવા રે,
કર પ્રભુવાકયોમાંહિ પ્યાર હો લાલ. જીવડું૦ ૧૬
સાચો સાહિબ સુખ ભંડાર છે રે,
દુ:ખનાં ત્યાંહી નથી દરશન હો લાલ. જીવડું૦ ૧૭
અજીતસાગર ઈશને ઓળખો રે,
કરી લ્યો આ ભવ પ્રભુ પ્રસન્ન હો લાલ. જીવડું૦ ૧૮

---

## " फेशनना फंदमां फसाया. "

( ૫૨ )

( પ્રેમની પીડા તે કોને કહીયે—એ રાગ. )

ફેશનના ફંદમાં ફસાયા, ફૂલણભાઈ !
ફેશનના ફંદમાં ફસાયા.—ટેક૦

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુનીયામાં થયા ઢોઢડાહ્યા, ફુલણભાઈ !
ફેશનના ફંદમાં ફસાયા. ૧
આગમ વિહિત શુદ્ધ, પાણીડાં ન પીધાં,
ગટરની તાણમાં તણાયા. ૨
સાધુજનોની સારી સભામાં ન આવ્યા,
જુગારીની ટોળીમાં જણાયા. ફુલણ૦ ૩
શિવસુંદરીની સાથ સ્નેહ નવ રાખ્યો,
વેશ્યાઓના હાટમાં વેચાયા. ફુલણ૦ ૪
શાન્તિકારક સિધે શેરડે ન ચાલ્યા,
કંટકની ધુંચમાં ધુંચાયા. ફુલણ૦ ૫
કિંમત ભરેલો કાળ કથામાં ન કાઢયો,
દિન બધા ગપ્પામાં ગુમાવ્યા. ફુલણ૦ ૬
ધાર્મિકજનોની પાસ સ્નેહે નવ આવ્યા,
ધૂતારાના સંગમાં ભરાયા. ફુલણ૦ ૭
ગુણનિધિ આતમાની કરી નહી ગોઠડી,
હેતે પરનારીમાં ફસાયા. ફુલણ૦ ૮
આતમના પંથમાં ન એકે પાય મૂકયો,
ઉલટા મારગમાં ઉજાયા. ફુલણ૦ ૯
કાલ આવી જીવડાને ઘર બહાર કાઢશે,
અજીત કહે અન્તમાં મુંઝાયા. ૧૦

## साधनक्रियामां प्रवृत्त जीवात्मारूप युवतिने परमात्मारूप पतिनो वियोग.

### ( गरबी. )

( ૫૩ )

( રાતલડી કોની સંગે જાગ્યા—એ રાગ. )

વ્હાલમ વિના ઘેલીને સૂની ફરૂંછું, રાતલડીમાં એકલડી હું ડરૂંછું.
વ્હાલમ૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્હાલામાટે જોગણરૂપ ધર્યું છે, ચિતડું મ્હારૂં વ્હાલમ સંગ વર્યું છે;
નિશદિન ધ્યાન હૃદયમાં ધર્યું છે. વ્હાલમ૦ ૧
ગઈ રે મ્હારી બેભાનમાં બધી બુદ્ધિ,વિસરી ગઈ સુંદરી ! હું કેરી શુદ્ધિ;
વિરહમાં ભટકે અહીં તહીં વૃત્તિ. વ્હાલમ૦ ૨
કરૂં ઉપવાસ સ્વામી માટે સારા, થયા દૂર નયન તણા મુજ તારા;
દુઃખડલામાં ડુબી મરી જાય દારા. વ્હાલમ૦ ૩
ભુવન સ્વામીવિનાના સ્મશાન ભાસે,વિના પાણી મીન મરી જાય પ્યાસે;
હવે અકળાઈ ગઇ છું ઉદાસે. વ્હાલમ૦ ૪
કંથા જેવા લાગી રહ્યાછે શ્રૃંગાર, અંગે અંગ વર્ષી રહ્યા છે અંગાર;
પ્રીતમ પ્યારો વિદેશ પ્રાણાધાર. વ્હાલમ૦ ૫
આંખલડી તેજ વિના જેવી લાગે, ચકોરી તે ચન્દ્રવિના કેમ જાગે;
એવો મ્હારો પિયુમાં અનુરાગે. વ્હાલમ૦ ૬
પ્રીતમ કેરા પ્રેમને ફંદે પડીછું, રસીયા વિના રેન દિવસમાં રડીછું;
જોગણ વેશે નાથવિના એકલડીછું. વ્હાલમ૦ ૭
અરે કોઇ આવો પીયુને બતાવો, જુવતી કેરા કોડ તે પૂર્ણ કરાવો;
અજીત પ્રભુ ! પધારો પ્યારી બચાવો. વ્હાલમ૦ ૮

---

## ( गरबी. )

### ( ૫૪ )

( આવો સ્વામી રાસ રમો વ્હાલા—એ રાગ. )

અરે કોઈ પ્રેમ કરો ન કરો, અન્તે એક દીવસ રોઈ મરો. ટેક.
કર પ્રેમ પાણીમાં માછલડી, જીવે નહી જળ વિના એક ઘડી;
નાંખી થતાં મૃત્યુની રેખ નડી. અરે૦ ૧
ટીંટોડાએ પુત્રમાં પ્રેમ કર્યો, પાથરી જાળ પારધી તત્ર ઠર્યો;
ટીંટોડી સહિત એ મર્દ મર્યો. અરે૦ ૨
કર્યો પ્રેમ પદ્મે સૂરજ સામો, સાયંકાળે હર્ષ થયો નકામો;
જામનીમાં તો વિરહ અતિ જામ્યો. અરે૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુમુદની ચંદ્ર વિષે પ્રીતિ, રાતલડી તો પલવારમાં વીતી;
સવારમાં ભીડાવાની ભીતી. અરે૦ ૪
પ્રીતમ કેરૂં જ્યારે શરીર પડે, ચિતા પાસે તુરત સતી જઈ અડે;
બાળી મૂક્યું અંગને અગ્નિવડે. અરે૦ ૫
ચાતકી પાણી સ્વાતિનું જ પીએ, બીજાં જળ પી ન શકે જરીએ;
બારે માસ તરસેથી મરીએ. અરે૦ ૬
વ્હાલીડાનો પ્રેમ ઘણો ન્યારો, ખલકભોગ કરી દે છે ખારો;
હૃદયઘટમાં દુઃખ ભરનારો. અરે૦ ૭
વાળું પણ મનડું કહ્યું ન કરે, નયનમાંથી જળ ચોધારે ઝરે,
મોહન વિના તલસી તલસી મરે. અરે૦ ૮
હવે ઈષ્ટ ! આવી મળોરે મળો, જનમ મૃત્યુ કેરાં દાળિદ્ર દળો;
અજીત હવે અળગો કરો આંમળો. અરે૦ ૯

પાટણ. મુનિ અજીતસાગર.

---

## પૂર્ણ પ્રેમ લ્હાવ ક્યારે લૈશું ?

( ૫૫ )

( લાગી લાગીરે મને લાગી—એ રાગ. )

લૈશું લૈશું રે બ્હેની લૈશું, પ્રેમી પંથી કેરા,
પૂર્ણ પ્રેમ લહાવ ક્યારે લૈશું.—ટેક.
જે જે શિર કષ્ટ પડે તેને સ્વામી સંગે,
સુખ માની સ્નેહ સાથ સહિશું. પ્રેમી૦ ૧
વિકટ વિરહ તણી વાટડી વટાવી,
વ્હાલપની સરિતામાં વ્હેશું. પ્રેમી૦ ૨
અન્તરની ઉરમીઓ અન્તર વિભેદી,
સુખ દુઃખ તણી કહેણી કહિશું. પ્રેમી૦ ૩
દીનબન્ધુ નાથ ! પ્રાણ દીનદાસી કેરા,
તેને ક્યારે આત્મદાન દૈશું પ્રેમી૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અક્ષય આનન્દના અધિપતિ સાથે,
વિશ્વતણા રાગ ત્યાગી રહિશું. પ્રેમી૦ ૫
મનના મોહન અને જીવના જીવણહાર,
પ્રાપ્ત કર્યા મહેલમાં પછી શું ? પ્રેમી૦ ૬
હૈડા કેરા હાર પુષ્પ કલ્પવૃક્ષ કેરા,
પ્હેર્યાં પછી લોકડાં હસે શું ? પ્રેમી૦ ૭
પૂર્વમાં ઉદય જ્યારે પ્રભાકર પામ્યા,
બાદ રાત્રિતિમિર રહેશું ? પ્રેમી૦ ૮
અગર ચન્દન તેલે અંગ લપેટાયું,
બાદ દેહ આતપ દહે શું ? પ્રેમી૦ ૯
દીલસાથ દીલ દીધાં એકરૂપ કીધાં,
પછી પ્રાણનાથજી જશે શું ? પ્રેમી૦ ૧૦
છેલ છબીલાની સાથ હેતથી હળીમળી,
અજીત થયાં અન્ય ત્યાં સ્મરે શું ? પ્રેમી૦ ૧૧

પાટણ. મુનિ અજીતસાગર.

---

## " વ્હાજે વ્હાજેરે છેલા વ્હાજે ત્હારી બંસરીમાં રમ્ય ગીત પ્રેમ કેરાં વ્હાજે. "

( ૫૬ )

( રાગ ઉપરનો. )

વ્હાજે વ્હાજેરે છેલા વ્હાજે ત્હારી બંસરીમાં
રમ્ય ગીત પ્રેમ કેરાં વ્હાજે. ટેક.
વિશ્વ કેરા તાપની ઉત્થાપના કરંતી,
ત્હારી છબીલા વાણી છાજે. ત્હારી૦ ૧
ત્હારી રસભીની છબી જોઇને અહોનિશ,
રતિપતિ દીલડામાં લાજે. ત્હારી૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોહક સુમુખ ચન્દ્ર કાન્તિને લજાવે,
ભ્રકુટીમાં કામણ બીરાજે. ત્હારી૦ ૩

સુંદર સોહામણી ને માનુની મોહામણી,
પ્રીતડીની મીઠી પ્યાલી પાજે. ત્હારી૦ ૪

વિમલ વદન પર મન મારૂં મોહ્યું,
ડરૂં નહી લોકડાની લાજે. ત્હારી૦ ૫

રમ્ય રાન માંહી લીલા શોભતી લલીતા,
ગુહ્ય બ્રહ્મ વીણા મધે ગાજે. ત્હારી૦ ૬

કોયલડી બંસરી સુણીને ચૂપ બેઠી,
મીઠડી અનેરી વેણુ વાજે. ત્હારી૦ ૭

શુકલ કાન્તિ શશિ તણી સુંદર છવાઈ,
બેવડી મધુરો એ આજે. ત્હારી૦ ૮

સરસ્વતી વિણા હવે શીરીતે બજાવે,
પ્યારી બંસીથી ખુબ લાજે. ત્હારી૦ ૯

અજીત બજાવે બંસી દેહકલ્પ ડાલે,
મીઠી મીઠી જેની તો મજા છે. ત્હારી. ૧૦

પાટણ. મુનિ અજીતસાગર.

---

## " બ્રહ્મગાન વ્હાલી મારી ગાતી. "

( ૫૭ )

( રાગ ઉપરનો. )

ગાતી ગાતીરે હતી ગાતી ગૂઢ ગ્રન્થી કેરી,
બ્રહ્મગાન ગોરી વ્હાલી ગાતી. ટેક.

યમુનાની નિર્મલી તરંગ લેખ વેગ સહ,
સુધા સિન્ધુમાંહી જઈ સમાતી. ગૂઢ૦ ૧

એવે ગાને વશ થયું નક્કી ચિત્ત આજ,
મેદી પુષ્પસાયકે સુઝાતી. ગૂઢ૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુન્દરી એ સ્વર્ગ મૃત્યુ પાતાલમાં સર્વથી,
પદ્મિનીમાં પહેલી છે પંકાતી. ગૂઢ૦ ૩

એની ચાતુરી આગે અન્ય કોઈ કામિની,
સંસારમાં નથી જ સુણાતી. ગૂઢ૦ ૪

આતે ગાને મોહ્યા મહુવને મોરલા,
ઘડી ઘડી ગંગ સ્થિર થાતી. ગૂઢ૦ ૫

વૃક્ષવેલી ગુચ્છ પુષ્પ ગન્ધને વધારે,
વાયુ કેરી લ્હેરી ધીમી વાતી. ગૂઢ૦ ૬

રણકાર વાગી ગયો ચૌદ આ બ્રહ્માંડમાં,
નિત્યે આવી નાગિણી ડોલાતી. ગૂઢ૦ ૭

એનાં ચપળ નેન કેરી મહા રમ્યતા,
જોઈ મૃગ યુવતિ લોભાતી. ગૂઢ૦ ૮

ત્રણે ભુવનમાંહી થેઈ થેઈ થઈ રહ્યો,
રંગરેલ રંગીલી રેલાતી. ગૂઢ૦ ૯

દેવ ઋષિ મુનિવર રાગમાં લોભાણી,
દેશીજનોને શું વિલાયતી. ગૂઢ૦ ૧૦

આનન્દ આનન્દ આખી અવનીમાં તરીરહ્યો,
ચંદ્રજ્યોતિ કીધી મદમાતી. ગૂઢ૦ ૧૧

અજીતસાગર શિવસુન્દરીની સાથે,
લાડીલાની લાડીલી લજાતી. ગૂઢ૦ ૧૨

---

## " विरहनी वेदनाओ कारी. "

( ૫૮ )

( રાગ ઉપરનો. )

દારી કારીરે ઘણી કારી દીલદાર કેરી,
વિરહની વેદનાઓ કારી. ટેક.

દુનીયાં દીવાની મ્હને જાણે છે દીવાની,
છતાં નથી તેની દરકારી. દીલ૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પતિવ્રત કેરૂં સુખ જારિણી શું જાણે,
બ્રહ્મ હર્ષ જાણુ કેમ જારી. દીલ૦ ૨

મન વાળી રાખું તોહે રોકતાં રહે નહી,
વારંવાર જાય નેન વારી. દીલ૦ ૩

મીંડકનું મરણુ કષ્ટ મીંડક જ જાણુ,
હાડીઆને હસ્યા કેરી વારી. દીલ૦ ૪

પળમાં પલંગ અને પળમાં હીંડોળે,
ચેન નથી બેસતાં અટારી. દીલ૦ ૫

તોયે પ્રાણજીવન તો હજી ના પધારે,
રાહ જોઇ નેન ગયાં હારી. દીલ૦ ૬

લોચન કસુંબી લાલ લાલ થયાં છે,
શકું કેમ કરી ધૈર્ય ધારી. દીલ૦ ૭

અંગમાં પ્રસ્વેદ આવે કંઠ શુષ્ક થાય છે,
શબ્દ એક શકું ના ઉચ્ચારી. દીલ૦ ૮

શીરીતે સેવાય ચિત્ત ચરચર થાય છે,
શુદ્ધિ બુદ્ધિ સઘળી વિસારી. દીલ૦ ૯

આમજો ત્રિયાને નાથ ! ત્યાગવી હતી તો,
કીધી હતી કેમ પ્રાણ પ્યારી. દીલ૦ ૧૦

અજીતસાગર અહો પ્રેમીની જુદાઇ,
સ્થૈર્યતાની જ્યોતિ નાખે ઠારી. દીલ૦ ૧૧

---

# विज्ञावरीनो विरह.

( ૫૯ )

" जुलमवाळो प्रेम जाण्यो झेरी. "

( રાગ ઉપરનો. )

ઝેરી ઝેરીરે આતો ઝેરી વ્હેરી જામનીનો,
જુલમવાળો દુઃખ જાણ્યો ઝેરી. ટેક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિધુનું મંડલ આજ અગ્નિ વરસાવે,
વિમલ કિરણ બન્યાં વ્હેરી. વ્હેરી૦ ૧
તારલીઆ ઉગી ઉગી દીલ ડરપાવે,
નાહકની કાન્તિ થઈ નમેરી. વ્હેરી૦ ૨
વિયોગિની મારૂં દીલ દહ્યું વિરહાગ્નિએ.
કુસુમતણાં વૃન્દ ઘણા વ્હેરી. વ્હેરી૦ ૩
સૂર્યના પ્રચંડ તાપ તપેછે, નથી આ
શશીતણી જ્યોત્સ્ના રૂપેરી. વ્હેરી૦ ૪
કુમુદી કઠણ બની મુજને હસે છે,
વાન મ્હારૂં નાંખેછે વીખેરી. વ્હેરી૦ ૫
લોકલાજ તજી દઈ ઘેલુડી બની હું,
ઉડી ગઈ સૌમ્યતા સોનેરી. વ્હેરી૦ ૬
એક તાપ દીલડામાં રોમ રોમમાં તપે,
વ્હાય ઉષ્ણ વાયુ કેરી લ્હેરી. વ્હેરી૦ ૭
અરે માતરેન ? તું સદૈવ હોય રૂડલી તો,
બાલિકાને બાલ્યમા ઉછેરી. વ્હેરી૦ ૮
વ્હાલીડાવિનાનાં સુખદુઃખ સરખાં દીસે,
લ્હેર તો સોમલકેરી ઝેરી. વ્હેરી૦ ૯
અજીત આનન્દ કેરાં વ્હાણલાંજ વાશે,
પિયુજીને દેશે વિધિ પ્રેરી વ્હેરી૦ ૧૦

## आमन्त्रण.

( ૬૦ )

( ઓલમા ઓલમા ઓલમા રે—એ દેશી. )

દેશમાં દેશમાં દેશમાં રે, તમો દોસ્તો આવો મ્હારા દેશમાં. ટેક.
સત્ય દેશ કેરાં પંથી આપને થવું હોય,
લોભાશો ના લાલી કેરા લેશમાં રે. તમો૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ૬૫ )

મોહિનીના મંત્ર તંત્ર હોય કદી શીખવા,
તો ન બને આરામને એશમાં રે. તમો૦ ૨

વાસવ સુવીર યદિ હોય વશ કરવા,
તો ન રીઝો કામિનીના કેશમાં રે. તમો૦ ૩

દેવતણા દેવના નરેશ હોય સાધવા,
તો તો મન જોડી દ્યો મહેશમાં રે. તમો૦ ૪

પરમ પ્રદેશમાંહી હોય વાસ પૂરવો,
તો ન ખુશી થાઓ કોટ-કેશમાં રે. તમો૦ ૫

અમૂલ્ય અલભ્ય મણી તણી હોય વાંછના,
વારી જાઓ સાધુજના વેશમાં રે. તમો૦ ૬

અમૃતના નિધિમાં નિમગ્ન હોય થાવું,
બન્ધુ ! તો બુદ્ધ સાથ બેસમાં રે. તમો૦ ૭

પ્રેમપંથી ! પ્રેમપંથે હોય યદિ ચાલવું,
તો પધારો શાન્તિના પ્રદેશમાં રે. તમો૦ ૮

વિરહની કાંટાવાળી વાટડી વિકારી,
ભાઈ જાઓ ન કદી તે દેશમાં રે. તમો૦ ૯

અજીતનો નાથ ત્રણ ભુવનનો ભૂપ છે,
શોધી જો કે સત્યસુખ છે શુંમાં રે. તમો૦ ૧૦

પાટણ. મુનિ અજીતસાગર.

---

## બ્હેન બ્હીશ મા.

( ૬૬ )

( રાગ ઉપરનો. )

બ્હીશમા બ્હીશમા બ્હીશમા રે
પ્રેમપંથમાંહી જાતાં બ્હેન ! બ્હીશમા-ટેક.

ઉભયલોક સુધરે ને કોઈ પછી શું કરે,
હસ્ત આવ્યું નાવડું તજશોમા રે. પ્રેમ૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દીલડાંના ભૂષણેથી દીલડું દીપાવજે,
દુઃખદાયી શ્રૃંગાર સજીશમારે. પ્રેમ૦ ૨

બન્ને હસ્ત મિષ્ટ અન્ન સ્નેહીને સદાયછે,
કોણે કહ્યું ભક્તિમાં ભળીશમા રે. પ્રેમ૦ ૩

જુવાનીના ખરે રંગે હોય જો રંગાવું,
શીલ ધર્મમાંથી તો હઠીશમારે. પ્રેમ૦ ૪

લલિત લીલા જો લક્ષમાંહી હોય લાવવી,
લક્ષ્મીકેરા ચાપશું લડીશમારે. પ્રેમ૦ ૫

પ્રેમના પયોધિમાંહી હોય જો પ્રમોદવું,
આડી અવળી વાડમાં પડીશમારે. પ્રેમ૦ ૬

અમર સૌભાગ્યને અમરરસ જો ચહે,
ચોરટાની બજારે ચડીશમારે. પ્રેમ૦ ૭

અજર અલેખ લેખ લખી લેવા હોય જો,
અભણની સાથ તો ભમીશમારે. પ્રેમ૦ ૮

પ્રીતમનીસાથ પ્રતિ પળ હોય બેસવું,
જારિણીના જૂથમાં જઈશમારે. પ્રેમ૦ ૯

અજિત આનન્દી નાથ હોય આરાધવો,
વિષયના વારિમાં વહીશમારે. પ્રેમ૦ ૧૦

પાટણ. મુનિ અજિતસાગર.

---

## पार्श्वजिन स्तवन.

( ૬૨ )

( જગપતિ કરજો સહાય મારી—એ રાગ. )

પાર્શ્વ પ્રભુ પ્રેમે પાય લાગું,
મન મોહન મુક્તિ માગું,
ભીતિ ભવ સાગરની ભાગું. પાર્શ્વ. ટેક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( સાખી. )

કરો કરૂણા કરૂણાનિધિ, કિંકર પર ધરી પ્યાર;
ભવસાગરમાં ભટકતા, મુજને પાર ઉતાર.

દેવ દયાલુ શરણે તુમ્હારે,
આવી મોહ માયાને ત્યાગું,
બેડી ભવભ્રમણાની ભાગું. પાર્શ્વ પ્રભુ૦ ૧

( સાખી. )

કોમલ ભાવથી કમઠને, કાઢયો ભવોદધિ બહાર;
જળતા બળતા સર્પને, મેલ્યો સ્વર્ગ મોઝાર.

દાયક દાતા જાણી તમોને,
શુદ્ધ ક્ષાયક ભાવને યાચું,
નિજ સત્ય સ્વરૂપે રાચું. પાર્શ્વ પ્રભુ૦ ૨

( સાખી. )

માયા મમતા મન થકી, મુકી દીધી દૂર,
અન્તર વૈરી વિદારવા, પ્રગટ કર્યું શુભ શૂર.

કર્મ કટક સહુ દૂર કરીને,
બન્યા શિવરમણીના રાગી,
શુભ્ર આત્મદશા ઘટ જાગી. પાર્શ્વ પ્રભુ૦ ૩

( સાખી. )

સ્વાત્મદશા સાધી તમે, પામ્યા સુખ ભરપુર;
દ્રવ્ય ભાવ શુભ દાનથી, દારિદ્ર કાઢયું દૂર.

અલબેલા અરિહંત અમોને,
નિત્ય નેક નજરથી નિરખો,
સેવકને કરો તુમ સરખો. પાર્શ્વ પ્રભુ૦ ૪

( સાખી. )

અજીતાનન્દ વિલાસમાં, સદા બિરાજો આપ,
મનગમતા મોહન તમે, તનના ટાળ્યા તાપ.

અજીત પદ પ્રભુ આપો અમોને,
નિત્ય નમીએ નાથ નગીના,
રંગ રસીયા છો રંગ ભીના. પાર્શ્વ પ્રભુ૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# पार्श्वजिन स्तवन.

( ૬૩ )

( રાગ કલ્યાણ. )

જય જગતપતિ, પ્રભુ કાપો કુમતિ, આપો સન્મતિ ને સુણો
મ્હારી વિનતિ ટેક.

શ્રી શોભાથી સુંદર દિશે અણહિલ્લપુર પટ્ટન,
બાગ બગીચા કુવા વાવડી જ્યાં ઝાડું છે ધન. જય૦ ૧

વાડી પાર્શ્વપંચાસરા શ્રી ઢવણા નેમિનાથ,
મલ્લી સામળાદિ જીનજીનાં ચૈત્યોનો જ્યાં ઠાઠ. જય૦ ૨

નરનારી આવેછે નિત્યે નમવા ત્રિભુવન નાથ,
વિનયભાવથી વિનતિ કરીને હર્ષે જોડે હાથ. જય૦ ૩

સુન્દર સરિતા સરસ્વતી તે વહેછે જેનીપાસ,
નિર્મળ નીરે નિર્મળતાથી પુરે જગની પ્યાસ. જય૦ ૪

જાહેર તીર્થ જેની પાસે ઝગમગતું છે આજ,
ચારૂ ચારૂપ જ્યાં બેઠાછે શામળીયા જીનરાજ. જય૦ ૫

મુદ્રા શોભે મનગમતીને અણીયાળીછે આંખ,
ભ્રમરઊપર જાણું ભ્રામણે હું નમી નમી નિર્ખું પાંખ. જય૦૬

આસન આપતણું અર્પેછે અતિ અમને આનંદ,
મનગમતું મટકાળું મુખડું જાણે શરદનો ચન્દ. જય૦ ૭

મોહનગારો મણીબંધને કામણગારા કાન,
ચતુરાઈ ચરણોની જોઇ ભુલાવું ભવભાન. જય૦ ૮

પ્રભાવતીના પ્રાણનાથ છો વણારસી વસનાર,
વામાના માનીતા મોહન રસીયા રાજકુમાર. જય૦ ૯

પુત્ર પિતા શ્રી અશ્વસેનના અરિહંત અલબેલા.
મન મારી માયાને ટાળી થયા શિવવધૂ કંથ. જય૦ ૧૦

ભવભ્રમણે ભમતાં ભુલેલો ભક્ત અહો ભગવાન,
ચરણ કમલમાં ચિત્ત ચોટીને કરે આપ ગુણગાન. જય૦ ૧૧

સ્પર્શવડે જેમ પારસમણીના લોહગુણ પલટાય,
ગુણિયલના ગુણ ગાવતાં તેમ દુર્ગુણ દૂરે જાય. જય૦ ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુન્દર શાન્તદશાના ધારી સામળીયા ભગવન્ત,
અરજ ઉચ્ચારે અજીત આપને માગે મુક્તિનો પન્થ. જય૦ ૧૩

## ચારુપ શામળા પાર્શ્વજિન સ્તવન.

( ૬૪ )

( પુનમ ચાંદની ખીલી પૂરી અહીંરે—એ રાગ. )

ચતુરા ચોખે ચિત્તે ચાલો ચારૂપ જાઇએરે,
જ્યાં છે જગગુરૂ જગપતિ તેવીસમો જીનરાજ,
ગુણીએલ ગુણગણ તેના ગમ્મત સાથે ગાઇએરે. ટેક.

( સાખી. )

શિવરમણીના સાહિબા, સામળીયા મહારાજ;
ભાલા ભાવથી ભેટતાં, સફળ થયો દિન આજ.

નમીએ નાથ નગીના નેમ પ્રેમથી અમે સહુરે,
દિલબર તવ દર્શનથી દિલ મારૂ હરખાય. ચતુરા૦ ૧

( સાખી. )

અતિશય ચાર છે આપને, જન્મથકી જીનરાય;
વિના સમારે શોભતી, કમલ સુકોમલ કાય.

દેખી ઈન્દ્ર ઈન્દ્રાણી અતિ મનમાં મલકાયછેરે,
પ્રભુના પ્રાણવાયુથી દુર્ગંધ દૂરે જાય. ચતુરા૦ ૨

( સાખી. )

રાગરહિત તુજ હૃદયને, જોઈ રૂધિરમાંસથી રાગ;
જન્મથકી ચાલ્યો ગયો, જેમ ગરૂડ દેખીને નાગ.

લાંચ્છન લટકાળું ફણીધરનું શોભે છે અતિરે,
જેને દ્રવ્યભાવથી ઉગાર્યો દઈ દાન. ચતુરા૦ ૩

( સાખી. )

રોગ શોક દૂરે ગયા, અતિશય ભાળી આપ;
સદા શાન્તિની સેજમાં, આનન્દ લેતા અમાપ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના વર્ણન કેરો પાર કોઈ પામે નહિ રે,
જો કોઈ સુરગુરૂ જેવા શક્તિવાળા હોય. ચતુરા૦ ૫

( સાખી. )

જન્મમરણના જુલમથી, તારો ત્રિભુવનનાથ;
કૃપા કરી કિંકરતણો, હેતથી ઝાલો હાથ.

મુજને મનગમતો મુક્તિનો માર્ગ આપજો રે,
કહે છે કરજોડીને અતિ આનન્દે અજીત. ચતુરા૦ ૬

---

## संखेश्वर पार्श्वजिन स्तवन.

( ૬૫ )

( મલ્લિજીન લાગ્યું તુજ ગુણતાન—એ રાગ. )

પાર્શ્વપ્રભુ પ્રેમે પ્રણમું પાય, થાય સ્થિર મનડું મ્હારૂં રે.
લગની મમ તુમથી લાગી, ભ્રમણા ભવ દુ:ખની ભાગી.
પાર્શ્વ પ્રભુ. ટેક.

જાગી જ્યોતિ અન્તર આજ, દેખી તવ દર્શન પ્યારૂં રે. પાર્શ્વ૦ ૧
ચવીયા સુરભવથી સુખે, વામા માતાની કુખે,
આવ્યા જગજીવન જીનરાજ, કાજ શુભ તેનું સાર્યું રે. પાર્શ્વ૦ ૨
સ્વપ્નાં દશ ચાર દઇને, પુન્યાઈ પૂર્વ લઇને,
જન્મ્યા જગપતિ શ્રી જગનાથ, તાતના કુલને તાર્યું રે. પાર્શ્વ૦ ૩
ઓચ્છવ ઉમંગે કરતા, દુ:ખીયાના દુ:ખને હરતા,
મુકીને માતા પાસે નાથ, હરિએ વચન ઉચાર્યું રે. પાર્શ્વ૦ ૪
જનની જીનજીની સાથે, વેર વહે કોઈ વાતે,
જેનો નિશ્ચે કરશું નાશ, નથી કોઈ તેનો તારૂ રે. પાર્શ્વ૦ ૫
બાલ ઉમ્મર એમ જાવે, અનુક્રમથી યૌવન પાવે,
થાવે પ્રભાવતીના પ્રાણ, જોડલું જડીયું સારૂં રે. પાર્શ્વ૦ ૬
તર્કો તાપસના તોડી, યુક્તિથી યતના જોડી,
કૃપા કરી કાઢી કાષ્ટથી બહાર, સર્પનું કાર્ય સુધાર્યું રે. પાર્શ્વ૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્નેહ સંયમ સંગ જોડી, પ્યાર પુદ્‌ગલનો છોડી,
તોડી માયા દઇને દાન, દુઃખીયું જગત ઉધાર્યું રે. પાર્શ્વ૦ ૮
સંયમ સાધન શુભ કરતા, વ્હાલા વનમાંહી વિચરતા,
ધરતા ધૈર્ય ભાવથી ધ્યાન, પ્રગટ નિજ રૂપ નીહાળ્યું રે. પાર્શ્વ૦ ૯
મનમોહક મૂર્તિ આ તેની, ઝગમગતી જ્યોતિ છે જેની,
આપે અતિ અમને આનન્દ, પ્રભુજી પરમ કૃપાલુ રે. પાર્શ્વ૦૧૦
કેવલ કમલાને વરીયા, મોહન મુક્તિ સંચરિયા,
તરીયા ભવસાગર ભગવાન, ધ્યાન હું તેનું ધારૂં રે. પાર્શ્વ૦૧૧
જરા જાદવની વારી, સેના મરતી ઉગારી,
જેનું નવણ નીર છે આજ, અતિશય સુખ કરનારૂં રે. પાર્શ્વ૦૧૨
જયથી જદુપતિએ જ્યારે, શંખ સ્વર પૂર્યો ત્યારે,
પ્રગટ્યા શંખેશ્વર જીનરાજ, આજ મન મોહ્યું મ્હારૂં રે. પાર્શ્વ૦૧૩
કુટિલ કર્મોને કાપો, પુરણ પદ અમને આપો,
પાપો સર્વે દૂર પલાય, થાય અન્તર અજવાળું રે. પાર્શ્વ૦૧૪
અજીત આનન્દે આવે, ગાન તુજ ગુણનું ગાવે,
મોહન મન મ્હારૂં મકલાય, દેખીને મુખડું ત્હારૂં રે. પાર્શ્વ૦૧૫

## शंखेश्वर पार्श्वनाथ स्तवन.

( ૬૬ )

( દ્વારકાના વાસી રે—એ રાગ. )

વણારસીના વાસી રે વ્હાલા વ્હારે આવજોજી,
ભવસાગરમાં ભુલો ભમે છે તારો બાળ. વણારસી. ટેક.
ચાર મળીને ચોરરે ચાર ગતિના ચોકમાંજી,
લુંટી રહ્યા છે લાખેણી મ્હારીરે લાજ. વણારસી૦ ૧
મોહ ને વળી મમતારે મારગ રોક્યો મમ તણોજી,
વૈરી બનીને વૈર વધારે છે આજ. વણારસી૦ ૨
દ્વેષ ઘરન્તો ધિકુરે આવે દ્વેષ ધશમસ્યોજી,
મારે મુજને મર્મનો માર અપાર. વણારસી૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગી બનીને રાગરે રખડાવે છે રાનમાંજી,
ભાન ભુલાવી ભરમાવે વારંવાર. વણારસી. ૪
ક્રૂર કર્મના સંગોરે કુમતિ કેડે લાગ્યા છેજી;
ભાગી જેથી સુમતિ સખી દૂર જાય. વણારસી. ૫
પ્યાર બતાવી પુરોરે પ્રવૃત્તિ પડી પ્રેમમાંજી,
નિરખો નજરે નિવૃત્તિ દિલ દુઃખી થાય. વણારસી. ૬
વેગ ધરીને વિંધેરે વિષય તીક્ષ્ણ તીરથીજી,
જોર કરીને જુલ્મ ગુજારે તે નાદાન. વણારસી૦ ૭
તૃષ્ણા તરૂણી તાણેરે ડાકણ પેરે દીપતીજી,
પાડે મુજને ભાળા તે તમે ભગવાન. વણારસી૦ ૮
પ્રભાવતીના પ્યારારે શંખેશ્વરસ્વામિ સાંભળોજી,
દેવ દયાલુ દાસને દુઃખથી ઉગાર. વણારસી૦ ૯
ધ્યાન તમારૂં ધારૂં રે સુધારો સ્થિતિ સાહ્યબાજી,
પ્યારા પ્રભુજી પ્રીતિથી પાર ઉતાર. વણારસી૦ ૧૦
ત્રણલોકના ત્રાતારે દાતા દર્શન આપરોજી,
રાખો શરણે અજીતસાગર ભગવાન. વણારસી૦ ૧૧

---

## श्री पार्श्वजिन स्तवन.

( ૬૭ )

( રાગ ધનાશ્રી. )

ગુણમાં બન્યો ગુલતાન, પ્રભુજી ત્હારા ગુણમાં બન્યો ગુલતાન.
દેવ દયાલુ તવ દર્શનથી, પામ્યો શિવ સોપાન.—પ્રભુજી ત્હારા૦
માયા મમતા દૂરે નિવારી, ધરૂં તમારૂં ધ્યાન.—પ્રભુજી ત્હારા૦
મોહમદિરા ત્યાગી તમારે, શરણે આવ્યો સુલતાન.—પ્રભુજી ત્હારા૦
આપો અમોને અવિચલ પદવી, શંખેશ્વરભગવાન.—પ્રભુજી ત્હારા૦
પાપો અમારાં કાપો સમૂળાં, દેઈ દયાનું દાન—પ્રભુજી ત્હારા૦
સેવા સેવકની સ્વામિ સ્વિકારો, આપો પદ નિર્વાણ—પ્રભુજી ત્હારા૦
નિજ સ્વરૂપ નિહાળી નગીના, ખુબ થયો મસ્તાન—પ્રભુજી ત્હારા૦
જડ ચેતનને જુદા જોઈ, જાગ્યું અનુભવ જ્ઞાન.—પ્રભુજી ત્હારા૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભેદભાવની ભ્રમણા ભાગી, પામી સુખની ખાણ.–પ્રભુજી ત્હારા૦
પાર્શ્વચરણમાં અજીત ભાવે, આવે મુકીને માન.––પ્રભુજી ત્હારા૦

## पार्श्वनाथ स्तवन.

( ૬૮ )

( રાગ માઢ. )

પ્રભાવતીના પ્યારા, લાગો છો સારા, પાર્શ્વનાથ ભગવાન.
મ્હારી આંખોના તારા, હૈયાના હારા, પ્રાણ આધારા, પાર્શ્વ૦ ભગવાન.
તપ તપીઆ ત્રીજે ભવેરે, બાંધ્યું તીર્થંકર નામ;
દેવગતિ સુખ ભોગવી તમે, આવ્યા વણારસીધામરે,
સ્વામિ સુખ કરનારા, દુઃખ હરનારા, લાગોછો સારા, પાર્શ્વ૦ ભગવાન.
અશ્વસેનના ઓપતારે, પુત્ર અનોપમ આપ;
વામાના જાયા જદુપતિનાજી, દુરે કર્યા સહુ તાપરે,
ધ્યાન શુકલ ધરનારા, જય વરનારા, લાગોછો સારા, પાર્શ્વ૦ ભગવાન.
કમઠદેવની ક્રૂરતારે, સમચિત્તે સહી નાથ;
દયાના દરિઆ દયા કરી જેનો, હેતથી ઝાલ્યો હાથરે,
તેનો ભય હરનારા, ભવ તારનારા, લાગો છો સારા, પાર્શ્વ૦ ભગવાન.
આગમાં બળતા નાગનેરે, આપ્યું અવિચળ રાજ;
સંયમ સાધન સાધી રૂડું, સિદ્ધ કર્યું પોતાનું કાજરે,
દુષ્ટમતિ દલનારા, શિવ ભરથારા, લાગો છો સારા, પાર્શ્વ૦ ભગવાન.
ચરણ કમળની ચાકરીને, યાચું ચિત્ત મોઝાર;
અજીત આશારે આવી તમારે, વેગે વરીએ શિવવધૂ નારરે,
દિલબર દિલદારા, ભવોદધિ તારા, લાગો છો સારા, પાર્શ્વ૦ ભગવાન.

## श्री पंचासरा पार्श्वनाथ स्तवन.

( ૬૯ )

( રાગ માઢ. )

નેકનામ પંચાસરા પાર્શ્વજી ? મ્હને પ્યારા લાગોજી.
સ્વામિ ? મ્હને સારા લાગોજી.
વ્હાલમ ? મ્હને વ્હાલા લાગોજી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણ ગંભીર ગુજરાત ભુમિમાં, પાટણ પુર પ્રખ્યાત;
દેવલ સ્વર્ગસમાન દીપે જ્યાં, ભેટ્યા ત્રિભુવન તાત.—મ્હુને૦ ૧
મોહનગારી અમીરસ ઝરતી, મૂર્તિ મનોહર આપ;
શરદ શશીસમ સુખકર મુખડું, ટાળે ભવિ મન તાપ.—મ્હુને૦ ૨
વાણી ગુણ પાંત્રીસ ભરેલી, વર્ષે અમીરસ ધાર;
અતિશય અન્તર આનન્દ આપે, ત્રિસ અને વળી ચાર.—મ્હુને૦ ૩
ભવદવ ચિન્તા ચુરવા કારણ, ચિન્તામણી સુખકાર;
જાણી જપે જગ નામ તમારૂં, મહિમા અપરંપાર.—મ્હુને૦ ૪
સુખસાગર તીર્થંકર શંકર, દેવતણા પણ દેવ;
સુરવર નરવર શિવસુખકારણ, શુદ્ધ ભાવે કરે સેવ.—મ્હુને૦ ૫
કરૂણાપતિ કરી કરૂણા કમઠપર, ધૈર્યતાથી ધરી ધ્યાન;
ઉગાર્યો આગથી બળતા અહિને, આપ્યું અનુભવ જ્ઞાન.—મ્હુને૦ ૬
કમળાપતિ પુરો કિંકર જનની, કોમળભાવથી આશ;
અજીત નાથ નિરંજન યાચે, આપો શિવસુખ વાસ.—મ્હુને૦ ૭

## श्री भटेवाजी पार्श्व स्तवन.

( ૭૦ )

( રાગ કલ્યાણ. )

પૂજો ભવિ ભટેવાજી પાર્શ્વને, પૂરે પૂજક જનની આશાને.—પૂજો.
કેશર ચન્દન મૃગમદ ઘોળી, ભેળવી માંહી બરાસને.—પૂજો.
ચંપો અંબેલી ફુલ ગુલાબી, સાથે લેઈ સુવાસને.—પૂજો.
દ્રવ્યભાવથી પૂજન પ્રભુનું, આપે અખંડ વિલાસને.—પૂજો.
આધિ વ્યાધિ ટાળે ઉપાધિ, દૂર કરે ભવ ત્રાસને.—પૂજો.
વામાનંદન શિવસુખસ્યન્દન, વંદીએ ધરી ઉલ્લાસને.—પૂજો.
ભાવ દીપક ઘટમાં પ્રગટાવી, પામો પૂર્ણ પ્રકાશને.—પૂજો.
અજીત અનુભવ અન્તર જાગે, પાર ઉતારે દાસને.—પૂજો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मल्लीनाथ स्तवन.

( ૭૦ )

( ગાડી આવી ગુજરાત–એ રાગ. )

મોહી રહ્યું મહારાજ, મનડું મ્હારૂં મોહી રહ્યું છે,
[illegible] મુદ્રા મોહી જીનરાજ, મનડું મ્હારૂં મોહી રહ્યું છે. ટેક.
સાખી–શોભે શોભાથી રૂડું, સમવસરણ સુખદાય;
દેખીને દુઃખીયાતણાં, સહુ દુઃખો તે દૂરે પલાય. મનડું૦ ૧
સાખી–ત્રણ ગઢ મધ્યે તખ્તપર, આસન વાળી આપ,
વચનામૃત વરસાવીને, તમે ટાળ્યા ત્રિભુવનતાપ. મનડું૦ ૨
સાખી–સુરપતિ આવે સ્નેહથી, સજી, સર્વ શણગાર;
ઈન્દ્રાણી આનન્દથી, કરે નાટક નાના પ્રકાર. મનડું૦ ૩
સાખી–રમતી ભમતી રમણીઓ, ધરતી પ્રભુથી પ્યાર;
વિનય વિવેકે વિચરતી, કરતી વંદના વાર હજાર. મનડું૦ ૪
સાખી–દેવચ્છન્દો દીપે રૂડા, દેવ ભુવન અનુસાર;
અતિશય અનુપમ આપને, ઓપે ત્રીસ ઉપર વળીચાર. મનડું.૦ ૫
સાખી–ગુણપાંત્રીસે ગાજતી, વાણી વિમલ વિશાળ;
સુણી સમજે ભવી ભાવથી, જેથી જગતની જાયે જંજાલ. મ૦ ૬
સાખી–પુરણ પુણ્યના યોગથી, પદ પુરૂષોત્તમ પાય;
કર્મ કટક કાપી કઠણ, વેગે વશીયા શિવપુરી માંહિ. મનડું૦ ૭
સાખી–સાદી અનન્ત સુખમાં સદા, સહજ સ્વરૂપે શ્યામ;
દિવ્ય જ્ઞાનની દ્યુતિથી, ભવ્ય ભાળો ચરાચર ધામ. મનડું૦ ૮
સાખી–મનમોહન મુક્તિતણા, મલ્લીનાથ ભગવાન;
અજીત ઉચ્ચારે આપને, મ્હારી વિનતિ ધરજ્યો ધ્યાન. મનડું૦ ૯

---

# नेमनाथनुं स्तवन.

( ૭૨ )

( પિયા મિલનકે કાજ આજ જોગન બનજાવુંગી–એ રાગ. )

નેમ મિલનકે કાજ આજ સહસા વન જાવુંગી.
માત ભ્રાત સખ સાથ છોડ ગુન ઉનકા ગાવુંગી,
માયા મમતા મોહમારમેં તનકો તપાવુંગી. નેમ૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્યાર છોડકે ગયે પિયામેં પ્યાર લગાવુંગી,
ધૈર્ય ભાવસે ધ્યાન લગા તન્મય બનજાવુંગી. નેમ૦ ૨
ભેદ ભરમ સબ છોડતોડ જંજાલ જલાવુંગી,
ચિત્ત ચરણોમેં જોડ જયોત જ્યોતિસેં મિલાવુંગી. નેમ૦ ૩
નાથ નગીના નેમ નિત્ય નયનો સેં નીહાલુંગી,
કરૂં યાદ હરદમ આપકો કભી ન વિસારૂંગી. નેમ૦ ૪
ધરૂં જીગરસે ધ્યાન જ્ઞાન ગુણ અપના પાવુંગી,
અજીત અમર પદ થાય નાથસે હીલમીલ જાવુંગી. નેમ૦ ૫

---

# नेमजीने राजुलनी विनति.

( ૭૩ )

( પાણી ભરવા હું ગઇતીરે—એ રાગ. )

જગદીશ્વર જય કારીરે, નગીના નેમ વિભુ,
વ્હાલા વિનતિ સ્વિકારોરે, હૈયાના હાર પ્રભુ. ટે:

( સાખી )

પ્રીત પુરાણી પાળજો, સમજી સજ્જન રીત;
દયા દિલ દિનની ધરી, તોડો ન મ્હારી પ્રીત.

રાંક રમણીને રોતીરે, છબીલા છોડો મતિ,
નાથ વિનાની નારીરે, પામે નહિ માન રતિ. જગ૦ ૧

( સાખી )

માન વિનાની માનિની, મત કરો મ્હારાનાથ;
પ્રાણ સમી પ્યારી ગણી, હવે ઝાલો હાથ.

રંગ રસીયા રસીલારે, રસીક રંગ રાખો તમે,
દુ:ખ દરિએ ડુબેલીરે, દાસી આપ ચરણે નમે. જગ૦ ૨

( સાખી )

આશ અતિ મનમાં હતી, મળવા મોહનસંગ;
તોરણથી ત્યાગી તમે, બધો બગાડયો રંગ.

કપટી કામણગારારે, કપટ આવું કેમ કર્યું,
દિલ દરશાી દેખાડીરે, હૈયું મ્હારૂં નાથ હર્યું. જગ૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( સાખી )

નવભવ નેહ નીહાળીને, નજર મિલાવો નાથ;
સગપણ સાચું સાચવી, હું આવું તમારે સાથ.
માહ્ય મંદિર મેડીરે, મુકી ચાલ્યાં રાજીમતિ,
ગયાં ગઢ ગિરનારેરે, ભેટયા પ્યારા પ્રાણપતિ. જગ૦ ૪

( સાખી )

પ્રભુ મુખ વાણી સાંભલી, ભેદ ભાવ કરી દૂર;
સંયમ સાધન સાધીને, સુખ પામ્યાં ભરપુર.
ભ્રમણા ભવની ભાગીરે, દુઃખો સહુ દૂરે ગયાં,
પાયે પ્રભુના પડીનેરે, અજીત આનન્દી થયાં. જગ૦ ૫

## श्री मल्लीजिन स्तवन.

( ૭૪ )

( રાગ ધનાશ્રી. )

માયા લાગી મહારાજ, મોહન ત્હારી, માયા લાગી મહારાજ.
મલ્લીનાથ શિરતાજ, મોહન ત્હારી, માયા લાગી મહારાજ. ટેક.
ભવ ભ્રમણામાં, ભમી ભમીને, ભુલ્યો પોતાનું કાજ.—મોહન૦
ભક્તિભજનનું, ભાતુ વિસારી, તોડી પુન્યની પાજ.—મોહન૦
ધૈર્ય ભાવથી, ધ્યાન તમારૂં, ધર્યું ન મુકી લાજ.—મોહન૦
ક્રૂર ક્રોધથી, કીધાં કુકર્મો, બન્યો દુષ્ટ દગાબાજ.—મોહન૦
માન માયામાં, મોહ ધરીને, જાણી ન પરની દાઝ.—મોહન૦
મોતી મણીને, હીરા કણીમાં માન્યું મોક્ષનું રાજ.—મોહન૦
પર પરિણતિ ઘણી, પ્યારી ગણીને, વિસારી નિવૃત્તિ નાર —મોહન૦
કાળી નાગણસમ, કપટી કુમતિએ, ખુબ કર્યો ખુવાર.—મોહન૦
દુઃખ અનન્તાં, દેખી દયાળુ, અતિ કંટાળ્યો આજ.—મોહન૦
મારે મહેર, કરીને મોહન, તારો ગરિબ નિવાજ.—મોહન૦
મૂર્તિ મોહનગારી રસીલી, ભવોદધિમાં જેમ જહાજ.—મોહન૦
દેખી દીલમાં, આનન્દ વ્યાપ્યો, પામ્યો જ્ઞાન અવાજ.—મોહન૦
કુંભ પિતાના, પુત્ર પનોતાને પૂર્ણ પ્રભાવતી મા જ.—મોહન૦
અજીત આશરે, આવી તમારે, સાધે શાન્તિનું સાજ.—મોહન૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# इडरगढ उपरना श्री शान्तिनाथनुं स्तवन.

## ( ૭૫ )

( તમને ઘટે નહિ આવું રાજ—એ રાગ. )

શી કહું શોભા ત્હારી નાથ, શી કહું શોભા ત્હારી,
  શાન્તિ જીનંદ સુખકારા નાથ.—શી કહું૦ એ ટેક.

ભારત ભૂમિનું ભવ્ય ભૂષણ આ, અનોપમ આનંદ આપે,
  લક્ષ્મી લીલાનું કેલી ગૃહ જેને, દેખતાં દૃષ્ટિ ન ધાપે નાથ.
શી કહું૦ ૧

ગગન ભેદી સુઈડરગઢ પર, ભવ્ય જીનાલય ભાળ્યું,
  ગેબી ગભારોને ગુલમંડપ જોઇ, ગાત્ર ગરવનું ગાળ્યું નાથ.
શી કહું૦ ૨

છચોકી નૃત્ય મંડપની રસીલી, રચના રાગને કાપે,
  સન્મુખ શોભે પુંડરિક પ્રભુજી, પ્રપંચ મૂળ ઉત્થાપે નાથ.
શી કહું૦ ૩

ભાવ ધરિ શુભ્ર ભમતી ભમતાં, ભ્રમણા ભવની ભાગે,
  પવિત્ર પ્રભુ પાદૂકાની પાસે, પેખી રાયણ અતિ રાગે નાથ.
શી કહું૦ ૪

વાવ કુવા વાડીને ગુફાઓ, જળસ્થળ રચના ભારી,
  પુરૂં પુરાણું જૈન ચૈત્ય જ્યાં, રણમલ્લ ચોકી સારી નાથ.
શી કહું૦ ૫

દેવ દેવીને વીર પીરનાં, સ્થાન અતિ અહીં શોભે,
  પણ પવિત્ર શ્રીપૂર્ણ શશિસમ, તવ મુખડે મન થોભે નાથ.
શી કહું૦ ૬

રૂક્ષમણી રાણીના મહેલ રસીલો, રમ્ય ભૂમિ પર રાજે,
  તેમ છતાં પણ છેલ છબીલી, તુજ મૂર્તિ અતિ છાજે નાથ.
શી કહું૦ ૭

ધન કંચન હીરા મણી આદિક, જે ધ્યાવે તે પાવે,
  શાન્તિનાથનું સ્મરણ કરતાં, વ્યાધિ ઉપાધિ જાવે નાથ.
શી કહું૦ ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પંચમ કાળમાં પ્રેમી પ્રતાપી, પુરૂષોત્તમ પદ રાગી,
શાન્તિસદનના કર્તા કહીએ, રાય સંપ્રતિ વડભાગી નાથ.
શી કહું૦ ૯

દેશ વિદેશથી યાત્રા કરવા, સંઘ ચતુર્વિધ આવે,
અજીત આનન્દ દાયી દયાળુ, ગુણવન્તના ગુણગાવે નાથ.
શી કહું૦ ૧૦

---

# શ્રી શાન્તિજિન સ્તવન.

( ૭૬ )

( મુજ ઉપર ગુજરી પિતા પાદશાહ જાણી—એ રાગ. )

પ્રભુ શાન્તિનાથ ભગવાન સદા સુખકારી,
મનગમતી મનોહર મૂર્તિમોહનગારી.
જળ હળતી જ્યોતિ જગમે સદા જયકારી,
નિત્ય નમે નેમથી ભાવધરી નર નારી.
કરી કૃપા કૃપાળુ કિંકરકાર્ય સુધારો,
બુડતા બાળકને બાંહ્ય ગ્રહી પ્રભુ તારો.
વિકરાલ મુજને વળગ્યા વિષય વિકારો,
સેવકની અરજી શાન્તિ જીનંદ સ્વીકારો.
પરપુદ્ગલપર ધરિ પ્યાર પ્રભુ મ્હેં વિસાર્યા,
મદ છકથી છકાને જીવ જગતના માર્યા.
ઉલટ અતિ આણી બોલ અસત્ય ઉચાર્યા,
શિવસુખના સ્વામિ ધ્યાન વિષે નવિ ધાર્યા.
અદત્ત અન્યનું હરણ કરી હરખાયો,
લલના લીલામાં માંહી ખુબ લલચાયો.
કરી પૈસા ખાતર પાપો બહુ પંકાયો,
અન્તરનો આતમરામ ઘડી નહિ ગાયો.
મુંઝાણો માયાના પ્રપંચથી ચટકે મટકે,
લલચાયો લોભના લાલચ વાળા લટકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રગરગમાં રમીયો રાગ રસીલો રાણો,
અતિ ધૂર્ત દ્વેષ ધતીંગ કરી ન ધરાણો.
કામણ કરનારો કલહ કર્યો મ્હેં ભારી,
સુધાસમ શાન્ત સ્વરૂપ દૂર નિવારી.
આપ્યાં અતિ અભ્યાખ્યાન અન્યને હરખી,
ચિત્ત ચોટયું ચાડીમાં પરપીડા નહિ પરખી.
પરપરિવાદમાં પ્રાણ સમર્પ્યા પ્રેમે,
જીનવર ગુણ ગાવા જીભ નમે નહિ કેમે.
મન મોહ્યું રાગથી રતિ અરતિના રંગે,
કર્યાં કઠીણ કુકૃત્યો કુમતિ કુટિલની સંગે.
માયા મૃષામાં માલ ગુમાયો ઘરનો,
મિથ્યા મતમાં પડી હાર્યો ધર્મ જીનવરનો.
અવગુણ એ મ્હારા માફ કરો જીનવરજી,
સ્વીકારો શાન્તિજીનદીન હીનની અરજી.
વડ વિવેકિ સુવિશાળ વડાલી ગામે,
પ્રભુ અજીત આપ દર્શન પ્રેમથી પામે.

---

# शीतलजिन स्तवन.

( ૭૭ )

( રાગ કલ્યાણ. )

જય જીનવર જગ વિસરામી, શીતલ જીન અન્તર જ્યામી.—જય.
ભવિ મનરંજન નાથ નિરંજન, નમન કરૂ શિરનામી.—જય.
ધર્મ ધુરંધર પ્રેમી પ્રિયંકર, દુઃખભર દુર્મતિ વામી.—જય.
અનુભવ અમૃત રસના રસીયા, અવિચલ ધનના ધામી.—જય.
દ્વેષ વિકારી થયા અવિકારી, શુભ પંચમ ગતિને પામી.—જય.
પૂર્ણ પ્રભુતા વિમળ વિભુતા, સમતાધર સુખ સ્વામી.—જય.
પ્રભુ સેવાથી પામો પ્રભુતા, થાવો અજીત પદ ગામી.—જય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# धर्मजिनेश्वर स्तवन.

( ७८ )

( રાગ કલ્યાણ. )

ગાવો ગુણ ધર્મ જીણંદના, પુરૂષોત્તમ પૂર્ણાનન્દના.—ગાવો૦ ૧
શુદ્ધ સ્વરૂપી સહજાનન્દી, અજર અમર સુખ કન્દના.—ગાવો૦ ૨
અક્ષય પદ ધારી અલબેલા, સ્વામી સુરનરવૃન્દના.—ગાવો૦ ૩
તારક ધારક સેવકજનના, ટાળક ફીતુરી ફન્દના.—ગાવો૦ ૪
ક્ષાયક ગુણના દાયક સ્વામી, મુગટ સર્વ મુણિન્દના.—ગાવો૦ ૫
ભાનુનન્દન વન્દન કરતાં, થાયે કર્મનિકન્દના.—ગાવો૦ ૬
ભેદક ભારે ભવઅટવીના, છેદક છેક સ્વચ્છન્દના.—ગાવો૦ ૭
અવિચળ સુખની આશા માટે, અજીત ઉચ્ચારે વન્દના.—ગાવો૦ ૮

---

# " अमारी जिन्दगानी आ. "

૭૯

( ગઝલ. )

જગતજનનું ભલું કરવા, બીજાં તારી અને તરવા;
પ્રભુના પંથ વિચરવા, અમારી જીન્દગાની આ.—૧

હૃદયશત્રુ પરિહરવા, સદા શાન્તિવધૂ વરવા;
જીહ્વાએ સત્ય ઉચ્ચરવા, અમારી જીન્દગાની આ.—૨

બીજાનું દુઃખ દેખીને, બીજાનું સુખ પેખીને;
સુખી દુઃખી હૃદય લેખી, અમારી જીન્દગાની આ.—૩

રીબાતાં દીન આ પ્રાણી, દયા તેના ઉપર આણી;
બચાવા તેની દુઃખ કહાણી, અમારી જીન્દગાની આ.—૪

જલાવા સ્વાર્થની ફાંસી, હઠાવા મોહની હાંસી;
ખપાવા કષ્ટરૂપ ખાંસી, અમારી જીન્દગાની આ.—૫

દીનોને દાન દેવાને, ડુબેલા ને બચાવા ને;
સદા આનન્દી રહેવાને, અમારી જીન્દગાની આ.—૬

ઉંઘેલાને જગવવાને, વળી જાગ્યા ઉંઘવવાને;
ઉઠ્યા જાગ્યા ,શિખવવાને અમારી જીન્દગાની આ.—૭



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગતની જાળમાં જાતા, ખરેખર ઠોકરો ખાતા;
જનોને અર્પવા શાતા, અમારી જીન્દગાની આ.—૮
મજાહને પ્રેમ મેળવવા, અખંડાનન્દપથ જાવા;
દીનોનાં દુઃખડાં દળવા, અમારી જીન્દગાની આ.—૯
પ્રભુની વાણી પી પાવા, સદાના સુખીઆ થાવા;
ઉલટ પંથે અહો જાવા, અમારી જીન્દગાની આ.-૧૦
જગત રૂપ છે નદી આંહી, તણાતાંપ્રાણી કૈં ત્યાંહી;
તણાવા દે નહી માંહી, અમારી જીન્દગાની આ.-૧૧
અહો મારી ઘણી વ્હાલી, પીધેલી પ્રેમની પ્યાલી;
અજીત મસ્તાની મતવાળી, અમારી જીન્દગાની આ.-૧૨

રાંદેર. મુનિ અજીતસાગર.

---

# अमारुं कर्त्तव्य अने अमो.

( ૮૦ )

( ગઝલ. )

અમારો માર્ગ છે ન્યારો, કરમની ગ્રન્થી હરનારો;
અમારો ભેખ છે ભારી, જુઓ જન સર્વ વિચારી.—૧
અમારા ભ્રાત છે સાધુ, અમારા તાત છે સાધુ;
અમારા ઈષ્ટ છે સાધુ, અમારા મિત્ર છે સાધુ.—૨
અમારો દેશ છે સાધુ, અમારો વેશ છે સાધુ;
અમારો પંથ છે સાધુ, અમારો કંથ છે સાધુ.—૩
અમારો વાસ છે સાધુ, અમારી પાસ છે સાધુ;
અમારૂં મન છે સાધુ, અમારૂં તન છે સાધુ.—૪
અમારૂં ચિત્ત છે સાધુ, અમારૂં વિત્ત છે સાધુ;
અમારી બુદ્ધિ છે સાધુ, અમારી સિદ્ધિ છે સાધુ.—૫
અમારી વૃત્તિ છે સાધુ, અમારા છે સગા સાધુ;
અમારી જાત છે સાધુ, અમારી રાત છે સાધુ.—૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમારો દિન છે સાધુ, અમો સાધુ અરે સાધુ;
અમારી છે વખત સાધુ, અમારા વાર છે સાધુ.—૭

અમારાં કર્મ છે સાધુ, અમારૂં વર્મ છે સાધુ;
અમારૂં શર્મ છે સાધુ, અમારો ધર્મ છે સાધુ.—૮

અમારે સાધુની સેવા, અમે માન્યા મીઠા મેવા;
અમારા સાધુ મેળાપી, સદા છે સાધુ નિષ્પાપી.—૯

સદા આનન્દમાં સાધુ, અમારી સૂર્ત્ત છે સાધુ;
અજીત નિર્મલ અમો સાધુ, નિરંજન રૂપમાં સાધુ.–૧૦

સુરત. મુનિ અજીતસાગર.

---

## “ जगत्मां आवी शुं कीधुं? ”

( ૮૨ )

( ગઝલ. )

અરે નર જન્મ પામીને, જગતમાં આવી શું કીધું?
અહીં જે હેતુ આવ્યો તે, સુકૃત કરીનેજ શું લીધું? ૧

હતી જઠરાગ્નિની જવાલા, ભરાયો તું હતો ત્યાંહી;
ઉંધે માથે ઝુલાણો છે, જણાતું સુખ નહિ ક્યાંહી. ૨

હતું નહી કોઇ ત્યાં સાથે, હૃદયની વાત કરવાને;
હતું નહી નાવડું પાસે, ભવાંભોધિ ઉતરવાને. ૩

હતું નહી કોઈ ત્યાં સાથે, નયન દિલ શાન્ત કરવાને;
હતી નહી સૂર્યની જ્યોતિ, વિલોકીને વિચરવાને. ૪

હતી નહી બારી એવી ત્યાં પવનથી શ્વાસ લેવાને;
હતી નહી પૃથ્વી એ પહોળી, તને પ્રસ્તાર દેવાને. ૫

હતી નહી શક્તિ કોઇની, જીગરનાં દુઃખ કહેવાની;
હતું નહી અન્ન ખાવાનું, નહી જળ શક્તિ પીવાની. ૬

અરે દિલદોસ્ત દેખી લે, હતો દિન એક એ માથે;
પછી જન્મી અહીં આવ્યો, જગતમાં શું અરે કીધું? ૭

સુરત બંદર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# जगत्स्वरूप.

( ૮૨ )

( ગઝલ )

જગતનો ભાવ આલેખ્યો, જગત દેદારને દેખ્યો;
જગતનો ભાવ વિણસાસે, જગતની વાડી વ્હીલાશે. ૧

જગતની જુઠી છે જાયા, જગતની જુઠી છે માયા;
જગતની જુઠો છે કાયા, જગતની જુઠડી છાયા. ૨

જગતના છે જુઠા ભાઈ, જગતની જુઠી સોજાઈ;
જગતની છે જુઠી મોટાઇ, જગતની જુઠી લોંઠાઈ. ૩

જગતના છે જુઠા રાજા, જગતની જુઠી છે સાઝા;
જુઠા છે કેંક મહારાજા, જગતમાં કોઈ નહી સાજા. ૪

જુઠા જગના અધિકારી, જગતની જુઠડી નારી;
જગતની જુઠી છે યારી, જગતની ધિક્ક દરકારી. ૫

જગતના જુઠ છે ભોગો, જગતના દુઃખમય રોગો;
જગતના જુલ્મી છે શોકો, જગતથી ચિત્તને રોકો. ૬

જગતના જુઠ છે ગ્રન્થો, જગતના જુઠ છે પન્થો;
જગતના સ્વપ્નાવત્ સંગો, જગત આકાશના રંગો. ૭

જગતથી એક દિન જાવું, જગતમાંહિ જ પસ્તાવું;
જગતમાં શું હવે રાચું, જગતને નહિ કદી જાચું. ૮

જગતના જુલ્મી સંયોગો, જગતના જુલ્મી વિયોગો;
જગત્ કોઈ દિન નહિ તારૂં, જગતનું રૂપ અંધારૂં. ૯

જગતની જુઠી છે બાજી, જગતના જુઠ છે વાજી;
જગતના લોક છે પાજી, જગતની જુઠી ઇતરાજી. ૧૦

જગતમાંહિ દુઃખી થાશો, જગત ખત્તા ઘણા ખાશો;
જગતનું ગાણું ના ગાશો, ખરે રસ્તે અજીત જાશો. ૧૧

સુરત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# प्रभु ज सत्य छे.

( ૮૩ )

( ગઝલ. )

પ્રભુની સાચી છે ભક્તિ, પ્રભુમાં સર્વ છે શક્તિ;
પ્રભુની આપણે વ્યક્તિ, પ્રભુમાં ધરવી આસક્તિ. ૧

પ્રભુના રંગે રંગાવું, પ્રભુના પંથમાં જાવું;
પ્રભુના ગીતડાં ગાઉં, પ્રભુ પંથે સુખી થાઉં. ૨

પ્રભુની સાચી છે પ્રીતિ, પ્રભુની સત્ય છે નીતિ;
પ્રભુને પામું જગ જીતી, પ્રભુ પંથે નથી ભીતી. ૩

પ્રભુના તે પ્રભુ પોતે, ગમે તે જ્ઞાનના હોતે;
પ્રભુની છે નહિ જાતિ, પ્રભુમાં છે નહિ ભ્રાન્તિ. ૪

પ્રભુને નિત્ય દીવાલી, પ્રભુની વાતડી વ્હાલી;
પ્રભુમાં છે સદા શાન્તિ, પ્રભુ છે જૈન વેદાન્તી. ૫

પ્રભુ જગ વિશ્વમાં વસીયા, પ્રભુજી દૂર પણ ખસીયા;
પ્રભુશ્રી ઐક્યથી હસિયા, પ્રભુ તો પ્રેમમાં વસીઆ. ૬

પ્રભુ આવી વસ્યા ઘરમાં, પ્રભુજી છે હૃદય પટમાં;
પ્રભુના પંથથી હઠમાં, પ્રભુની પ્રાપ્તિ પણ હઠમાં. ૭

પ્રભુને કોઇ વરનારા, ભવાબ્ધિ કોઈ તરનારા;
પ્રભુને કોઇ રટનારા, પ્રભુથી તાપ મટનારા. ૮

પ્રભુમાં પ્રેમ વર્ષાવે, પ્રભુ ત્યારે હૃદય આવે;
પ્રભુથી હૈડું હરખાવે, ચિદાનન્દી તદા થાવે. ૯

પ્રભુનો હું પ્રભુ મ્હારા, પ્રભો હે ! ના તમે ન્યારા;
પ્રભુજી કષ્ટ હરનારા, જપું તુજ ગુણની માળા. ૧૦

પ્રભુજી આપની આશા, પ્રભુ વિણ અન્ય નીરાશા;
પ્રભુનો પંથ દેખાયો, અજીત આનન્દી હરખાયો. ૧૧

સુરત બંદર. મુનિ અજીતસાગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# विषयसुख.

( ૮૪ )

( ગઝલ. )

વિષયસુખ અભ્રની છાયા, વિષયસુખ મોહિની માયા;
વિષયસુખ ઝેરનો પ્યાલી, પીવાથી જન જતા ચાલી. ૧
વિષયસુખ માટીના ગોળો, વિષયમાં સુખ શું ખોળો;
વિષયસુખ કાચનો સીસો, વિષયસુખ કાચનો કીસ્સો. ૨
વિષયસુખમાં મહા દુ:ખ છે, વિષયસુખમાંહી કયાં સુખ છે?
વિષયસુખ પાણી પરપોટો, વિષયસુખ રોગ છે મોટો. ૩
વિષયસુખ ગીલ્ટથી ભરીયું, વિષયથી કોઈ નવ તરીયું;
વિષય મૃગતૃષ્ણિકાપાણી, વિષયસુખ છેક ધુળધાણી. ૪
વિષયસુખ પાણીનો રેલો, વિષયસુખ પંખિનો મેળો;
વિષયસુખ વીજળી જાણો, વિષયસુખ સર્પ પરમાણો. ૫
વિષયસુખ મોહ પ્રગટાવે, વિષયસુખ ભક્તિ અટકાવે;
વિષયસુખ જન્મને આપે, મરણ પણ થાય તે પાપે. ૬
વિષયસુખ રોગ છે પામા, ઉપરથી ફુટડી રામા;
છુટે નહી છોડતાંમાં તે, પછી અકળાય જીવ પોતે. ૭
વિષયસુખ ઝેરના લાડુ, વિષયસુખ ચોરનું ગાડું;
વિષયસુખધેન વીકારી, તજે તે છે અધિકારી. ૮
વિષયસુખમાંહી ઝકડાયા, વિષયસુખમાંહી સપડાયા;
છુટે નહી છુટતાં પોતે, પછી અકળાય જીવ જાતે. ૯
વિષયસુખ સ્વપ્નની સૃષ્ટિ, વિષય સુખ કષ્ટની વૃષ્ટિ;
વિષયસુખને તજો ભ્રાતા, અજીત સુખના થશો ભોકતા.૧૦

સુરત બંદર. મુનિ અજીતસાગર.

---

# दुनियानुं क्षणिक स्वरूप.

( ૮૫ )

( ગઝલ. )

ક્ષણિક જગમિત્રની યારી, ક્ષણિક દુ:ખદાઇ છે નારી;
ક્ષણિક સંસારિના મેળા, ક્ષણિક સ્વાર્થી ગુરૂ ચેલા. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષણિક દિકરા તથા દિકરી, ક્ષણિક બ્હેની તથા શ્રીકરી;
ક્ષણિક રૂપીઆ ક્ષણિક જાગીર, ઘરાણાં ધન છે અસ્થિર. ૨
ક્ષણિક હેમે ભર્યાં હાથી, ક્ષણિક ભડશૂરના ભાથી;
ક્ષણિક ઝુંપડી ગરીબોની, ક્ષણિક દોલત શ્રીમંતોની. ૩
ક્ષણિક જગના અધિકારી, ક્ષણિક દીનોની દરકારી;
ક્ષણિક રાજા તણી પદવી, ક્ષણિક નોકર તણી પદવી. ૪
ક્ષણિક કવિની કવિતાઓ, ક્ષણિક વ્હેતી સરિતાઓ;
ક્ષણિક ગઢ રાજ્યની ખાડી, ક્ષણિક ઘોડા તથા ગાડી. ૫
ક્ષણિક વિધ વિધ વાજીંત્રો, ક્ષણિક દીલખુશકર ચિત્રો;
ક્ષણિક મણિ મોતીમય છત્રો, ક્ષણિક પ્રેમે ભર્યાં પત્રો. ૬
ક્ષણિક બહુ મુલ્યનાં વસ્ત્રો, ક્ષણિક સંસારનાં શસ્ત્રો;
ક્ષણિક જગની ત્રિયાનાં વ્હાલ, ક્ષણિક બેરીષ્ટરોના સ્વાલ. ૭
ક્ષણિક ઉપર ઉપરના શ્યામ, ક્ષણિક અનુરાગી કેરા રાગ;
ક્ષણિક બંદી જનોનાં ગીત, ક્ષણિક સ્વાર્થી જનોની પ્રીત. ૮
ક્ષણિક ભૂલોકનું સામ્રાજ્ય, ક્ષણિક સુર લોકનું સદ્રાજ્ય;
ક્ષણિક મેરૂતણાં મંડાણ, ક્ષણિક સુર લોકનાં વૈમાન. ૯
ક્ષણિક વૃક્ષે વિભૂષિત બાગ, ક્ષણિક ઉજ્જડ ભુમિના ભાગ;
ક્ષણિક મસ્તાનની મસ્તાઇ, ક્ષણિક બેશક્તિ નામર્દાઈ. ૧૦
ક્ષણિક આ સૂર્યની કાન્તિ, ક્ષણિક આ ચંદ્રની શાન્તિ;
અજીત મન સત્ય માની લે, પ્રભુપદ સત્ય જાણી લે. ૧૧

રાંદેર. મુનિ અજીતસાગર.

---

## मित्रने सूचना.

“ प्रतिज्ञा आपवी पडशे. ”

( ૮૬ )

( ગઝલ. )

અમારા મિત્ર થાવાને, પ્રતિજ્ઞા આપવી પડશે;
હૃદયની દિલગિરી સમજી, સમૂળી કાપવી પડશે. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કદી પુષ્પોની શય્યામાં, પ્રીતેથી પોઢવું પડશે;
કદી નવરંગી જરિયાની, દુકુળને ઓઢવું પડશે. ૨

કદી ઘરબાર વિણ વનમાં, અકેલા પોઢવું પડશે;
કદી કૌપીન કે દિગ્પટ, ઉમંગે ઓઢવું પડશે. ૩

કદી સ્વાદિષ્ટ ષટ રસથી, અન્નાદિ ભક્ષવું પડશે;
કદી ભીક્ષાથી પણ ભુખ્યા, રહી આનન્દવું પડશે. ૪

કદીય મસ્તાન અશ્વોપર, ઉલટથી બેસવું પડશે;
ઉઘાડે પાય ચાલીને, કદી પાળા થવું પડશે. ૫

કદી યોગી થઇ અવધુત, અલખ ચેતાવવી પડશે;
કદી થઇને અધિકારી, છડી બેલાવવી પડશે. ૬

કદી શાસ્ત્રાર્થ કરવાને, સભામાં આવવું પડશે;
કદી મુંગા રહી મનને, પ્રભુમાં લાવવું પડશે. ૭

કદી અભિમાનીનાં વાક્યો, સમત્વે સાંખવાં પડશે;
કદી શત્રુતણાં માનો, વિદારી નાંખવાં પડશે. ૮

કદી લાખો જનો વચ્ચે, હળી મળી રહેવું પણ પડશે;
કદી ભયભીત જંગલમાં, રહી દુ:ખ સ્હેવું પણ પડશે. ૯

ગમે તે સ્થિતિ રીતિમાં, ભજન કરવું સદા પડશે;
સદા આનંદમાં રહેતાં, અજીત નહી આપદા પડશે. ૧૦

રાંદેર. મુનિ અજીતસાગર.

## " હવે પાછા નથી વળવું. "

( ૮૭ )

( ગઝલ. )

ભલે આકાશપડ તુટે, ભલે આ વિશ્વ સહુ રૂઠે,
ભલે જગફંદ સહુ છુટે, હવે પાછા નથી વળવું. ૧

અમારો પન્થ છે ન્યારો, અમોને એ અતિ પ્યારો,
નજીવાં લોકથી ન્યારો, હવે પાછા નથી વળવું. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભલે લોકો કરે ખુવાર, શરીર હણવા બને તૈયાર,
છતાં અહીંછે અમારો પ્યાર, હવે પાછા નથી વળવું. ૩
ઉંડી છે વિશ્વની ખાડી, વચ્ચે આવી પડે આડી,
નથી અહીં બંગલા વાડી, છતાં પાછા નથી વળવું. ૪
હજારો વીરના રણમાં, ઝઝુમીને ઝુકું ક્ષણમાં,
ભલે તન જાય તત્ક્ષણમાં, છતાં પાછા નથી વળવું. ૫
મહા માલેકની પાસે, જવા તત્પર ઘણી હોંસે,
જતાં બહુ વિઘ્ન દર્શાશે, છતાં પાછા નથી વળવું. ૬
સબંધીઓ! સંબંધીઓ! જગતના હે સંબંધીઓ?
હવે જય જય સદા થાઓ, હવે પાછા નથી વળવું. ૭
તમારો ને અમારો જે, થયો ભેદો થનારો જે,
ખતમ સહુ પ્રેમ એ આજે, હવે પાછા નથી વળવું. ૮
ભણાવાને ભૂલેલાને, બચાવા ને બુડેલા ને,
ફકીર કરવા ફુલેલાને, હવે પાછા નથી વળવું. ૯
બન્યો છું મસ્તનો ચેલો, રહ્યો છું મસ્તના ભેળો,
મજાનો મસ્તનો મેળો, હવે પાછા નથી વળવું. ૧૦
કર્યું મન મસ્તને આધીન, થયો વીર વાક્યને સ્વાધીન,
ખપાવું માર્ગને દિન દિન, હવે પાછા નથી વળવું. ૧૧
અજીત છું હું અજીત છું હું, નથી જીતનાર કો મુજને,
અગમ પંથે અતિ આનંદ, હવે પાછા નથી વળવું. ૧૨

રાંદેર. અજીતસાગર.

---

## "कमलनी एक कलिने भ्रमरनो गुंजारव."

### ( ૮૮ )

( ગઝલ. )

કમલની હે કળી રાતી, ખરી ખીલી તું મદમાતી,
ઘણું સુંદર સ્વરૂપ ત્હારૂં, ચતુરા છે અલખ ચારૂ. ૧
લીધો તુજ સ્વાદ દિલસાથે, ઘણો ચુસી ભરી બાથે,
રમ્યાં સાથે જમ્યાં સાથે, લીધેલી તાળીયો હાથે. ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગતમાં ત્હારી મેં દીઠી, મધુરી પ્રીતડી મીઠી,
લખી દે એક તો ચીઠી, ઘણા દિનો ઉપર દીઠી. ૩
દીધાં છે અન્તરો સામાં, હવે એને ભૂલી જા મા,
ભણેલી પ્યારી હે ભામા ! વિમલતા વાળી હે રામા ! ૪
ઘણાં લટ્ટુ બન્યાં જ્યારે, હતાં ભૂલ્યાં જગત્ ત્યારે,
અનુભવ સર્વ રંગ રમીઓ, હૃદયમાં ભાવથી ભમીઓ. ૫
પડયા સંસ્કાર અજર ત્હારા, યથા રાત્રિ વિષે તારા,
ત્રિયા ઓ ! નેનના તારા, મુને તુજ વિણ દુઃખકયારા. ૬
અરે એ કેમ ભૂલાશે ! તજન્તાં છેક ઝુલાશે,
જીગરની દોસ્તી જે બાંધી, નથી આ વાયુની આંધી. ૭
અમર સૂત્રે કરી સાંધી, બધી વૃત્તિ હૃદય ગાંધી,
અપૂરવ પૂર્વની મૈત્રી, સ્મૃતિ ઘર જો હતી ચિત્રી. ૮
પળે પળ ચિત્ત ત્યાં રહે છે, રસોની ધાર પણ વ્હે છે,
છતાં દિલ અગ્નિ આ દહે છે, વિરહનું મિત્ર દુઃખ સહે છે. ૯
વિયોગી દિન વહી જાશે, વિમલ હા ! વાણલા વ્હાશે,
કરી સંયોગ સુખસાગર, કરીશું ખુબ ઉજાગર. ૧૦
અલખના આંકડા લખશું, બની ગરકાવ રસબસશું,
હૃદયની પાટીઓ રસશું, વધૂવર એક સ્થલ વસશું. ૧૧
જગતનું ભાન ભૂલીશું, અનુભવમાંહી ડૂલીશું,
અજીત જાશે વિવિધ આપદ, અજીત! જો છે સમિપ આ પદ. ૧૨
મઝાની મીઠડી વાતો, બધા કષ્ટો તણી ઘાતો,
કરીશું હે ખરી વ્હાલી ! પીયુની પ્રીતડી વાળી. ૧૩
ચલાવ્યુ વ્હાણ તુજ સન્મુખ, સ્મરે પળપળ વિશદ તવમુખ,
હૃદય છે તો નથી દૂરે, જડી દીલ કેરી તસ્બીરે. ૧૪
અજીત થૈજા ! અજીતલૈજા, અજીતને સુખડાં દૈજા,
અજીત આનંદને વહી જા, અજીત સુખને શિરે વહીજા. ૧૫

પાંચોટ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "सन्मति स्वरूप एक सुन्दरीने."

( ૮૯ )

( ગઝલ. )

પ્રિયા મ્હારી મનોહારી, અલી મેના ચપલ નેનાં;
મ્હને તો છે ફિકર ત્હારી, બની જા પ્રાણની પ્યારી. ૧

બધા છે ઢંગ જે ત્હારા, ગણી લઉં હું સદા પ્યારા;
બધી ત્હારી મનોવૃત્તિ, પરોવી લે ખરે જયોતિ. ૨

વિનાશી રંગમાં રાગી, પણાની ટેવ દે ત્યાગી;
બહુ ત્હારી કહી રીતે, નિભાવ્યું છે અતિ પ્રીતે. ૩

કહ્યું પણ ત્હારૂં માન્યું છે, અરે કયાં મ્હારૂં તાણ્યું છે;
બહુ દિન કાઢિયા ત્હારા, ગણી શબ્દો સરસ પ્યારા. ૪

હવે મ્હારૂં કહ્યું માને, તદા તું ઓર રસમાણે;
બીજાનાં રંગ છોડી દે, હૃદયનો સાર સાંધી લે. ૫

બીજાથી વાતડી તજજે, સરસ શ્રૃંગાર પણ સજજે;
બીજાના છે ક્ષણિક પ્રેમો, ક્ષણિક એઓ તણા નેમો. ૬

અમર વેલ્લી અમર થૈજા, પિયુના મંદિરે રહી જા;
પિયુના વાકયમાં ત્હારી, સફ્લતા સર્વ ઉર ધારી. ૭

બધા કલેશો તણા સિન્ધુ, તણું એકે નથી બિન્દુ;
ઉગે છે શાન્તિનો ઈન્દુ, અહીં તું આવી જા સીધું. ૮

સ્ફટિકોનાં કિરણ ઉગ્યાં, તલાવો હું તણાં સૂકયાં;
સુગંધી વાય છે એવી, કલ્પની છાંયડી જેવી. ૯

ઘણું ત્હારા હિતે કહું છું, પરાર્થે પ્રાણ પણ દઉં છું;
તપાસી લે તું ધન ત્હારૂં, હસાવી લે તું મન મ્હારૂં. ૧૦

ધરી છે મેં તને હૈયે, અરે એ ભૂલી કયમ જઇએ;
અસત્ સત્યે ન લોભાતી, ખરે માર્ગે ન સ્થોભાતી. ૧૧

હૃદય સાથે મ્હને તું લે, હૃદયહારી નયન બે દે;
ગણી લઉં મ્હારી એ વ્હાલી, બરોબર દઉં હસી તાલી. ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખરો છે આ જુવાનીનો, વહી જાતો જ રસભીનો;
ખુલ્લા દીસે જરૂર પીજા, અમર જોબનવતી ધ્વજા. ૧૩
પ્રિયા એ પ્રેમની થેલી, હવે ના થાતી મન મેલી;
બીજાની પ્રીત દે મેલી, જુવાનીવાળી અલબેલી. ૧૪
બીજા સ્વામી નથી સાચા, જરૂર છે સ્નેહ એ કાચા;
અરે અહિં આવ હૃદય લેલઉ, ખરા મંત્રો શીખાવી દઉં. ૧૫
ખરા ઉસ્તાદની ચેલી, પીયુના પ્રેમની ઘેલી;
ઝુકાવી લે અજીત જોડે, જીગર ત્હારૂં અતિ કોડે. ૧૬

મહેસાણા. મુનિ અજીતસાગર.

---

## “ एक शुकने. ”

( ૯૦ )

( ગઝલ. )

અરે હે પંખીડા પ્યારા, શ્રવણકર શબ્દ બે મ્હારા;
કહું છું હેતુએ ત્હારા, અદલ થા સત્યનો પંથી. ૧
વિમલ છે પ્રેમનું પિંજર, હૃદયના ભેદનો લય જ્યાં;
તહાં તું તો બિરાજી લે, અદલ હે સત્યના પંથી. ૨
દુ:ખદ આ વિશ્વને વગડે, બળે દાવાગ્નિની જવાલા;
તહાંથી તું બચી જાવા, અદલ થા સત્યનો પંથી. ૩
ભર્યાં છે ક્ષારનાં ઝાઝાં, સરોવરીઆં બહુ ઉંડાં;
તૃષા ત્હારી છીપાવાને, અદલ થા સત્યનો પંથી. ૪
અહીં હું પુષ્પની માળા, સુગંધી પુષ્પની ગાદી;
પહેરાવું બિરાજાવું, અદલ થા સત્યનો પંથી. ૫
સુધાસમ વારિડાં શીતલ, ત્હને હું પ્રેમથી પાઉં;
ખરા હે સત્યના શોધક, અદલ થા સત્યનો પંથી. ૬
ઘણા બાજો વને ભમતા, પલક માંહી વિદારે છે,
થવા નિર્ભય અહીં આવી, અદલ થા સત્યનો પંથી. ૭
ખરી છે પ્રેમની દોરી, નથી જ્યાં કુડ કપટ જરીએ;
અમર અન્થી અહી લેવા, અદલ થા પ્રેમનો પંથી. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી આ પારધી ભમતો, તરૂ ના કોટરોમા;
દ્વિજોનાં બાળુડાં પકડે, અતઃ થા પ્રેમનો પંથી. ૯
અહીંયાં વજ્રના સળીયા, વડે સુંદર રચ્યું પીંજર;
વળી માલેક હું ઉપર, બની જા પ્રેમનો પંથી.૧૦
વળી છે કષ્ટનાં ગાનો, મઝા સાથે અહીં ગાવાં;
ખરી લ્હેજત અનુભવવા, બની જા પ્રેમનો પંથી.૧૧
મ્હને તુંજ નેનની આંખી, થઈ છે શુભ દિવસથી જે;
ઉગ્યો ઈન્દુ વિમલ ગગને, બની જા પ્રેમનો પંથી.૧૨
સુખદ આ ચન્દ્રની ધોળી, વિમલ છે શાન્તિમય કાન્તિ,
અટલ આનન્દને લેવા, અદલ થા પ્રેમનો પંથી.૧૩
કલુષિત લોકના પ્રેમો, નથી આ પીંજરે પૂર્યાં;
જીગરની જીંદગી માટે, અદલ થા પ્રેમનો પંથી.૧૪
જીતે ના મોહના યોદ્ધા, અજીત સ્થાને અજીત થાવા;
અરે હે! સ્નેહના બાંધ્યા, બની જા પ્રેમનો પંથી.૧૫

પ્રેમ પન્થીનો હિતસ્વી.

---

## रोगग्रस्त शरीरनी अस्वस्थता.

( ૯૧ )

( ગઝલ. )

અરે દિલદર્દના સમયે, બને નહી કાંઈ પ્રાણીએ;
કરે શું કાર્યને અવળાં, દશાના રંગ મ્હાણી લે. ૧
પડે બુદ્ધિ થઈ બુઠી, સ્વધર્મે ના ગમન કરતી;
પડે નહિ ચેન કંઈ ચિત્તને, ધીરજતા ના ઠરી રહેતી. ૨
અરે મનમસ્તની કુસ્તાઈ, પડે ભાગી સહજમાંહી,
ગમે નહી મિત્રની વાર્તા, દરદઉદધિ નડે ત્યાંહી. ૩
ગમે નહી પ્યારના શબ્દો, મીઠા વાક્યો કડુ લાગે;
શાહુર વિણ સ્વસ્થતા સઘળી, પલકમાંહી પડી ભાગે. ૪
ગળે છે એ સમે જનની, હૃદયવૃત્તિ અહંકારી;
મીઠાં અન્નો નહી ભાવે, શકે નહી જીભ ઉચ્ચારી. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિવસ લાગે અરિ સરખો, નિશા લાગે અરિ સરખી;
વખત પણ જાય નહી કેમે, પીડે સુખ સૂત્રને ચરખી. ૬
હરાયે નહી ફરાયે નહી, જવાએ નહી હવા લેવા;
સ્મરાયે નહી વિચારોતો, સમય શાન્તિ તણા કેવા. ૭
પદો હસ્તો વિષે પીડા, નયનમાં આંસુની ધારા;
હૃદય ગભરાય શિરમાં તો, પડે છે ત્રાસરે પ્યારા ! ૮
સમજ લે જીવડા જાતે, થવાનું તે થવા દેને;
વિચારોના તરંગોને, જતા માર્ગે જવા દેને. ૯
ઉપાધિ વ્યાધિના વનમાં, મળે નહી શાન્તિનું પાણી;
જુલમ કારી વિચારો તો, પીલે જયમ તીલને ઘાણી.૧૦
પિતા ભ્રાતાજ રાગીને, ગુરૂ મિત્રોજ ત્યાગી ને;
પથારી પાસ આવીને, ઉદાસી ઉર લાવીને.૧૧
લગાવે હસ્તને શિરપર, વળી કોઇ ઇતર અંગે;
સખત છે વેદના કહેતા, ધવળ હર્ષો નીલારંગે.૧૨
જઇ એકાન્તમાં ગોષ્ઠિ, મળી સર્વે ચલાવે છે;
જઇ કોઈ દવા લાવે, તથા કોઈ વૈદ્ય લાવે છે.૧૩
વદે કોઇ ઉતારોને, નજર તો લાગી છે વસમી;
તથા બીજા વદે છે કે, પિશાચી ચોટ લાગી છે.૧૪
વળી કોઇ નથી બીજું, કરમનો વાંક બતલાવે;
ઘણાં બોલે રૂડું થાશે, પ્રભુની મહેર દર્શાવે.૧૫
વળી કોઈ ભીતર બ્હીતાં, છતાં પણ કોઇ કહી નાંખે;
અરે આ રોગ છે બીજો, યદા લજ્યા ઉદય રાખે૧૬
કરે કકલાટ એ સુણી, બધાઓ સત્ય એ વારે;
વચન લાગે વિષમભારી, દરદીને વજ્ર સમ ત્યારે.૧૭
વખત જો દુષ્ટ થાશે તો, અરે જીવ ! શી દશા થાશે;
કરેલાં દુષ્કૃતાર્થે તો, યમો આવી લઇ જાશે.૧૮
કહે જઇને અરે સ્વામી, નથી કીધું જીવે સારૂં;
કર્યાં છે દુષ્કૃતો જગમાં, ભ્રમે લાગ્યું વિષમ પ્યારૂં.૧૯
અરે દર્દી વિનાશક્તિ, કરે છે કાશની ભક્તિ;
પ્રભો ! ટાળો દરદ મારૂં, જરા આપો હવે શક્તિ.૨૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમારી ભક્તિ સંગાથે, લગન મ્હારી લગાડું છું;
કરી કંઇ સ્વાત્મ સાધનને, જીવાત્માને જગાડું છું. ૨૧
બધા સ્વાર્થી જગત ભેળો, કદી નહી સ્વાર્થને સાધું;
તથાપિ સ્વાર્થને સાધી, બીજાનો સ્વાર્થ આરાધું. ૨૨
ઘણા એ રીતના ઉભરા, ઉદય પામે વિલય પામે;
છતાં સારૂં થવાનું તો, કરમ ઇચ્છા તણા કાલે ૨૩
થયું કાંઇ ઠીક દિલમાંહી, વિમલ વિશ્વાસ પણ આવ્યો;
અજિત જીનરાજ ભજવાને, દરદીને માર્ગ દર્શાવ્યો ૨૪

દર્દીના પ્રેક્ષક.

# मूर्तिपूजन महिमा.

૯૨

( સવૈયા. )

મૂર્તિ તણો મહિમા છે મેટો, સમજે કોઇક સંસ્કારી,
મૂર્તિપૂજનથી પ્રાપ્ત થાય છે, સુંદર શિવપદની બારી;
એ મહિમા સમજાણો આજે, સદ્‌ગુરૂ બુદ્ધિસાગરથી,
એ માટે એઓના ચરણે, નમન કરૂં બે આ કરથી. ૧
મુસલમાન પણ મૂર્તિ પૂજે, મક્કામાં જઇ નેમથી,
ખ્રીસ્તીઓ પણ ફાંસી ફોટા, પૂજે ઇશુના પ્રેમથી;
ભક્તિમાર્ગી શ્રીરામચન્દ્ર કે, કૃષ્ણની પૂજે પ્રતિમાને,
કોઈ સદાશિવ કે હનુમતના, છબીના માને મહિમાને. ૨
પુત્રો પણ નિજ માતપિતાની, પ્રત્યક્ષ મૂર્તિને સેવે,
સુંદરી પણ નિજ સ્વામિ કેરી, મૂર્તિને તનમન દેવે;
આર્યસમાજી દયાનંદની, છબીનું ગૌરવ બહુ જાણે,
મૂર્તિપૂજક છે દુનિયાં સર્વે, મૂર્ખ મૂર્તિને નહિ માને, ૩
મૂર્તિ મૂળપુરૂષનાં ઉત્તમ, કાર્યો સંભારી દે છે,
મૂર્તિવાળાના મંદિર માંહિ, સુખકર સ્વચ્છ હવા રહે છે;
યોગશાસ્ત્રને જૈનાગમ તે, મૂર્તિ ખાસ વખાણે છે,
ચમત્કાર મૂર્તિના અદ્‌ભુત, જે જાણે તે માણે છે. ૪
વીર વાકય તો સૂત્રો માંહિ, પ્રતિમા પૂજય બતાવે છે,
સિદ્ધ પુરૂષ પણ મૂર્તિ કેરાં, ગાયન રૂડાં ગાવે છે;
મૂર્તિભેદ મ્હને સમજાણો, સદ્‌ગુરૂ બુદ્ધિસાગરથી,
અજીતસાગર થયો કૃતારથ, સદ્‌ગુરૂપદ શિર ધરવાથી. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्रीमद् बुद्धिसागरषष्टकमिदम् गुर्ज्जर भाषायाम्.

૯૩

( છંદ-ત્રિભંગી. )

જય નિત્ય ઉજાગર, કરૂણાના ઘર, વૈરાગિવર, ધર્માકર,
જય સુખના સાગર, અનુભવ આકર, જ્ઞાનસુધાધર, શિક્ષાકર;
જય શ્રેષ્ઠદશાધર, દીનદયાકર, સમતા સાગર, દીક્ષાધર ?
જય જય યોગાકર, બુદ્ધિસાગર, પૂર્ણપ્રભાકર, પ્રેમાકર. ૧

પ્રભુપદ નિવાસી, છો ગુણવાસી, અવિચળ પ્યાસી, વિશ્વાસી,
પ્રભુપંથ પ્રવાસી, વિભુ વિલાસી, વાણી સુધાશી, દેવાંશી;
તદ્દસ્થાન તપાસી, તજી ઉદાસી, ઉત્થ ઉલ્હાસી, શાંત્યાકર ?
જય જય યોગાકર, બુદ્ધિસાગર, પૂર્ણ પ્રભાકર, પ્રેમાકર. ૨

ગુરૂ ! મ્હને તમારી, પ્રેમ ખુમારી, લાગી ભારી, છે કારી,
હું જાઉં વિચારી, કરવા ન્યારી, ઉરમાં ધારી, આવારી;
પણ જાય ન પ્યારી, હૃદય વિહારી, અદ્ભુતકારી, અજરામર ?
જય જય યોગાકર, બુદ્ધિસાગર, પૂર્ણપ્રભાકર, પ્રેમાકર. ૩

છો શુભ સંસ્કારી, મદ મોહારિ, ધર્મપ્રચારી, ક્રોધારિ,
દુર્જન સંગારિ, દુર્ગુણહારિ, તત્ત્વાગારી, તૃષ્ણારિ;
ભગવત્ ભજનારી, વૃત્તિ તમારી, સદૈવસારી, ભજનાકર ?
જય જય યોગાકર, બુદ્ધિસાગર, પૂર્ણપ્રભાકર, પ્રેમાકર. ૪

જેની ચિતિ જળમાં, વસુધાતળમાં, પ્રાણિસકળમાં, ને ખળમાં,
વળી દાવનળમાં, તળ વિતળમાં, દ્રવ્ય સકળમાં, ને કળમાં;
જ્ઞાનીના દળમાં, રહિસહુ પળમાં, તે વિભુદિલમાં, તત્ત્વાકર ?
જય જય યોગાકર, બુદ્ધિસાગર, પૂર્ણપ્રભાકર, પ્રેમાકર. ૫

ધીરજ ધરનારા, પ્રભુ ભજનારા, તારણહારા, તરનારા,
બહુ કર્યા સુધારા, સુખ કરનારા, સંકટભારા, હરનારા;
બહુ ભકતાધારા, જય કરનારા, સદ્દગુરૂસારા, સ્નેહાકર !
જય જય યોગાકર, બુદ્ધિસાગર, પૂર્ણ પ્રભાકર, પ્રેમાકર. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only